RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE

લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૮૦ ફાગણ વદ - ૧૨    શનિવાર, તા.૦૬-૦૪-૨૦૨૪    અંક : ૨૦૯ વર્ષ : ૨૧    e-mail : sauaajtak@gmail.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# UPI થકી પણ રોકડ જમા કરાવી શકાશે : ATM કાર્ડની જરૂર નહી

## કેશલેસ ડિપોઝીટની દિશામાં સેન્ટ્રલ રિઝર્વ બેંકનો આ બીજો મોટો પ્રયાસ

મુંબઈ,

ભારતીય રીઝર્વ બેંકે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ની પ્રથમ સમીક્ષા બેઠકમાં UPIને લઈને મોટી જાહેરાત કરી છે. જો તમે પણ UPI નો ઉપયોગ કરતા હોવ તો ભવિષ્યમાં મોટી સગવડ મળી રહેશે. આ ફેસિલિટી હેઠળ ખૂબજ જલ્દીથી યુપીઆઈ થકી તમારા બેંક એકાઉન્ટમાં રોકડ જમા કરાવી શકશો.

RBI ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે, ખૂબજ ઝડપથી યુપીઆઈ થકી કેશ જમા કરાવવા માટે મશીનનો ઉપયોગ કરી શકાશે. જો કે આ સુવિધા અંગે વિગતવાર વર્ણન નથી. કેશલેસ ડિપોઝીટની દિશામાં



સેન્ટ્રલ રિઝર્વ બેંકનો આ બીજો મોટો પ્રયાસ છે. જણાવી દઈએ કે હાલમાં કેશલેસ ડિપોઝીટ ડેબિટ કાર્ડ દ્વારા જ કરવામાં આવી રહી છે. શક્તિકાંત દાસે જણાવ્યું હતું કે, આ સર્વિસ શરૂ થતા લોકોને રોકડ જમા કરાવવા માટે બેંકમાં જવાની જરૂર નહી રહે. જો બેંક તમારાથી દૂર હોય તો તમે UPI દ્વારા રોકડ જમા કરી શકશો. આ ઉપરાંત PPI (પ્રીપેડ પેમેન્ટ ઈન્સ્ટ્રુમેન્ટ્સ) કાર્ડધારકો માટે પણ પેમેન્ટ કરવાની સુવિધા પૂરી પાડવામાં આવશે. આ લોકોને થર્ડ પાર્ટી યુપીઆઈ એપ્સ દ્વારા યુપીઆઈ પેમેન્ટ કરવાની સુવિધા આપવાનો પણ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

જો UPI દ્વારા રોકડ જમા કરવાની ફેસિલિટી ઉપલબ્ધ થશે તો તમારે વોલેટમાં કોઈ જાતનું કાર્ડ રાખવાની જરૂર નહીં રહે. આ સાથે એટીએમ કાર્ડ રાખવા, ખોવાઈ જવા કે મેળવવાની સમસ્યા પણ દૂર થઈ જશે. જો તમારું એટીએમ કાર્ડ ચોરાઈ જાય અને તે બ્લોક કરાવ્યું હોય તો પણ તમને કેશ ડિપોઝીટ કરાવવાની સમસ્યા નહી રહે.

એટીએમમાં યુપીઆઈનો ઉપયોગ કરીને કાર્ડલેશ કેસ નિકાળવાની સફળતા બાદ હવે યુપીઆઈનો ઉપયોગ કરીને રોકડ જમા કરાવનાર મશીન(સીડીએમ)માં પૈસા જમા કરાવાની સુવિધા ઉપલબ્ધ કરાવવાનો પ્રસ્તાવ રજૂ કરાયો છે.અત્યાર સુધી રોકડ રકમ જમા કરાવવા કે નિકાળવા માટે ડેબિટ કાર્ડનો ઉપયોગ કરવામાં આવે છે પરંતુ હવે આ સુવિધા આવી જશે તો તમારે ડેબિટ કાર્ડની આવશ્યકતા નહી રહે. ખૂબ જ ઝડપી આરબીઆઈ એટીએમ મશીન પર યુપીઆઈની નવી સર્વિસ શરૂ કરી દેશે.

# રેપો રેટ ૬.૫ % યથાવત

નવીદિલ્હી,

ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે આજે પોલિસી રેટ અંગે મોનેટરી પોલિસી કમિટીના નિર્ણયની જાહેરાત કરી હતી. મોનેટરી પોલિસી કમિટીએ રેપો રેટ ૬.૫ ટકા યથાવત રાખ્યો છે.

RBI ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે મેક્રો ઈકોનોમિક સ્થિતિની સમીક્ષા કર્યા બાદ MPCએ રેપો રેટને સ્થિર રાખવા માટે બહુમતીથી નિર્ણય લીધો છે. MPCના ૬માંથી ૫ સભ્યોએ રેપો રેટમાં કોઈ ફેરફાર ન કરવાનો નિર્ણય લીધો હતો. RBIએ છેલ્લી સતત સાતમી વખત રેપો રેટ યથાવત રાખ્યો હતો. RBIની MPCની ત્રણ દિવસીય બેઠક ૩ એપ્રિલે શરૂ થઈ હતી, આ બેઠક દરમિયાન લેવામાં આવેલા નિર્ણયોની આજે પત્રકાર પરિષદમાં જાહેરાત કરવામાં આવી હતી.

રિઝર્વ બેંકના MPCએ છેલ્લે ૧૪ મહિના પહેલા ફેબ્રુઆરી ૨૦૨૩માં રેપો રેટમાં ફેરફાર કર્યો હતો. તે સમયે રેપો રેટ વધારીને ૬.૫૦ ટકા કરવામાં આવ્યો હતો. એ બાદથી રેપો રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

# રૂપાલાને ન હટાવતા હવે જોહર કરવાની જાહેરાત

## ક્ષત્રિયાણીઓએ બે દિવસના અલ્ટીમેટમ બાદ જોહર કરવાની તૈયારીઓ શરૂ કરી

અમદાવાદ,

ભાજપે પરશોત્તમ રૂપાલાને ન હટાવતા ક્ષત્રિયાણીઓએ બે દિવસના અલ્ટીમેટમ બાદ હવે જોહર કરવાની જાહેરાત કરી છે અને આ સાથે જોહર કરવાની તૈયારીઓ શરૂ કરી છે.

આ અંગે પ્રજ્ઞાબા ઝાલાએ વીડિયો જાહેર કરીને જોહરની જાહેરાત કરતા કહ્યું, ‘‘અમે જોહર કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે અને આજે મહેંદી મુકીશું.’’ આ સાથે પ્રજ્ઞાબા ઝાલાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વેધક સવાલ કર્યો કે રાજપૂતોનો ઈતિહાસ જાણતા હોવા છતાં તેમણે પરશોત્તમ રૂપાલાને કેમ નથી હટાવ્યાં. પરશોત્તમ રૂપાલામાં એવું શું છે કે મોદી સાહેબ દબાઈ રહ્યા છે.

# પાકિસ્તાનમાં જઈ ભારત આંતકીઓને કરે છે ઠાર

## ધ ગાર્ડિયને ભારતને લઈને કર્યો દાવો : વિદેશ મંત્રી જયશંકરે દાવો નકાર્યો

લંડન,

ભારત હવે આતંકવાદીઓને તેમની જ ભાષામાં જડબાતોડ જવાબ આપી રહ્યું છે. પાકિસ્તાનમાં એક પછી એક ‘દુશ્મન’ ખતમ થઈ રહ્યા છે. બ્રિટિશ અખબાર ધ ગાર્ડિયને આ અંગે રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારત સરકારે પાકિસ્તાનમાં આતંકીઓને મારવાનો આદેશ આપ્યો છે. ભારત સરકારે વિદેશી ધરતી પર વસતા આતંકવાદીઓને ખતમ કરવા માટે એક જોરદાર સ્ટ્રેટેજી બનાવી છે અને એ જ વ્યૂહરચનાનાં ભાગરૂપે પાકિસ્તાનમાં છૂપો ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. જો કે ધ ગાર્ડિયનના આ અહેવાલને ભારતના વિદેશમંત્રી એસ જયશંકરે નકારી કાઢી આ વાત તદ્દન ખોટી હોવાનું જણાવ્યુ છે.

ધ ગાર્ડિયન પોતાના રિપોર્ટમાં ભારતીય અને પાકિસ્તાની ગુપ્તચર અધિકારીઓને ટાંકીને મોટો દાવો કર્યો છે. રિપોર્ટમાં બંને દેશોના ગુપ્તચર અધિકારીઓની મુલાકાતો અને પાકિસ્તાની તપાસકર્તાઓ દ્વારા શેર કરાયેલા દસ્તાવેજોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે ભારતની ગુપ્તચર એજન્સી રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (RAW) એ ૨૦૧૯ (પુલવામા હુમલાની ઘટના) પછી રાષ્ટ્રીય સુરક્ષા માટે સાહસી અભિગમ અપનાવ્યો અને કથિત રીતે વિદેશમાં તેના દુશ્મનોને ખતમ કરવા માટે કાર્યવાહી કરવાનું શરૂ કર્યું છે.

વોશિંગ્ટન (અમેરિકા) અને ઓટાવા (કેનેડા)એ પણ ભારત પર આક્ષેપો કર્યા હતા. કેનેડાએ તેના પર શીખ આતંકવાદી અને અન્યની હત્યા કરવાનો આરોપ લગાવ્યો હતો. આમાં ભારતની ભૂમિકા પર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. એ જ રીતે ગયા વર્ષે અમેરિકાએ પણ તેના પર બીજા શીખ આતંકવાદીની હત્યાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો.

# દારૂનું કૌભાંડ ભાજપે કર્યું છે : સંજયસિંહ

### કેજરીવાલ વિરુદ્ધ ષડ્યંત્ર, AAP વિરુદ્ધ નિવેદન આપનાર મંગુટા હવે NDAમાંથી ચૂંટણી લડી રહ્યા છે




નવીદિલ્હી,

AAP નેતા અને રાજ્યસભાના સાંસદ સંજય સિંહે શુક્રવારે પ્રેસ કોન્ફરન્સ કરી અને દારૂ કૌભાંડ પાછળ ભાજપનો હાથ હોવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની એક ષડ્યંત્ર હેઠળ ધરપકડ કરવામાં આવી છે.ઈડીએ TDP સાંસદ મંગુટા રેડ્ડી અને તેમના પિતા રાઘવ રેડ્ડી પર દબાણ કરીને કેજરીવાલ વિરુદ્ધ નિવેદન નોંધવામાં આવ્યું છે.

સંજય સિંહે વધુમાં કહ્યું કે મંગુટા રેડ્ડી હવે વડાપ્રધાનની તસવીર લગાવીને ચૂંટણી લડી રહ્યા છે. ખરેખરમાં તેલુગુ દેશમ પાર્ટી એનડીએની સહયોગી પાર્ટી છે. સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળ્યા બાદ બુધવારે સાંજે સંજય સિંહને તિહાર જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતો. તેઓ છ મહિનાથી જેલમાં હતા. તિહાર જેલમાંથી મુક્ત થયેલા આમ આદમી પાર્ટીના નેતા અને સાંસદ સંજય સિંહ આજે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. તેમણે ભાજપ અને કેન્દ્ર સરકાર વિરુદ્ધ ઘણા મોટા ખુલાસા કર્યા હતા.

સંજય સિંહે કહ્યું કે એક વ્યક્તિ છે; મગુંટા રેડ્ડી, જેણે ૩ નિવેદન આપ્યાં, તેમના પુત્ર રાઘવ મગુંટાએ ૭ નિવેદન આપ્યાં.

# UPની ૧૬,૦૦૦ મદરેસાના ૧૭ લાખ વિદ્યાર્થીઓને રાહત

## હાઈકોર્ટના નિર્ણય પર સ્ટે : સુપ્રીમે કહ્યું- આટલા વિદ્યાર્થીઓને બીજી સ્કૂલમાં ટ્રાન્સફર કરવા યોગ્ય નથી

અલ્હાબાદ,

સુપ્રીમ કોર્ટે શુક્રવારે અલાહાબાદ હાઈકોર્ટના ’યુપી બોર્ડ ઓફ મદરેસા એજ્યુકેશન એક્ટ ૨૦૦૪’ને ગેરબંધારણીય જાહેર કરવાના નિર્ણય પર પ્રતિબંધ લગાવી દીધો છે. આ સાથે યુપી સરકાર પાસેથી જવાબ માગવામાં આવ્યો છે. કોર્ટનું કહેવું છે કે હાઈકોર્ટના નિર્ણયથી ૧૭ લાખ વિદ્યાર્થી પ્રભાવિત થશે. વિદ્યાર્થીઓને અન્ય શાળામાં ટ્રાન્સફર કરવાની સૂચના આપવી યોગ્ય નથી.

૨૨ માર્ચે અલાહાબાદ હાઈકોર્ટની લખનઉ બેંચે યુપી મદરેસા એક્ટને ગેરબંધારણીય જાહેર કર્યો હતો. કોર્ટે કહ્યું હતું કે આ ધર્મનિરપેક્ષતાના સિદ્ધાંતનું ઉલ્લંઘન છે. આ સાથે યુપી સરકારને એક સ્કીમ બનાવવા માટે કહેવામાં આવ્યું છે, જેથી મદરેસામાં ભણતા વિદ્યાર્થીઓને ઔપચારિક શિક્ષણ પ્રણાલીમાં સામેલ કરી શકાય. ચીફ જસ્ટિસ ડી. વાય. ચંદ્રચૂડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે અરજી પર સુનાવણી કરી હતી. આ કાયદો બિનસાંપ્રદાયિકતાનું ઉલ્લંઘન કરે છે એમ કહેવું ખોટું હશે. યુપી સરકારે હાઈકોર્ટમાં પણ આ એક્ટનો બચાવ કર્યો હતો.

૧૦ સપ્ટેમ્બર ૨૦૨૨થી ૧૫ નવેમ્બર ૨૦૨૨ દરમિયાન મદરેસાનો સર્વે કરવામાં આવ્યો હતો. આ સમય મર્યાદા બાદમાં ૩૦ નવેમ્બર સુધી લંબાવવામાં આવી હતી. આ સર્વેમાં રાજ્યમાં લગભગ ૮૪૪૧ મદરેસા મળી આવી હતી, જેને માન્યતા મળી નથી. મુરાદાબાદમાં સૌથી વધુ ૫૫૦ મદરેસા, બસ્તીમાં ૩૫૦ અને મુઝફ્ફરનગરમાં ૨૪૦ મદરેસા ગેરકાયદે મળી આવી હતી. રાજધાની લખનઉમાં ૧૦૦ મદરેસાને માન્યતા મળી નથી. આ સિવાય પ્રયાગરાજ-મઉમાં ૯૦ મદરેસા, આઝમગઢમાં ૧૩૨ અને કાનપુરમાં ૮૫થી વધુ મદરેસા માન્યતા વગર મળી આવી હતી.

# કોંગ્રેસનો ૨૫ ગેરંટીવાળો ચૂંટણી ઢંઢેરો જાહેર

### મજૂરોને રોજના ૪૦૦ અને ગરીબ પરિવારની મહિલાઓને વાર્ષિક ૧ લાખ રૂપિયા : ૩૦ લાખ જગ્યાએ ભરતીની જાહેરાત




નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસે શુક્રવારે એટલે આજે પોતાનો ઘોષણા પત્ર જાહેર કર્યો છે. દિલ્હીમાં કોંગ્રેસ મુખ્યાલયમાં સોનિયા, રાહુલ, ખડગે અને મેનિફેસ્ટો કમિટીના અધ્યક્ષ પી ચિદંબરમે ૫ ન્યાય અને ૨૫ ગેરંટીનું એલાન કર્યું છે. પાર્ટીના ઘોષણા પત્રમાં મજૂરોને દિવસના ૪૦૦ રૂપિયા અને ગરીબ પરિવારની મહિલાઓને વાર્ષિક ૧ લાખ રૂપિયા આપવા અને MSPને કાયદો બનાવવાનો ઉલ્લેખ છે.

કોંગ્રેસે પોતાના મેનિફેસ્ટોમાં યુવા, મહિલા, મજૂર અને ખેડૂતો પર ફોકસ કર્યું છે. આ બધા વર્ગો માટે વિવિધ પ્રકારની સ્કીમનું વચન આપ્યું છે. પાર્ટીએ કહ્યું છે કે તેમનો ઘોષણા પત્ર વર્ક, વેલ્થ અને વેલફેર પર આધારિત છે.

# ઉરી સેક્ટરમાં ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ : બે આતંકી ઠાર

શ્રીનગર,તા.૫

ભારતીય સેનાએ ફરી એકવાર આતંકવાદીઓની યોજનાને નિષ્ફળ બનાવી છે. સેનાએ જમ્મુ-કાશ્મીરના ઉરી સેક્ટરમાં અંકુશ રેખાના રૂસ્તમ પોસ્ટ વિસ્તારમાં ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે. સેનાની કાર્યવાહીમાં બે આતંકવાદી માર્યા ગયા છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ આ વિસ્તારમાં આતંકીઓનું એક જૂથ ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યું હતું. આ દરમિયાન સેનાની જવાબી કાર્યવાહીમાં એક આતંકી



માર્યો ગયો હતો. અન્ય આતંકીઓને શોધવા માટે વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલુ છે.

સેનાએ જમ્મુ-કાશ્મીરના ઉરીમાં આતંકીઓની ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે. હાલમાં સેના આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. અત્યાર સુધી મળેલી માહિતી મુજબ સેનાએ ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા એક આતંકીને પણ ઠાર કર્યો છે.

સેના સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર ભારતીય સેના અને જમ્મુ-કાશ્મીર પોલીસે સબુરા નાલા ઉરી સેક્ટરમાં ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે. આજે વહેલી સવારે સૈનિકો અને આતંકવાદીઓ વચ્ચે સંપર્ક સ્થાપિત થયો હતો અને ઓપરેશન હજુ પણ ચાલુ છે. આ વિસ્તારમાં હજુ પણ ફાયરિંગ ચાલુ છે.

# શિમલા-કાંગડા સહિત હિમાચલ પ્રદેશના છ જિલ્લામાં ભૂકંપના આંચકા, રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૫.૩ હતી

શિમલા,તા.૫

હિમાચલ પ્રદેશના શિમલા, ચંબા, કાંગડા, મંડી, કુલ્લુ અને હમીરપુર જિલ્લામાં ગુરુવારે રાત્રે ૯:૩૫ કલાકે ભૂકંપના હળવા આંચકા અનુભવાયા હતા. અચાનક આવેલા આંચકા બાદ લોકો ઘરની બહાર નીકળીને ખુલ્લી જગ્યાઓ પર પહોંચી ગયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૫.૩ આંકવામાં આવી હતી. જો કે, આ જિલ્લાઓમાં કોઈ જાનહાનિની માહિતી નથી. ડેપ્યુટી કમિશનર ચંબા મુકેશ રેપ્સવાલે જણાવ્યું હતું કે ભૂકંપના કારણે જિલ્લામાં કોઈ જાનહાનિ કે સંપત્તિનું નુકસાન થયું નથી.

કુલ્લુ અને લાહૌલ ખીણમાં એક પછી એક ભૂકંપના અનેક ઝટકા અનુભવાયા. રાત્રે ૯:૩૫ વાગ્યાની આસપાસ આવેલા ભૂકંપના ત્રણથી ચાર આંચકા બાદ લોકો ઘરની બહાર નીકળી ગયા હતા. કીલોંગમાં ભારે ઠંડીમાં લોકો પોતાના બાળકો સાથે બહાર આવ્યા હતા. જ્યારે મનાલી અને કુલ્લુમાં લોકો ઘરની બહાર આવી ગયા હતા. ગુરદેવ કુમારે કહ્યું કે તે પોતાની પૌત્રી સાથે ઘરની બહાર આવ્યો હતો. એડીએમ કુલ્લુ અશ્વની કુમારે જણાવ્યું કે ભૂકંપના આંચકા અનુભવાયા છે.

# NCERTના ધો. ૧૨ના અભ્યાસક્રમમાંથી દૂર કરાયો બાબરી ધ્વંસ

## પોલિટિકલ સાયન્સ બુકમાં ’લોકશાહી અધિકાર’ નામના પાંચમા પ્રકરણમાં ગુજરાત રમખાણો સહિતનો ઉલ્લેખ દૂર

નવીદિલ્હી,

નેશનલ કાઉન્સિલ ફોર એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT) એ ધોરણ ૧૨ ની પોલિટિકલ સાયન્સ બુકમાં ઘણા ફેરફારો કર્યા છે. પુસ્તકમાંથી બાબરી મસ્જિદ, હિંદુત્વની રાજનીતિ, ૨૦૦૨ના ગુજરાત રમખાણો અને લઘુમતીઓ સંબંધિત કેટલાક સંદર્ભો હટાવી દેવામાં આવ્યા છે. નોંધનીય છે કે, આ પુસ્તક શૈક્ષણિક સત્ર ૨૦૨૪-૨૫ થી લાગુ કરવામાં આવશે. તાજેતરના વર્ષોમાં પુસ્તકોમાંથી ઘણા સંવેદનશીલ વિષયો દૂર કરવામાં આવ્યા છે.

NCERTએ તેની વેબસાઈટ પર આ ફેરફારો જાહેર કર્યા છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) સાથે સંલગ્ન શાળાઓમાં NCERT પુસ્તકો ભણાવવામાં આવે છે. દેશમાં આ બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત શાળાઓની સંખ્યા લગભગ ૩૦ હજાર છે. CBSE બોર્ડની શાળાઓ ભારતના લગભગ દરેક ભાગમાં હાજર છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે અન્ય રાજ્યોના બોર્ડના પુસ્તકોમાં પણ આવા ફેરફારો જોવા મળે છે.

એક ખાનગી મીડિયાના અહેવાલ મુજબ ’ભારતીય રાજનીતિઃ ન્યૂ ચેપ્ટર’ નામના પોલિટિકલ સાયન્સના આઠમા પ્રકરણમાં ’અયોધ્યા ધ્વંસ’નો સંદર્ભ હટાવી દેવામાં આવ્યો છે. પ્રકરણમાં ’રાજકીય ગતિવિધિની પ્રકૃતિ માટે રામજન્મભૂમિ આંદોલન અને અયોધ્યા ધ્વંસનો વારસો શું છે?’ તેને બદલીને ’રામ જન્મભૂમિ આંદોલનનો વારસો શું છે?’ કરવામાં આવ્યું છે. NCERTનું કહેવું છે કે, આવું એટલા માટે કરવામાં આવ્યું છે જેથી પ્રશ્નોના જવાબોને નવા ફેરફારો સાથે જોડી શકાય.

# ઈરાનમાં સુરક્ષા દળો પર આતંકી હુમલો, ૨૭ના મોત

(જી.એન.એસ)ઈરાન,,તા.૦૫

ઈરાનમાં સુરક્ષા દળો પર થયેલા આતંકવાદી હુમલામાં ઓછામાં ઓછા ૨૭ લોકોના મોત થયા છે. આ હુમલો દક્ષિણ-પૂર્વ ઈરાનના સિસ્તાન-બલુચિસ્તાન પ્રાંતમાં બે જગ્યાએ રિવોલ્યુશનરી ગાર્ડના મુખ્યાલય પર કરવામાં આવ્યો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર માર્યા ગયેલા લોકોમાં ૧૧ ઈરાની સૈનિકો અને ૧૬ અન્ય લોકો સામેલ છે. વાસ્તવમાં, રાજ્ય મીડિયાએ ગુરુવારે જણાવ્યું હતું કે સુન્ની મુસ્લિમ આતંકવાદીઓએ દક્ષિણ-પૂર્વ પ્રાંત સિસ્તાન-બલુચિસ્તાનમાં ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સ હેડક્વાર્ટર પર હુમલામાં ઓછામાં ઓછા ૧૧ ઈરાની સુરક્ષા દળો સહિત ૨૭ લોકોની હત્યા કરી હતી.

સૌરાષ્ટ્ર આજતક

# સાવરકુંડલામાં મકાનમાં આગ લાગી, એકનું મોત



સાવરકુંડલાઃ સાવરકુંડલાના નેસડી રોડ પર પાણીના ટાંકા પાસે આવેલા એક મકાનમાં ભીષણ આગ લાગી હતી. ભાડાના મકાનમાં રહેતા ૫૬ વર્ષીય ઈન્દ્રજીતસિંહ દલપતસિંહ રાઠોડનું દુઃખદ અવસાન થયું હતું. ઈન્દ્રજીતસિંહ રાઠોડ ભુંગળા વેફરનો ધંધો કરતા હતા. સાવરકુંડલા નગરપાલિકાની ફાયર ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી અને આગ ઉપર કાબુ મેળવ્યો. આગ લાગવાનું કારણ હજુ સુધી અકબંધ છે. નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, ચેરમેન અશોકભાઈ ચૌહાણ, ભાવેશભાઈ કવા, કિશોરભાઈ બુહા અને ભુપતભાઈ પાનસુરીયા આગ લાગવાની જાણ થતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ફાયર ટીમના સુપરવાઈઝર જયરાજભાઈ ખુમાણ અને તેમની ટીમે ગણતરીના મિનિટોમાં આગ ઉપર કાબુ મેળવી લીધો હતો. પોલીસની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને વધુ તપાસ શરૂ કરી હતી સાવરકુંડલા નગરપાલિકા હોદ્દેદારશ્રીઓ અને ફાયર ટીમે ભારે જહેમત બાદ આગ પર ઝડપથી કાબુ મેળવી લીધો હતો. આ માહિતી પ્રાથમિક તપાસના આધારે છે તેમ સતીષ પાંડેએ એક યાદીમાં જણાવ્યું હતું.

# ૭ વર્ષની દીકરી ઉપર દિવાલનો પીલોર ધરાશાઈ થતા મોત, પરિવારજનોમાં શોક



કૈલૈશ ભટ્ટ ઉનાઃ કરેણી ગામે નવાપરા વિસ્તારમાં રહેતી ૭ વર્ષની દીક્ષિતાબેન માનસિંગભાઈ ચુડાસમા આ દીકરી પોતાના ઘરની પાસે આવેલ મકાનના પહેલાં માળે દીવાલની પિલોર પરનું ચણતર કામ અધૂરું હોય ત્યાં રમતી હતી. એ દરમ્યાન પિલોર પરથી મોટા પથ્થર અચાનક તેમનાં ઉપર ધરાશાઈ થતા આ દીકરીને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા લોહીલોહાણ હાલતમા ઢળી પડેલ હતી. અને તેની જાણ તેમનાં પરિવારજનોને થતા તાત્કાલિક ઉના સરકારી હોસ્પિટલે સારવાર અર્થે ખસેડવામાં આવેલ ત્યાં સારવાર મળે તે પહેલાજ તેમનું મોત નિપજ્યુ હતું. આ દિકરીનાં મોતને લઈ સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. દીકરીના મોતથી તેમના પરીવારજનોમાં ભારે શોક પ્રસરી ગયેલ હતો.

# ઉનામાં ગોંદરા ચોક વિસ્તારમાં અજાણ્યા વૃદ્ધ ભિક્ષુકનો મૃતદેહ મળી આવ્યો



ઉનાઃઉના શહેરમાં ગોંદરા ચોક વિસ્તારમાં આવેલ દુકાનના ઓટલા ઉપર એક અજાણ્યા વૃદ્ધ ભિક્ષુક મૃત હાલતમાં હોવાની જાણ હિન્દુ યુવા સંગઠનને થતા સેવાભાવી યુવાનોએ તાત્કાલિક આ અજાણ્યા ભિક્ષુકનો મૃતદેહને સરકારી હોસ્પિટલે પીએમ અર્થે ખસેડવામાં આવેલ હતો. જોકે આ અજાણ્યા ભિક્ષુક વૃદ્ધ કોણ અને ક્યાંના છે તે જાણવા મળ્યું નથી. અને તેની ઓળખ માટે ઉના પોલીસે તપાસ હાથ ધરેલ છે. હિન્દુ યુવા સંગઠન ભારત ગૌ રક્ષક દળ મહાકાલ ઓફીસ પર એક દુકાનદાર દ્વારા જાણ કરવામાં આવેલ હતી. કે અમારી દુકાન ખોડલ ધામ ગોંદરા ચોક પાસે દુકાનનાં પગથિયાનાં ઓટલા પર રોજ એક ભિક્ષુક સુવે છે. અને આજે અમે બોલાવતા હલન ચલન કરેલ નહિ. જેથી તાત્કાલિક હિન્દુ યુવા સંગઠન ભારતની સેવા ભાવી યુવાનોની ટીમ ઘટના સ્થળે દોડી ગયેલ હતા.

અને ત્યાં તપાસ કરતા અજાણ્યા વૃદ્ધ ભિક્ષુક મૃત હાલતમાં પડેલ હોય તેની જાણ તાત્કાલિક પોલીસ સ્ટેશનમાં કરવામાં આવેલ હતી. અને હિન્દુ યુવા સંગઠન મહેશભાઈ બારૈયા, અજયભાઇ બાંભણીયા, સંદીપભાઈ બાંભણીયા, દિલિપભાઈ મૈયા, લાલજીભાઈ બારૈયા, કાર્તિકભાઈ બારૈયા, અમરબાપૂ ગોસાઈ, દેવ બારડ સહીત યુવાનોએ અજાણ્યા ભિક્ષુકમાં મૃતદેહને ઉના સરકારી હોસ્પિટલે પી એમ અર્થે ખસેડવામાં આવેલ હતો. આમ સમાજ સેવા એજ પ્રભુ સેવા એવા હિન્દુ યુવા સંગઠન ભારત ઉના ટીમના સેવા ભાવી યુવાનોએ આ માનવતાનું ઉદાહરણ પુરૂ પાડ્યું હતું. આ અજાણ્યા ભિક્ષુક વૃદ્ધનું મોત બીમારી થી કે પછી કોઈ કારણોસર થયું તે અંગે જાણવા મળેલ નથી. તેની ઓળખ માટે પોલીસે તપાસ હાથ ધરેલ છે.

# ધી કરૂર વૈશ્ય બેંક લી. દ્વારા રિઝર્વ બેંકની ગાઈડલાઈનનું ઉલ્લંઘન

## લોન પ્રોસેસીંગ ચાર્જની ઉધારવામાં આવેલ રકમ ગેરકાયદેસર ઠેરવતી સ્મોલ કોઝ કોર્ટ

રાજકોટઃ હાઈટેક સીરામીક ઈન્ડ.ના નામે વર્ષોથી સીરામીકને લગતી આઈટમના ઉત્પાદનને લગતો વેપાર-ધંધો કરે છે. વાદીને તેમના વેપાર ધંધા માટે નાણાની જરૂરીયાત હોવાથી તેઓએ પ્રતિવાદી ધી કરૂર વૈશ્ય બેંક લી., રાજકોટ પાસેથી લોન મેળવવા માટે માટે અરજી કરેલ હતી. સદરહું અરજીના અનુસંધાને પ્રતિવાદી ધી કરૂર વૈશ્ય બેંક લી., રાજકોટ દ્વારા અલગ અલગ પ્રકારની લોન મંજુર કરવામાં આવેલ હતી.જે લોન પૈકી વાદીએ રૂા.૭૪,૪૦,૦૦૦ અંકે રૂપિયા ચીમેતેર લાખ પચાસ હજાર પુરાની લોનનો ઉપયોગ કરેલ હતો તથા પ્રતિવાદી દ્વારા જે એસ.ઓ.ડી સેકશન કરેલ હતી. તેનો વાદીએ જરૂરીયાત મુજબ ઉપયોગ કરેલ હતો. સદરહું લોનના હપ્તા વાદી નિયમીત રીતે ભરપાઈ કરી આપતા હતા. ત્યારબાદ વાદીએ પ્રતિવાદી પાસેથી જે લોન લીધેલ હતી તે સૂવર્ણ લોન વાદીએ ભરપાઈ કરી આપેલી. જે સંબંધે પ્રતિવાદી બેંક દ્વારા વાદીને એન.ઓ.સી. પણ આપવામાં આવેલ છે.ત્યારબાદ વાદીએ કોઈપણ પ્રકારની લોન આ કામના પ્રતિવાદી પાસેથી મેળવેલ નથી. પરંતુ, પ્રતિવાદી દ્વારા વાદીના ખાતામાંથી વાદીની કોઈપણ પ્રકારની પરવાનગી મેળવ્યા વગર તથા વાદીની જાણ બહાર અલગ અલગ પ્રકારના ખોટા ચાર્જીસ લગાડી કુલ રકમ રૂા.૩,૬૧,૯૭૬ અંકે રૂપિયા ત્રણ લાખ એકસઠ હજાર નવસો છોતેર પુરા ગેરકાયદેસર રીતે ઉધારવામાં આવેલ. સદરહું કાનુની નોટીસનો પ્રતિવાદી દ્વારા ખોટી અને બનાવટી હકીકતો વાળો જવાબ પાઠવવામાં આવેલ.જેથી વાદીએ ચીફ સ્મોલ કોઝ કોર્ટ જજની કોર્ટમાં આ દાવો દાખલ કરેલ. ત્યારબાદ વાદી તરફે તેમના પુરાવા દરમ્યાન રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની ગાઈડલાઈન રજુ કરવામાં આવેલ. જેમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ છે કે, બેંક દ્વારા જે કોઈ લોન પ્રોસેસીંગ ચાર્જીસ વસુલવામાં આવનાર હોય તેવા તમામ ચાર્જીસની ચોકકસ રકમનો ઉલ્લેખ લોન એપ્લીકેશન ફોર્મમાં કરવો ફરજીયાત છે.પરંતુ હાલના આ કેસમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ગાઈડલાઈન વિરૂધ્ધ જઈ બેંક દ્વારા ગેરકાયદેસર રીતે પ્રોસેસીંગ ચાર્જીસ વસુલ કરેલ. સ્મોલ કોઝ કોર્ટ દ્વારા રૂા.૩,૬૧,૯૭૬ અંકે રૂપિયા ત્રણ લાખ એકસઠ હજાર નવસો છોતેર પુરા વાર્ષિક ૦૬%ના વ્યાજ સહીત દાવો દાખલ થયા તારીખથી વાદીને પરત ચુકવવાનો પ્રતિવાદી ધી કરૂર વૈશ્ય બેંક લી. વિરૂધ્ધ મહત્વનો હુકમ કરેલ છે.

# ગીર-સોમનાથ કલેક્ટરે નિર્ભયતાપૂર્વક લોકો મતાધિકારનો ઉપયોગ કરે તે માટે સંવેદનશીલ બુથોની મુલાકાત લીધી

## તાલાલા ચોકડીથી ઈણાજ સુધી મતદાન જાગૃતિ રેલી પણ યોજાઈ



ગીર-સોમનાથઃ ગીર-સોમનાથ,તા.૪, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજા આજે સતત બીજા દિવસે લોકસભાની આગામી ચૂંટણી નિર્ભયતાપૂર્વક અને મુક્ત તથા ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે જિલ્લાના વિવિધ ગામોના સંવેદનશીલ બુથ અને મહિલા મતદાતાઓની ટકાવારી ઓછી ધરાવતા ગામોની મુલાકાત લીધી હતી.કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાએ વિવિધ ગામોના સંવેદનશીલ મતદાન મથકો અને મહિલાઓના ઓછા મતદાન ધરાવતા ગામોમાં મુલાકાત લઈને લોકો સાથે સંવાદ કરતાં જણાવ્યું હતું કે, લોકો ધર્મ, વંશ, જ્ઞાતી, જાતી, ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનથી પ્રભાવિત થયા વિના નિર્ભયતાપૂર્વક મતદાન કરી લોકશાહીની પ્રક્રિયામાં મતાધિકારનો ઉપયોગ કરીને જોડાય તે સમયની માંગ છે. કલેક્ટરશ્રીએ આજે તાલાલા ચોકડી થી ઈણાજ સુધી મતદાન જાગૃતિ રેલીમાં જોડાવા સાથે ગોવિંદપરા, ઈણાજ, મોરાજ, સેમરવાવ, ઘુસીયા, તાલાલા, ગુંદરણ, માધુપુર ગીર સહિતના ગામોમાં મુલાકાત લઈને ઉભા કરવામાં આવેલા મતદાન મથક ખાતેની સ્વચ્છતા, મતદાન મથક ખાતે ઉભી કરવામાં આવેલી સગવડોની જાત માહિતી મેળવી હતી. કલેક્ટરશ્રીએ તાલાલામાં શાકભાજી બજારમાં લોકો તથા વેપારીઓને ચૂંટણીના આ મહાપર્વમાં સામેલ થવા માર્ગદર્શિત કર્યા હતાં. તેમજ તાલાલા બસ સ્ટેશન થી સરદાર ચોક સુધી મતદાન જાગૃતિના પોસ્ટર અને બેનર સાથે ફ્લેગમાર્ચ યોજી હતી. તેમણે ઘુંસિયા ગામે મતદાન જાગૃતિ માટેના સાઈન બોર્ડમાં સહી કરી હતી. માધુપુર ખાતે ઉભા કરવામાં આવેલા સેલ્ફી પોઈન્ટ, રંગોળી સહિતની મતદાર જાગૃતિની તેમણે સરાહના કરી હતી.જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્નેહલ ભાપકરે મહિલાઓના ઓછા મતદાન ધરાવતા ગામોમાં મહિલા મતદારો સાથે સંવાદ કરીને જણાવ્યું હતું કે, લોકશાહીના મહાપર્વમાં મહિલાઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીના પાયાને વધુ મજબૂત બનાવે ઉત્સાહભેર મતદાન કરવા માટે આગળ આવે. મતદાન જાગૃતિ માટેના આ અભિયાન દરમિયાન નાયબ પોલીસ અધિક્ષક શ્રી વી.આર.ખેંગાર, પ્રાંત અધિકારી શ્રી વિનોદ જોશી, નાયબ કલેક્ટર શ્રી ભૂમિકા વાટલિયા, પી.આઈ. શ્રી એમ.વી.પટેલ, એસ.વી. સિંધવ, વેરાવળ નગરપાલિકાના ચીફ ઓફિસર શ્રી ચેતન ડૂડિયા, તાલાલા નગરપાલિકાના ચીફ ઓફિસર શ્રી વિનોદ રાઠોડ, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એમ.પી.બોરિચા સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ તથા પોલીસ સ્ટાફ જોડાયો હતો.

# સિંહની સુરક્ષા માટે મૂકવામાં આવેલ બોર્ડમાં વન વિભાગના અધિકારીના નામ મોબાઈલ નંબર લખવા માંગ




સાવરકુંડલાઃ વન્ય પ્રાણી સિંહની સુરક્ષા માટે વન વિભાગે વન્યપ્રાણી જાહેર માર્ગો ઉપર ગેરકાયદે સિંહ દર્શન કરનારાઓને જે તે વિસ્તારમાં લોકોની જાગૃતિ માટે જે બોર્ડ મૂક્યા છે તેમાં જે તે વિસ્તારના વન વિભાગના તમામ જવાબદાર અધિકારીઓના મોબાઈલ નંબર, હેલ્પ લાઈન નંબરો લખવા બાબતે જવાબદાર અધિકારીઓને ભીખુભાઈ બાટાવાળાએ લેખિતમાં વન્ય પ્રાણીની સુરક્ષા માટે માગણી કરી.. વન્ય પ્રાણી રક્ષિત વિસ્તારમાં રોડ ઉપરના બોર્ડમાં ગીર તથા રેવન્યુ વિસ્તારમાં લોકજાગૃતિ તેમ જ વન્ય પ્રાણીઓના રક્ષણ સાથે એશિયાની આન બાન અને શાન સમા સિહોના ગેરકાયદે સિંહ દર્શન રોકવા વન વિભાગ દ્વારા માર્ગ મકાન સ્ટેટ નેશનલ હાઈવે સહિતના રોડ ઉપર જાહેર બોર્ડ મૂકવામાં આવેલ છે તે સરાહનીય અને અભિનંદન પાત્ર છે. સિહોની વ્યાપક વસ્તીવાળા વિસ્તારમાં પણ બોર્ડ મૂકી ગેરકાયદે સિંહ દર્શન કરનારાઓને રોકવા માટે તમામ વિસ્તારમાં બોર્ડ મૂકવામાં આવેલ છે જે તે વિસ્તારના ડી, સી, એફ , એસ, સી, એફ, આર, એફ, ઓ તેમજ ફોરેસ્ટરના નામ સાથે તમામના મોબાઈલ નંબર તેમજ ઈમરજન્સી નંબર તથા હેલ્પલાઈન નંબર ૧૯૨૬ પણ લખવામાં આવે તો ગેરકાયદે સિંહ દર્શનની માહિતી જાગૃત નાગરિકો પર્યાવરણ પ્રેમીઓ સ્થાનિક રહીશો તેમજ વાડી માલિકો વન વિભાગને જાણ કરી શકે તો જ ગેરકાયદે સિંહ દર્શન રોકવામાં મદદરૂપ સાબિત થઈ શકે.

# રેશનકાર્ડમાં ફેસ ઓથેન્ટિકેશન -ઈ કે.વાય.સી. હવે ìMY RATIONî મોબાઈલ એપથી થઈ શકશે

## રાશનકાર્ડ ધારકો જાતે સરળતાથી જ કરી શકશે ફેસ ઓથેન્ટિકેશન- e-KYC રાશનકાર્ડ સાથે આધારકાર્ડનો નંબર લિંક હોવો જરૂરી

અમરેલીઃ હાલ રાશનકાર્ડ ધારકોની e-KYC કામગીરી ચાલી રહી છે, ત્યારે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા – ૨૦૧૩ (N.F.S.A.) હેઠળ નોંધાયેલા તમામ લાભાર્થીઓ ìMY RATIONî મોબાઈલ એપથી ઘરે બેઠા જ ìFACE AUTHENTICATION આધારિત e-KYC” કરી શકશે. આ પ્રક્રિયા સરળ છે અને લાભાર્થીઓ પોતાના સ્માર્ટફોનમાં એપ ડાઉનલોડ કરીને આ પ્રક્રિયા કરી શકશે. આ માટે રાશનકાર્ડ સાથે આધારકાર્ડ લિંક હોવું જરૂરી છે.

રાશનકાર્ડ ધારકો ફેસ ઓથેન્ટિકેશન આધારિત ઈ-કે.વાય.સી. કરવા ìMYRATIONî મોબાઈલ એપ PLAY STORE જઈને ડાઉનલોડ કરવી. પછી હોમ પેજ પર ડાબી બાજુ ઉપર દેખાતી ત્રણ આડી લાઈનવાળા ચિહ્ન પર ક્લિક કરવું. એ પછી “પ્રોફાઈલ” પર ક્લિક કરવાથી ઓપન થતા પેજમાં “તમારું રાશનકાર્ડ લિંક કરો” વિકલ્પ આવશે. તેને પસંદ કરીને, રાશનકાર્ડ નંબર અને આધારકાર્ડના છેલ્લા ચાર આંકડા નાખી “તમારું રાશનકાર્ડ લિંક કરો” પસંદ કરવાનું રહેશે.એ પછી ઓપન થતા પેજ પર “હું સંમતિ સ્વીકારું છું” ચેક બોક્સ પસંદ કરી “આધાર ઓટીપી જનરેટ કરો” પર ક્લિક કરવું. જેનાથી જનરેટ થયેલો ઓટીપી દાખલ કરી “ઓટીપી ચકાસો” પર ક્લિક કરવું. આ પ્રક્રિયા પૂર્ણ થતાં ìRation Card Linked Successfully, You Can Update D™ails Ņ (તમારું રેશનકાર્ડ સફળતાપૂર્વક લિંક થઈ ગયું છે)” - તેવો મેસેજ સ્ક્રીન પર દેખાશે. મહત્વનું છે કે, ìMY RATIONî એપ્લીકેશનમાં રાશનકાર્ડ લિંક થયા બાદ Face based e-KYC કરવા માટે મોબાઈલ બંધ કરી ફરી ઓપન કરવી જરૂરી છે.

e-KYC કરવા માટે રાશનકાર્ડમાં નોંધાયેલા જે સભ્યના આધાર નંબર રાશનકાર્ડમાં સીડ થયેલા હશે, એવા જ સભ્યો એપ દ્વારા e-KYC કરી શકશે.

ìMY RATIONî એપના હોમપેજ પરના આધાર e-KYC મેનુ સિલેક્ટ કરવાથી સ્ક્રીન પર દેખાતા ìDownload AadhaarFaceRd APPî પર ક્લિક કરવાથી એપ્લીકેશન ડાઉનલોડ થયા પછી FACE AUTHENTICATION કરવા માટે આપેલી સૂચનાઓ ધ્યાનથી વાંચી જવી. પછી ચેક બોક્સ પસંદ કરી “કાર્ડની વિગતો મેળવો ” પર ક્લિક કરવાનું રહેશે.

ત્યારબાદ રેશનકાર્ડ ચકાસી અને સ્ક્રીન પર દેખાતો કોડ દાખલ કરી “કાર્ડના સભ્યોની વિગતો મેળવો (સ્ટેપ -૧)” ક્લિક કરવાથી “આધાર ી-KYC માટે સભ્ય પસંદ કરો” પર ક્લિક કરી, જે સભ્યનું e-KYC કરવાનું હોય તેનું નામ પસંદ કરવાનું રહેશે. ત્યારબાદ “આ સભ્યમાં આધાર e-KYC કરો (સ્ટેપ -૨)” પર ક્લિક કરવાથી મોબાઈલના સ્ક્રીન પર પ્રદર્શિત થતી સમંતિ કાળજીપૂર્વક વાંચી અને “હું સંમતિ સ્વીકારું છું” ચેક બોક્ષ પર ક્લિક કરવાનું રહેશે.

ત્યારપછી “ઓટીપી જનરેટ કરો (સ્ટેપ -૩)” પર ક્લિક કરવાથી આધારકાર્ડ સાથે લિંક થયેલ મોબાઈલ નંબર પર આવેલો ઓટીપી દાખલ કરી “ઓટીપી ચકાસો (સ્ટેપ -૪)” પર ક્લિક કરવાથી ચહેરો કેપ્ચર (Face Cpture) કરવા માટે કેમેરો ઓપન થશે.

FACE AUTHENTICATION વખતે સ્ક્રીન પર દેખાતો તમારો ચહેરો કેમેરા સામે સીધો રાખો, આંખ પટપટાવો જેવી સૂચનાઓને અનુસરવાનું રહેશે. ચહેરો સફળતાપૂર્વક કેપ્ચર થયા બાદ સ્ક્રીન પર આધારકાર્ડની વિગતો જેમ કે, જન્મ તારીખ, જાતિ, નામ, સરનામું દેખાશે. e-KYC ની મંજુરી માટે વિગતો મોકલવા માટે “મંજુરી માટે વિગતો મોકલો” ઓપ્શન પર ક્લિક કરવાથી અરજી મંજુરી માટેની વિનંતી સંબંધિત પુરવઠા કચેરીને પહોંચી જશે. મહત્વનું છે કે, આ પદ્ધતિથી silent/ block થયેલ રાશનકાર્ડનું પણ e-KYC કરી શકાય છે.

રાશનકાર્ડમાં નોંધાયેલ જે સભ્યના આધાર નંબર રાશનકાર્ડમાં સીડ થયેલા ન હોય તેમણે પોતાના રહેણાંકના વિસ્તાર મુજબ સંબંધિત ઝોનલ કચેરી કે તાલુકા મામલતદાર કચેરીનો રાશનકાર્ડ તથા આધારકાર્ડ સાથે રૂબરૂ સંપર્ક કરવા રાજકોટ જિલ્લા પૂરવઠા અધિકારી સુશ્રી રાજશ્રી વંગવાણીની યાદીમાં જણાવાયું છે.

## રૂપાલા સામે રાજપુત સમાજ દ્વારા છેડાયેલા આંદોલનના પગલે

# કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પર કલેકટર તંત્ર-પોલીસની ચાંપતી નજરઃ પ્રભવ જોશી




રાજકોટઃરાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા સામે રાજપુત સમાજ દ્વારા છેડાયેલા આંદોલનના પગલે રાજકોટ શહેર-જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે કલેકટર તંત્ર-પોલીસ ચાંપતી નજર રાખી રહી છે. તેમ જીલ્લા કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું.કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ આ મામલે વધુમાં જણાવતા ઉમેર્યુ હતું કે રાજપુત-ક્ષત્રિય સમાજના આ આંદોલનને લઈને પોલીસ કમિશ્નર અને ઈન્ટેલીજન્સ બ્યુરો પણ સતર્ક બનેલ છે. આ ઉપરાંત ચૂંટણી વ્યવસ્થા માટે અર્ધ લશ્કરી દળોની કંપનીઓ મગાવવામાં આવેલ છે.રાજકોટ શહેર અને જીલ્લાની કાયદો વ્યવસ્થાની સ્થિતિ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. અહીં ઉલ્લેખનીય છે કે રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ રાજપુત સમાજ અંગે કરેલી ટીપ્પણીના મામલે રાજપુત ક્ષત્રિય સમાજમાં ઉગ્ર રોષ ભભૂકી ઉઠયો છે. છેલ્લા નવ-દસ દિવસથી આ મામલે ઉગ્ર આંદોલન રાજકોટ બેઠક ઉપરથી રૂપાલાને હટાવવા માટેની માંગણી સાથે ચલાવવામાં આવી રહ્યું છે.આ ઉપરાંત જીલ્લાના કેટલાક ગામોમાં ભાજપના ઉમેદવાર રૂપાલા માટે પ્રવેશબંધી ફરમાવી દેવામાં આવી છે. રૂપાલાને બોયકોટ કરતા પોસ્ટરો રાજકોટ શહેર અને જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં લગાવવામાં આવેલ છે તેમજ રૂપાલાના વિરોધમાં રાજપુત સમાજની મહિલાઓ દ્વારા ઉપવાસ આંદોલનના પણ મંડાણ કરવામાં આવેલ છે.આ સંજોગોમાં રાજકોટ શહેર અને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળે નહીં તે માટે જીલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા વિશેષ રૂપથી પગલા લેવામાં આવી રહ્યા છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર કલેકટર તંત્ર તેમજ પોલીસ વિભાગ ચાંપતી નજર રાખી રહી છે.આ સંદર્ભે કલેકટરે પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે રાજપુત સમાજના આ આંદોલનને લઈને ઈન્ટેલીજન્સ બ્યુરો પણ સતર્ક બની ગયું છે. પોલીસ કમિશ્નર, જીલ્લા પોલીસ વડા પણ પરિસ્થિતિ ઉપર દેખરેખ રાખી રહ્યા છે. લોકસભાની ચૂંટણી શાંતિપૂર્ણ રીતે યોજાય તે માટે પગલા લેવામાં આવી રહ્યા છે. ચૂંટણી વ્યવસ્થા માટે ખાસઅર્ધ લશ્કરી દળોની કંપનીઓ મગાવી લેવામાં આવી છે. લોકસભાની ચૂંટણી માટે અઠવાડીયામાં ઓબ્ઝર્વરનું પણ આગમન થઈ જશે તેમ જીલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ જણાવ્યું હતું.

# સાવરકુંડલા નાગરિક સહકારી બેંકનો રૂ. ૫૧.૩૫ લાખ નફો

સાવરકુંડલાઃશ્રી સાવરકુંડલા નાગરિક સહકારી બેંક લી. સને ૧૯૫૬ થી ૨૦૨૪ સુધી ૬૮ વર્ષથી ગ્રાહકોને અવિરત સેવા આપતી બેંકે વર્ષ ૨૦૨૩ - ૨૪ માં સાવરકુંડલાના વેપારી તથા નગરજનોની સુવિધા માટે લોનના વ્યાજ દરમાં ઘટાડો કરી ફિક્સ ડિપોઝિટના વ્યાજ દરમા વધારો કરી અને ગ્રાહકોની સગવડતા વધાર્યા બાદ નાણાંકીય વર્ષ ૨૦૨૩ - ૨૪માં આ બેંકે રૂપિયા ૫૧.૩૫ લાખનો વિક્રમી ગ્રોસ નફો થયેલ છે. બેંકના અવિરત વિકાસમાં સભાસદો, માર્ગદર્શકો,શહેર તથા તાલુકાની જનતાના સહકારથી તથા બેંકના હાર્દ સમા મેનેજર તથા કર્મચારીગણની અવિરત મહેનતથી આવો વિક્રમ નફો સંભવ બની શક્યો છે તે બદલ આ બેક્રના ચેરમેન પ્રવીણભાઈ સાવજ, વાઈસ ચેરમેન ભરતભાઈ માનસેતા અને મેનેજિંગ ડિરેક્ટર પરાગભાઈ ત્રિવેદી તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા તમામનો આભાર માનવામાં આવેલ.

# પી.એન.ડી.ટી એક્ટ અંતર્ગત હોસ્પિટલ, ક્લિનિક અને સંસ્થાઓએ સી.સી.ટી.વી લગાવવા ફરજિયાત

(અતુલ કારિયા) અમરેલીઃ PCPNDT ACT-૧૯૯૪ અન્વયે જાતીય પરીક્ષણના ગુન્હાઓ રોકવાના અમલીકરણ માટે જિલ્લાના સમગ્ર વિસ્તારમાં રજિસ્ટ્રેશન ધરાવતી તમામ હોસ્પિટલ, ક્લિનિક અને સંસ્થાઓએ સી.સી.ટી.વી લગાવવા ફરજિયાત છે. આ ઉપરાંત ૩૦ દિવસના સી.સી.ટી.વી કેમેરાના ઓડીયો-વીડિયો રેકોર્ડિંગ ૨૪૦૭ કલાક બેકઅપ રાખવું ફરજિયાત છે. અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) કલમ-૧૪૪ અંતર્ગત આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. હુકમ અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે. આ જાહેરનામું તા.૩૦.૦૪.૨૦૨૪ સુધી અમલી રહેશે. સીસીટીવી એવી રીતે લગાવવા કે, સમગ્ર વિસ્તાર કવર થતો હોય. સોનોગ્રાફી રુમમાં નક્કી કરેલ અધિકૃત્ત વ્યક્તિ જ પ્રવેશે તે પણ જોવાનું રહેશે. સોનોગ્રાફી રુમની અંદર કે જ્યાં દર્દીની સોનોગ્રાફી કરવામાં આવતી હોય ત્યાં સી.સી.ટી.વી કેમેરા લગાવી શકાશે નહીં. નક્કી કરવામાં આવેલા સોનોગ્રાફી રુમમાં વ્યક્તિનો ચહેરો દેખાય તે રીતે રુમની બહારના દરવાજાના ભાગમાં સી.સી.ટી.વી લગાવવા. જો સોનોગ્રાફી રુમના દરવાજા અંદર અને બહારના એમ બંને ભાગમાં હોય તો બંને જગ્યાએ સી.સી.ટી.વી લગાવવા ફરજિયાત છે. સંબંધિત જિલ્લા એપ્રોપ્રિએટ ઓથોરિટી દ્વારા જરુર જણાયે જ્યારે પણ સી.સી.ટી.વી રેકોર્ડિંગ બેકઅપ માંગવામાં આવે ત્યારે ફરજિયાત આપવાનું રહેશે. તેમજ સંબંધિત બેકઅપમાં કોઈ ત્રુટિ જણાશે તો તેની જવાબદારી હોસ્પિટલ, ક્લિનિક કે સંસ્થાની રહેશે. હુકમના ભંગ બદલ ધ ઈન્ડિયન પીનલ કોડની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર છે.

# સાવરકુંડલામાં મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલાઃશ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજ, સાવરકુંડલામાં એન.એસ.એસ વિભાગ દ્વારા તા.૦૪/૦૪/૨૦૨૪ ને ગુરુવારના રોજ "યુવાન અને યુવતી કરે ગર્વથી મતદાન" અંતર્ગત કોલેજની પ્રથમ વર્ષ બી.એ.ની વિદ્યાર્થીની બહેનો કે જે પ્રથમવાર મતદાન કરવા જઈ રહી છે. તેઓને માર્ગદર્શન આપવા માટે બ્રાન્ચ શાળા નંબર-૯ના આચાર્ય પિયુષભાઈ જાની અને બ્રાન્ચ શાળા નંબર-૭ ના શિક્ષક શ્રી અનિલભાઈ વિંઝુડા ઉપસ્થિત રહ્યા હતાં અને મતદાન અંગે વ્યવસ્થિત માહિતી આપેલ હતી અને સર્વેએ મતદાન કરવા માટે પ્રતિજ્ઞા પણ લીધી હતી.કોલેજના વાઈસ પ્રિન્સિપાલ પ્રા. છાયાબેન શાહે મહેમાનોનું સ્વાગત કરી પરિચય આપેલ તથા કાર્યક્રમનું આયોજન અને સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડો.હરિતા જોશીએ કરેલ હતું તથા આભાર દર્શન ડો.પ્રતિમા શુક્લે કર્યું હતું,જેમાં સમગ્ર સ્ટાફનો સહકાર સાંપડ્યો હતો.

# રાજકોટ મસાલા માર્કેટમાં દરોડા વધુ ૨૫ નમૂના લેવાયા : વાસી મંચુરીયનનો નાશ કર્યો

## રામનાથપરા વિસ્તારના ઈશીતા પંજાબીમાંથી ૧૦ કિલો અખાદ્ય ફેંકી દેવાયો : ૮ ખાણી-પીણીના વેપારીઓને લાઈસન્સ અંગે નોટીસ

રાજકોટ

ઉનાળાની ઋતુમાં નાગરિકો દ્વારા આખા વર્ષના મસાલા ભરવામાં આવે છે ત્યારે મનપાની ફૂડ શાખા દ્વારા શહેરના વિવિધ વિસ્તાારોમાંથી મસાલાના નમૂના લેવાની સ્પેશ્યલ ડ્રાઈવ અંતર્ગત આજે વધુ ૨૫ સેમ્પલ લેવામાં આવ્યા હતા. ઉપરાંત રામનાથપરા વિસ્તાસરમાંથી ૧૦ કિલો વાસી અખાદ્ય મંચુરીયનનો નાશ કરવામાં આવ્યોા હતો. જ્યારે પુનીતનગર વિસ્તા?રના ૨૧ ખાણી-પીણીના ધંધાર્થીઓને ત્યાં ચેકીંગ હાથ ધરી ૮ ધંધાર્થીઓને લાઈસન્સ અંગે સુચના આપવામાં આવી હતી.

મનપાની સત્તાવાર યાદી મુજબ ફૂડ વિભાગ દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન? 'ઈશિતા પંજાબી',?રામનાથપરા મેઈન રોડની તપાસ કરતાં સ્થ ળ પર સંગ્રહ કરેલ?મંચુરિયન?વાસી અખાદ્ય જણાતા કુલ ૧૦ કિ.ગ્રા. જથ્થો સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ હાઈજેનિક કન્ડિશન જાળવવા બાબતે તથા લાયસન્સ બાબતે નોટિસ આપવામાં આવેલ.

ફૂડ વિભાગની ટીમ તથા? વાન સાથે શહેરના?પુનિતનગર મેઈન રોડ વિસ્તાતરમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૧ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૮ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાધ્યી ચીજોના કુલ ૧૦ નમૂનાની સ્થાળ પર ચકાસણી કરેલ.

ફૂડ વિભાગની ટીમ તથા? વાન સાથે શહેરના પુનિતનગર મેઈન રોડ વિસ્તાસરમાં આવેલ જય નાગદાદા?કોલ્ડ્રિંક્સ, જય નાગદાદા રેસ્ટોન્ટ, પિતૃકૃપા કોલ્ડ્રિંક્સ?, પટેલ ફરસાણ, નીલકંઠ પાર્લર આઈસ્ક્રીમ, બાપા સીતારામ ઘૂઘરા, ક્રિષ્ના? કેન્ડી તથા શ્રીનાથજી એન્ટ્રપ્રાઈઝને લાઈસન્સ મેળવવા બાબતે સુચના આપવામાં આવેલ.મસાલાના વધુ ૨૫ નમુના લેતી ફૂડ શાખા રાજકોટ : મસાલાની સિઝનને અનુલક્ષીને કરવામાં આવેલ સ્પેશ્યલ ડ્રાઈવ અંગે ફૂડ વિભાગ દ્વારા ફુડ સેફટી એન્ડર સ્ટાન્ડનર્ડ એક્ટષ-૨૦૦૬હેઠળ મસાલાના કુલ-૨૫ નમૂના લેવામાંઆવેલ.




જેમાં ધાણાજીરૂ પાવડર, મરચા પાવડર, હળદર પાવડર - ગિરિરાજ સિઝન સ્ટોર, શ્રીરામ મસાલા માર્કેટ, નાના મવા રોડ પરથી તેમજ હળદર પાવડર - મરચા પાવડર ઉમિયા મસાલા ભંડાર,?શ્રીરામ મસાલા માર્કેટ,?નાના મવા રોડમાંથી તથા મરચું પાવડર, હળદર પાવડર ડબલ હાથી ચીલી પાવડર (૨૦ ગ્રામ પેક) સદગુરૂ પ્રોવિઝન સ્ટોરર,?લક્ષ્મીનગર શાકમાર્કેટ પાસેથી અને હળદર પાવડર (લુઝ) જલારામ મસાલા ભંડાર,શ્રીરામ મસાલા માર્કેટ,નાના મવા રોડ,?રાજકોટ. તથા : સ્થરળ- રાધે સુપર માર્કેટ,નાના મવા મેઈન રોડ,રાજનગર ચોક પાસે ખાતેથી નીલમ ઈમ્પોક્ષ, રાજનગર ચોક પાસે,નાના મવા રોડ, ઓસિયા હાઈપર રિટેલ લી.,નાના મવા રોડ ખાતેથી લેવામાં આવેલ. જયાપરે બાલાજી એન્ટારપ્રાઈઝ,નાના મવા રોડ, શુભમ ટ્રેડર્સ,?જૂના માકેટિંગ યાર્ડ, ખોડલ મસાલા ભંડાર,શ્રીરામ મસાલા માર્કેટ,નાના મવા રોડ,? શ્રીનાથજી ટ્રેડર્સ,?રાજનગર સોસાયટી,?નાના મવા રોડ ખાતેથી નમુના લેવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

## પોલીસ સમાચાર

### રાજકોટના પડધરી પાસે કારખાનામાં શ્રમિક યુવાનનું પડી જતાં મોત



રાજકોટ,

રાજકોટના પડધરી નજીક આવેલી તીક્ષન કંપનીમાં કામ કરતી વખતે પડી જતા રાજૂલાના યુવાનનું રાજકોટની ખાનગી હોસ્પિકટલમાં મોત નિપજયુ હતું.

મળતી વિગત મુજબ રાજુલામાં છતરીયા રોડ પર ધર્મરાજ સોસાયટીમાં રહેતો હાલ પડધરીમાં રહેતો અને તીક્ષન કંપનીમાં મજૂરી કામ કરતો કેયુર કિરણભાઈ અમરેલીયા (ઉ.૨૪) ગઈકાલે કંપનીમાં કામ કરતો હતો. કંપનીમાં રોબોટ છાતીના ભાગે ભટકાતા પડી જતા તેને ઈજા થઈ હતી. બનાવ બનતા કારખાનામાં કામ કરતા અન્યી કર્મચારીએ એકઠા થઈ ગયા હતાં. બાદ કેયુરને સારવાર માટે રાજકોટની સ્ટ ર્લીંગ હોસ્પિતટલમાં ખસેડાતા તેનું સારવાર દરમ્યાન મોત નિપજયુ હતું. આ બનાવ અંગે યુનિવર્સિટી પોલીસમાં મથકના પીએસઆઈ દીલીપભાઈ રત્નુર સહિતે પ્રાથમિક કાગળો કરી પડધરી મોકલવા તજવીજ હાથ ધરી છે.

### રાજકોટ ભગવતીપરામાં અકળ કારણોસર યુવાનની ગળાફાંસો ખાઇ આત્મહત્યા

રાજકોટ,

રાજકોટ ભગવતીપરામાં સુખસાગર હોલ સામે રહેતાં મહમદરફીક મહમદનાઝીર અંસારી (ઉ.વ.૨૭) નામના યુવાને સાંજે ઘરે પંખામાં દૂપટ્ટો બાંધી ગળાફાંસો ખાઈ આત્મનહત્યામ કરી લેતાં પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. બનાવની જાણ ૧૦૮ના ઈએમટી રાજેશભાઈએ કરતાં પોલીસ કન્ટ્રોલ રૂમના ઈન્ચાર્જ કે. એમ. વડનગરાએ જાણ કરતાં બી-ડિવીઝનના એએસઆઈ અમીક્ષાબેન વી. બકુતરાએ જરૂરી કાર્યવાહી કરી હતી.

આપઘાત કરનાર મહમદરફીક ચાર બહેનનો એકનો એક નાનો ભાઈ હતો અને છુટક મજૂરી કરતો હતો. તેના લગ્ન હજુ એક વર્ષ પહેલા જ થયા હતાં. પોલીસે કારણ જાણવા પ્રયાસ કર્યો હતો. પરંતુ પરિવારજનો કંઈ જાણતા ન હોઈ પોલીસે તપાસ યથાવત રાખી છે.

### રાજકોટના મેટોડામાંથી યુવાનનું કારમાં અપહરણ કરી ચાર શખ્સોએ માર માર્યાનો આરોપ

રાજકોટ,

લોધીકાના વાજાવાડ ગામે રહેતો યુવાન મેટોડામાં હતો ત્યારે ચાર શખ્સોએ કારમાં અપહરણ કરી લોધીકા લઈ જઈ માર માર્યો હોવાના આક્ષેપ સાથે યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

લોધીકાના વાજાવાડ ગામે રહેતા શૈલેષ કરશનભાઈ પરમાર નામનો ૨૨ વર્ષનો યુવાન મેટોડામાં હતો ત્યારે રાત્રીના સાડા બારેક વાગ્યાના અરસામાં હાર્દિક, વિશાલ અને રમો સહિતના શખ્સોએ શૈલેષ પરમારનું કારમાં અપહરણ કરી લોધિકા ગામમાં આવેલા ડેમ પાસે લઈ જઈ ધોકા વડે માર માર્યો હોવાના આક્ષેપ સાથે શૈલેષ પરમારને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં પોલીસ નિવેદન નોંધે તે પૂર્વે શૈલેષ પરમાર પ્રાથમિક સારવાર લઈ હોસ્પિટલમાંથી ચાલ્યો ગયો હોવાનું જાણવા મળ્યું છે.

**નામ બદલાવેલ છે**

મારૂ નામ **ભાવેશ પ્રવિણચંદ્ર કારીયા** હતુ જે બદલીને **ભાવેશ પ્રવિણચંદ્ર કારીઆ** કરેલ છે. હવેથી હું મારા નવા નામ **ભાવેશ પ્રવિણચંદ્ર કારીઆ** તરીકે ઓળખાઈશ.

**સહી : ભાવેશ પ્રવિણચંદ્ર કારીઆ**
સરનામું : આરાધના સોસાયટી મેઈન રોડ, એરપોર્ટ રોડ, રૈયા રોડ, રાજકોટ - ૩૬૦૦૦૭

**નામ બદલાવેલ છે**

હું **મનોજ મોહનલાલ સાગર**, રહે. ૧૨૦૧ ડી જસ્મીને સુંદરમ સિટી, ૧૫૦ ફુટ રિંગ રોડ, માધાપર ચોકડી, રાજકોટ, આથી હું જાહેર કરૂ છું કે મે મારૂ નામ **મનોજકુમાર** માંથી **મનોજ મોહનલાલ સાગર** કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

## વિંછીયામાં વૃધ્ધ પતિને પતાવી દેનાર પત્ની અને પુત્રની ધરપકડ

રાજકોટ,

વિંછીયામાં કામ કરવા બાબતે થયેલ ઝઘડામાં પતિને પતાવી દેનાર પત્નીધ અને પુત્રની પોલીસે ધરપકડ કરી છે.

પ્રાપ્તર વિગતો મુજબ વિંછીયામાં બોટાદ રોડ ઉપર શિવાજીપરામાં રહેતા ગટુરભાઈ રાજપરા (ઉ.૬૮) ગઈકાલે વાડીએ હતા ત્યા રે કામ કરવા બાબતે ઝઘડો થતાં પત્નીપિંખુબેન અને પુત્ર સંજય ઉશ્કેરાઈ જઈ ઢોરમાર મારતા તેનું મોત નિપજયું હતું. મૃતકને વિંછીયા હોસ્પિટલમાં ખસેડાતા તબીબે મૃત જાહેર કર્યા હતા. આ સમયે પત્ની, અને પુત્રએ મૃતક ગટુરભાઈ દારૂ પીને આવ્યા બાદ નિંદ્રાધીન અવસ્થામાં જ મોત નિપજ્યાની સ્ટોરરી કહી હતી પરંતુ ગામમાં જ ભત્રીજા વિજયને શંકા જતા વિંછીયા પોલીસે મૃતકનું રાજકોટ સીવીલ હોસ્પિટલમાં ફોરેન્સીક પી.એમ. કરાવતા પી.એમ. રીપોર્ટમાં મુંઢમારની ઈજાના કારણે મોત થયાનો અભિપ્રાય આવતા પોલીસે મૃતકના ભત્રીજા વિજયને ફરીયાદી બનાવી પત્ની અને પુત્ર સામે હત્યોનો ગુન્હોી દાખલ કરી બંનેને સકંજામાં લઈ લીધા હતા.પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મૃતક ગટુભાઈ કોઈ કામધંધો કરતા ન હોય આ મુદ્દે અવાર-નવાર પત્નીં અને પુત્ર સાથે ઝઘડો થતો હતો. ગઈકાલે આ બાબતે ઝઘડો થતાં પત્નીા અને પુત્રએ ઉશ્કે રાઈ જઈ ઢોર માર મારી ઢિમ ઢાળી દીધું હતું. વિંછીયાના પી.એસ.આઈ. ઈન્દ્રજીતસિંહ સરવૈયા તથા સ્ટાફે હત્યાા કરનાર પત્ની પંખુબેન અને પુત્ર સંજયની ધરપકડ કરી વધુ પૂછતાછ હાથ ધરી છે.

## રાજકોટમાં આંબેડકર પ્રતિમા પાસે ગંદકીની સફાઈ કરવાના વીડિયોમાં ખરાબ કોમેન્ટ :ફરિયાદ

રાજકોટ,

રાજકોટ શહેરના ધરમનગર કવાર્ટરમાં રહેતા મહિલાએ બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે ગંદકીની સફાઈ કરવા અંગે સોશ્યલ મીડિયામાં વીડિયો મુકયો હોય જેમાં ઈન્સ્ટા યુઝર્સે ખરાબ કોમેન્ટ કર્યા અંગેની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાતાં યુનિવર્સિટી પોલીસે ઈન્સ્ટા યુઝર્સ સામે એન્ટ્રોસીટી કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ, ધરમનગર આવાસ યોજના કર્વાટરમાં રહેતાં મુળ કોડીનારના કિરણભાઈ તેજાભાઈ વાજા (ઉ.૨૮)એ યુનિવર્સિટી પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ઈન્સ્ટાગ્રામ આઈડીમાં નિરવ મોરી-૫૦૯ નામના યુઝરનું નામ આપ્યું છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, તેઓએ ગત તા.૨૪-૩ના રોજ હોસ્પિટલ ચોકમાં આવેલા બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે ગંદકી હોય જેથી તેઓએ સાફ સફાઈ કરવા અને સીસીટીવી કેમેરા મુકવા માટે વિનંતી કરતો વિડિયો ઉતારી ઈન્સ્ટાગ્રામ આઈ.ડી.માં પોસ્ટ કર્યો હતો જે વિડિયો પર આરોપી નિરવ મોરી નામના યુઝરે ગંદી કોમેન્ટ કરી હતી જેથી તેઓએ ખરાબ કોમેન્ટ નહીં કરવા મેસેજ કરતાં આરોપીએ ફરિયાદીને વોઈસ મેસેજ કરી ગાળો ભાંડી થાય તે કરી લેવા તેવી ધમકી આપી હતી. જેથી તેઓએ યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં એસીપી બી.જે.ચૌધરીએ આરોપી ઈન્સ્ટા યુઝર્સ સામે એન્ટ્રોસિટી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

## રાજકોટમાં ગુમ થયેલ બાળકની ગણતરીની કલાકોમાં જ પોલીસ ભાળ મેળવી : પરિવાર ખુશ



રાજકોટ

રાજકોટમાં ગત તા.૪/૪/૨૪ના રોજ મિલપરા શેરી નં.૧૩ પોતાના ઘરેથી રમતા રમતા ભૂલો પડી જતા બાળકના માતા પિતા નજીકના પોલીસ સ્ટેશન એ ડિવિઝનમાં જાણ કરી હતી ત્યારે પોલીસ સ્ટેશનના સ્ટાફમાંથી પીઆઈ આર. જી. બારોટ, તથા તેની ટીમના એસ. એમ. રાણા, રમેશભાઈ ચૌહાણ, પૂજાબેન પાટણવાડીયા, તથા વિજયભાઈ મકવાણાએ ભારે જહેમત ઉઠાવીને ગણતરીની કલાકોમાં ગુમ થયેલા આયુષ ચંદરભાઈ લુહાર (ઉ.વ. ૫)ને શોધી કાઢી તુરંત તેના માતા-પિતા સાથે પુનઃ મિલન કરાવ્યું હતું.

## રાજકોટ કોર્ટમાં ઝેરોક્ષ મશીન હટાવવાના મુદ્દે વકીલો દ્વારા કાળી પટ્ટી ધારણ કરી વિરોધ

### કોર્ટની બહાર વકીલો દ્વારા સૂત્રોચ્ચાર : ટેબલોના મુદ્દા બાદ હવે ઝેરોક્ષ મશીનના મામલે વિવાદ શરૂ

રાજકોટ,

રાજકોટ બાર એશોસીએશન દ્વારા પુર્વ જાહેરાત મુજબ સુત્રોચ્ચાર તથા કાળી રીબીન ધારણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો.

રાજકોટ બાર એશોસીએશનના ખાર રૂમમા છેલ્લા ૪૦ વર્ષ થી આવેલ ઝેરોક્ષ મશીન નો રાજકોટના પી.ડી. જે. વછાણી ના હુકમથી રાજકોટના ડીસ્ટ્રીકટ કોર્ટ ના રજીસ્ટ્રાર દ્વારા કોઈપણ જાતની પોસીઝર અનુસર્યા વગર કે સ્થળ ઉપર પચનામું/રોજકામ કર્યા વગર તથા રાજકોટના વર્તમાન હોદ્દેદારો ને જાણ કર્યા વગર કે કોઈ હુકમની બજવણી કર્યા વગર ગેરકાયદેર મનસ્વી રીતે ઝેરોક્ષ મશીન જપ્ત કરવામા આવેલ અને આ ઝેરોક્ષ મશીન પરત કરવા માટે રાજકોટ બારના સીનીયર જુનીયર વકીલ મીત્રોની રજુઆતને નજરઅંદાજ કરી



ઝેરોક્ષ મશીન પરત કરેલ ન હતુ અને આ કારણે રાજકોટ બારના હોદેદારો દ્વારા તાકીદે કારોબારીની મીટીંગ બોલાવવામા આવેલ અને રાજકોટના સિનીયર વકીલોને પણ હાજર રાખવામાં આવેલ.

## રાજકોટમાં સર્વેશ્વર ચોક શિવમ બિલ્ડિંગની દુકાન-ઓફિસ હજુ બે વર્ષ સુધી નહીં ખુલે

### વોંકળા ઉપર બોક્સ કલવર્ડ ટેન્ડર પ્રક્રિયા સ્થગિત : ચાર માસ બાદ કામ ચાલુ થવાની શક્યતા

રાજકોટ,

રાજકોટના યાજ્ઞિક રોડ ઉપર સર્વેશ્ર્વર ચોકમાં સપ્ટેમ્બર માસમાં વોકળા દૂર્ઘટના સર્જાઈ હતી જેમાં એક મહિલાએ જીવ ગુમાવેલ આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડતા મહાનગરપાલિકાએ સર્વેશ્ર્વર ચોકમાં આવેલ શિવમ બિલ્ડીંગને પણ ઈન્ફાસ્ટ્રક્ચર અંતર્ગત સીલ કરી હયાત વોકળાના સ્થાને નવું બોક્સ કલવર્ડ બનાવવાની જાહેરાત કરી હતી તેવી જ રીતે શિવમ બિલ્ડીંગમાં પણ સ્ટ્રક્ચર રિપોર્ટ તૈયાર કરવા માટે રિપેરીંગનું કામ બિલ્ડર એસો. દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. પરંતુ બોક્સ કલવર્ડની ટેન્ડર પ્રક્રિયા આચારસંહિતાના કારણે સ્થગિત થઈ જતા હવે જૂલાઈ-ઓગસ્ટમાં વર્કઓર્ડર થવાની શક્યતા જોવાઈ રહીછે અને કામ એકથી બે વર્ષ ચાલે તો શિવમ કોમ્પલેક્ષની દુકાનો અને ઓફિસો પણ બે વર્ષ સુધીખુલી શકે નહીં તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

મહાનગરપાલિકાના બાંધકામ વિભાગમાંથી પ્રાપ્ત થયેલ વિગત મુજબ સપ્ટેમ્બર માસમાં સર્વેશ્ર્વરચોકમાં વોકળા ઉપરનો સ્લેબ બેસી જતાં દુર્ઘટના સર્જાઈ હતી. જેના કારણે તંત્રએ ઈન્ફાસ્ટક્ચર સ્ટ્રેબીલીટી રીપોર્ટ તૈયાર કરવાની સુચના આપી હતી. જે તૈયાર થતાં રિપોર્ટમાં વોકળા ઉપરનો તમામ સ્લેબ જર્જરીત હોવાનું જણાવ્યું હતું. તેમજ આ સ્લેબને લાગુ



શિવમ કોમ્પલેક્ષનો સ્લેબ હોવાથી આ કોમ્પલેક્ષ ભયજનક સ્થિતિમાં હોય તેનો સ્ટ્રક્ચર રિપોર્ટ માંગવામાં આવ્યો હતો. આથી શિવમ કોમ્પલેક્ષના ઓફિસ ધારકોએ પ્રાઈવેટ એજન્સી મારફતે સ્ટ્રક્ચર રિપોર્ટ તૈયાર કરી રીપેરીંગનું કામ શરૂ કરવામાં આવ્યું છે. જેની સામે શિવમ કોમ્પલેક્ષની આગળથી પસાર થતાં અને દૂર્ઘટના ગ્રસ્ત થયેલ સ્લેબનું સમાર કામ થઈ શકે તેમ ન હોય શિવમ કોમ્પલેક્ષની તમામ દુકાનો અને ઓફિસો સીલ કરવામાં આવી હતી.જેને સાત માસ જેટલો સમય થઈ ગયો છે અને સેંકડો ધંધાર્થીઓની રોજગારી છીનવાઈ ગઈ છે. છતાં મનપાએ થોડા સમય પહેલા જૂના વોકળાના સ્થાને નવું બોક્સ કલવર્ડ બનાવવા માટે ટેન્ડર પ્રક્રિયા કરી હતી જેમાં બે એજન્સીઓએ ટેન્ડર ભર્યુ છે હવે નેગોસીએશન સહિતની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. પરંતુ આચારસંહિતાના કારણે કામ ચાલુ કરવા અને ખર્ચ મંજુર કરવાની દરખાસ્ત સ્ટેન્ડીંગ કમિટીમાં રજૂ થઈ શકશે નહીં. આથી જૂન માસ બાદ સ્ટેન્ડીંગમાં જો દરખાસ્ત મંજુર થાય તો પણ વર્કઓર્ડર આપવામાં જૂલાઈ ઓગસ્ટ માસ આવી જાય તેમ છે અને મેહુલ કિચનવેરથી નાગરિક બેંક સુધીના વોકળા ઉપર બોક્સ કલવર્ડ બનાવવામાં એકથી બે વર્ષ જેટલો સમય લાગી જાય તેમ હોય શિવમ કોમ્પલેક્ષની તમામ ઓફિસો એન દુકાનો ત્યાં સુધી ખોલી શકાય નહીં કારણ કે, કોમ્પલેક્ષની આગળથી જ વોકળો બેસી ગયેલ હોય રસ્તો બંધ હોવાના કારણે દૂકાનદારો અને ઓફિસ ધારકોને મંજુરી આપવામાં નહીં આવે આથી શિવમ કોમ્પલેક્ષની દુકાન અને ઓફિસો ખોલવામાં હજુ બે વર્ષ સુધીનો સમય લાગી શકે તેમ જાણવા મળેલ છે.

સૌરાષ્ટ્ર આજતક

Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

## સૌરાષ્ટ્ર આજતક

# મતદાતા સર્વોપરી છે

આ દેશમાં કોઈ નેતા કોઈ અભિનેતા કે કોઈ મહાન માનવી સર્વોપરી નથી લોકશાહીમાં જો કોઈ સર્વોપરી હોય તો તે મતદાતા છે ગરીબમાં ગરીબ માણસ પાસે પણ મતદાનની શક્તિ છે અને શક્તિ થકી તે રાષ્ટ્ર ની સર્વોત્તમ કાર્ય કરી શકે તેમ છે મતદાતા ગરીબ નથી મતદાતા પાસે પાવર છે માત્ર પરિવાર સમાજ રાજ્ય કે રાષ્ટ્રને લીડ કરાવવાની તાકાત હોય છે પરંતુ તે ભૂલી જાય છે અને પરિણામે વામણાઓ સત્તાના સિંહાસન પર બિરાજમાન થઈ જાય છે કટર ઈમાનદાર લોકો આજે સળીયા પાછળ છે. અન્ના હજારે જેવા લોકો હાસ્યામાં ધકેલાઈ જાય છે. અને સત્તાના સિંહાસન પર તેના શિષ્ય બિરાજમાન થઈ જાય છે. આ લોકો એટલા માટે જીતે છે કે તેમની પાસે નેતૃત્વની કળા છે.

ભારત વિશાળ લોકશાહી દેશ છે. લોકશાહીની સફળતા જે તે દેશ કે પ્રાંતમાં તેના સંચાલકો નેતૃત્વવર્ગ ઉપર જ નિર્ભર છે. જે ક્યાંય ન ચાલે તે તદ્દન ખોટો સિક્કો આપણે સત્તાના સિંહાસન બેસાડીએ છીએ.

એટલું જ નહિ ચલાવીએ છીએ. નેતા કે નેતૃત્વ વિશે ન તો આપણા અમુક નેતાઓને કંઈ સમજ છે કે ન તો તેને ચૂંટી કાઢનારી જનતાને. નેતૃત્વ કલા એટલે શું? નેતા એક એવો કલાકાર છે જેને નમસ્કાર કરતાં આવડે, હાથ જોડતા આવડે કે હા જી હાનાં મસ્કા મારતા આવડે. ચૂંટણીમાં મોટા મોટા વચનો દેતાં આવડે એટલે આપણા નેતાની મત મેળવવાની ક્ષમતા વધી ગઇ ગણાય. આપણે હોંશેહોંશે આ નેતાને ઊંચકીને આપણા માથે મૂકીએ છીએ. અને જે પોતાનું ઘર સંભાળી શકતો ન હોય તેને સારા રાજ્ય કે દેશની જવાબદારી સામે ચાલીને સ્વીકારી છે.

પોતાની જાતને સો ટકા પ્રમાણિક ગણાવતા લોકો જ રાજ્ય, દેશ કે સ્થાનિક વિકાસને રુંધી નાખે છે અને આપણે હાથે જ આપણી વિકાસની કબર ખોદી આવા તદ્દન બિનલાયક વ્યકિતઓની ઉપર આંધળો વિશ્વાસ મૂકી રાષ્ટ્રની ગરિમાને નુકસાન કરીએ છીએ. લોકશાહી દેશમાં જેણે નેતા બનવું હોય તેમણે નેતૃત્વ શકિત ખીલવવી રહી, અને જેની પાસે 'મતદાતા' તરીકેના પાવર છે, તેમણે યોગ્ય નેતાની પરખ- નેતાની લાયકાતો વગેરેથી માહિતગાર બની સાચા સ્વરૂપે ખરા સેવાધારી, યોગ્ય લાયક અને સક્ષમ નેતૃત્વશકિત પુરબહારમાં જેની ખીલેલી હોય તેવી જ વ્યકિત ઉપર મહોર મારવી જોઈએ. તો જ તંદુરસ્ત લોકશાહીનું નિર્માણ થઈ શકે અને આપણે અને આપણી ભાવી પેઢી તે લોકશાહીના અમૃતફળ આપી શકીએ.

# મહારાજા શ્રીતખ્તસિંહજીના સમયના જાહેરકામો

## પુલનું નામ આપવામાં આવ્યું કૈસરે હિન્દ પુલ રાણી વિક્ટોરિયાએ તખ્તસિંહજીના વિદ્યાપ્રેમની કદર કરી તેમને એલ.એલ.ડી.ની પદવી એનાયત કરી હતી



**ભાવનગર ૩૦૦** - બળદેવસિંહ ગોહિલ

ઇ.સ.૧૮૬૫ સુધી કાઠિયાવાડમાં એક પણ પાકોરસ્તો બંધાયો નહોતો. ધુળીયા રસ્તાઓ હતા. નદીઓ ઉપર પુલો નહોતા. કાઠિયાવાડ-સૌરાષ્ટ્રમાં આવવા માટે બે મુખ્ય માર્ગ હતાં. એક દરિયામાર્ગે—ઘોઘા-મહુવા-ઉના-પ્રભાસ-માંગરોળ-પોરબંદર-દ્વારિકાનો હતો અને બીજો ઘોરીમાર્ગ વઢવાણ-સાયલા-ભાડલા-સરધાર-રાજકોટ-જેતપુર થઈ જૂનાગઢનો હતો. તે પણ કાચો. ઇ.સ.૧૮૬૫માં તે વખતના પોલિટિક્લ એજંટ કર્નલ કીટીંજની રાહબરી નીચે રસ્તાઓ વ્યવસ્થિત બાંધવાની શરૂઆત થઈ હતી. સૌથી વધારે અને સારા રસ્તાઓ અને કામો ભાવનગર રાજયમાં થયા હતા.

ભાવનગર શહેર અને મહાલોમાં મુખ્ય ગામોમાં વસ્તી અને વિસ્તાર વધવાની સાથે માણસો અને માલની અવરજવર વધી જતાં, જયાં જરૂર પડી ત્યાં આસપાસની દુકાનો-મકાનોને વળતર આપી રસ્તાઓ પહોળા કરવામાં આવ્યા હતા. ભાવનગરમાં આંબાચોક તથા લાતીવાળા ભાગમાં ભયંકર આગ લાગેલી. ત્યાં વળતર આપી કેટલાક મકાનો પડાવી સાંકડા અને ગીચ વિસ્તારમાં રસ્તાઓ પહોળા કરવામાં આવ્યા. ઉપરાંત ગામોને તથા મહાલોને ભાવનગર સાથે જોડતા રસ્તાઓ બાંધવામાં આવ્યા. પ્રજાસુખાકારી માટે દવાખાના, મુસાફરી બંગલા, ધર્મશાળાઓ, કુવાઓ વગેરે બાંધવામાં આવ્યા. ભાવનગર શહેરની વસ્તી વધતાં શહેરની બહાર પરાઓ વસી જતાં ગઢની દીવાલો તોડી પ્રજાને અવરજવારની સરળતા કરી આપી હતી. ભાવનગર બંદરની સુધારણા કરવા માટે કેટલાક બાંધકામો હાથ ધરી સ્ટીમરો છેક ડેક સુધી આવી શકે તેવો પ્રબંધ કરાયો હતો. ભાવનગર રાજયના ઇજનેર મિ. પ્રોક્ટર સિમ્સ હતા. તેમણે તખ્તસિંહજીની બાંધકામની ઇચ્છાને ધ્યાને રાખી આ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપ્યું હતું. પ્રજાની સુખાકારી માટેના તથા રાજયને રમણીય બનાવવાના અનેક બાંધકામો હોશભેર કર્યા હતા. રાજયે પીપાવાવ પાસે "વિક્ટર પોર્ટ" બાંધવાનું નક્કી કર્યું ત્યારે ત્યાં પોર્ટના ડેક, ગોડાઉન, રસ્તાઓ, ઓફિસો, પાણીની લાઇન, રેલ્વે લાઇન વગેરેના બાંધકામમાં ઈજનેરશ્રી સિમ્સે ખૂબ રસ લીધો હતો. તખ્તસિંહજીના રાજયકાળ પછી ભાવસિંહજીના સમયે છેક ઇ.સ. ૧૯૦૦ સુધી આ કામો ચાલ્યા હતા. વિક્ટર પોર્ટ જાહેર બાંધકામોના શિલ્પી એવા શ્રી સિમ્સ કોલેરાથી પોર્ટમાં જ અવસાન પામ્યા હતા.

ઇ.સ. ૧૮૭૭માં ઇંગ્લાન્ડના રાણી વિક્ટોરિયાને કૈસર-એ-હિન્દ (હિંદની સામ્રાજ્ઞી)નું બિરુદ આપવામાં આવ્યું. ત્યારે દિલ્હીમાં વાઈસરોય લોર્ડ લીટને ભવ્ય દરબાર ભર્યો હતો. આ પ્રસંગની સ્મૃતિમાં બ્રિટિશ સત્તા પ્રત્યેના પોતાના મૈત્રીભાવને દર્શાવવા તખ્તસિંહજીએ રાજકોટમાં આજી નદી ઉપર પુલ બાંધવા માટે રૂપિયા ૧,૧૪,૦૦૦ આપ્યા હતા. પુલનું નામ કૈસરે હિન્દ પુલ આપવામાં આવ્યું. જે આજે રાજકોટથી અમદાવાદ જવા માટેના મુખ્ય માર્ગ ઉપર આવેલો છે. જે માણસો અને વાહન વ્યવહારથી ધમધમે છે. તખ્તસિંહજી તો ભાવનગરના રાજયકર્તા હોવા છતા રાજકોટમાં બે મહત્વના બાંધકામો માટે તેમણે ખર્ચ આપ્યો હતો. (૧) રાજકુમાર કોલેજમાં એક વિંગ બાંધવા માટે રૂપિયા એક લાખ અને (૨) કૈસરે હિન્દ પુલ બાંધવા માટે રૂપિયા ૧લાખ ૧૪હજાર, આ બંને બાંધકામોનું ઉદઘાટન ૧૯-૮-૧૮૭૯ના કાઠિયાવાડના પોલિટિક્લ એજંટ કર્નલ બાર્ટનના હસ્તે થયું હતું. (લોકમુખે ચર્ચાય છે કે તખ્તસિંહજી રાજકુમાર કોલેજના ટ્રસ્ટી હોવાને નાતે રાજકોટ મિટિંગમાં ગયા હતા. તે પહોચ્યા ત્યારે આજી નદી ઉપર પુલ બાંધવા માટે રકમ નોંધવા એક કાગળ ફરતો હતો તેમાં સૌ રાજાઓએ પોતાની રીતે પોતે આપવા માગતા હોય તે રકમ લખવાની હતી. તખ્તસિંહજીએ પુછ્યું ત્યારે જણાવવામાં આવ્યું કે રાજકોટની આજી નદી ઉપર પુલ બાંધવાની જરૂર છે. આપણે રાજકોટ આવવામાટે આડચણ થાય છે. તખ્તસિંહજીએ પોતાના હાથમાં કાગળ આવતા ફાડી નાખ્યો અને નમ્રભાવે કહ્યું આ રાજા-મહારાજાઓની બેઠક છે તેમાં આવા ફંડ ફાળા કરવાના ન હોય. નદી ઉપરનો પુલ ભાવનગર બાંધાવી આપશે.) તે ઉપરાંત જૂન ૧૮૮૩માં તખ્તસિંહજીએ ઇંગ્લેન્ડના નોર્થબ્રૂકના ક્લબના ફંડમાં એક લાખ રૂપિયા આપ્યા હતા.

ઈંગ્લેન્ડના રાણી કૈસર હિન્દ વિક્ટોરિયાના પૌત્ર પ્રિન્સ આલ્બર્ટ વિક્ટર ઇ.સ.૧૮૯૦માં ભારતની મુલાકાતે આવ્યા હતા. ત્યારે તેમને ભાવનગરની મુલાકાત લેવાનું નિમત્રણ તખ્તસિંહજીએ આપ્યું હતું. નિમંત્રણ સ્વીકારીને આલ્બર્ટ ભાવનગર આવ્યા ત્યારે તેમનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. ભાવનગર રાજયની આ મુલાકાતની સ્મૃતિરૂપે રાજુલા નજીક પીપાવાવ ગામ પાસેની ખાડી ઉપર એક નવું બંદર ખોલવાનું અને તેનું નામ "પ્રિન્સ આલ્બર્ટ વિક્ટર પોર્ટ" રાખવાનું જાહેર કરવામાં આવ્યું હતું. જો કે તેનું ખાતમુહૂર્ત તખ્તસિંહજીના પુત્ર ભાવસિંહજી બીજાના કાર્યકાળ દરમિયાન ૨૬-૦૩-૧૮૯૦ના રોજ થઈ શક્યું હતું.

મહારાજા તખ્તસિંહજી ધર્મિષ્ઠ રાજવી હતાં. તેમના સમયમાં જાહેર બાંધકામ ખાતાએ કરેલી કામગીરી પ્રશંસનીય રહી હતી. તેમના સમયમાં કેટલાક નવા દેવાલયો બંધાયા હતાં. જેમાં ઇ.સ.૧૮૯૩માં તેમના નામ ઉપરથી બાંધવામાં આવેલું ટેકરી ઉપરનું તખ્તેશ્વર મહાદેવનું મંદિર જેનો ટૂક ઇતિહાસ આ પ્રમાણે છે.

(તખ્તેશ્વર મહાદેવ મંદિર)

સદીઓ પહેલા ભાવનગરમાં એક ઘટના બનેલી. ઝૂંઝા ભરવાડની ગાયો જતલોકો હાંકી ગયા. ઝપા ઝપી માં ઝૂંઝો ભરવાડ મરાયો. આ દ્રશ્ય જોઈને ભરવાડણ કકળતી આંતરડીએ બોલી જતડાઓ ભાગવું હોય તેટલું ભાગજો તમે ભાવનગરનું પાદર નહીં વટી શકો. ગાયો ભગાડી જવાના સમાચાર વડવા ગામના જાડેજા રાજપૂતોને મળ્યા. તેઓ ગૌરક્ષામાટે તૈયાર થયા. બીજા લોકોએ કહ્યું ગાયો ભરવાડની છે. તમે શામાટે મરવા જાઓ છો? જાડેજાઓએ કહ્યું અમારા પૂર્વજોએ બ્રાહ્મણ, ગાયો, અબળાઓ માટે માથા આપેલા છે. અમે પણ માથા આપીશું ગાયોને બચાવીશું. ઝતોને આગળ જતાં પડકાર્યા. કેટલાક જાડેજા અને ઝતો સામસામાં ધીંગાણામાં મરાયા. ગાયો છોડાવી. ઝૂંઝાને અગ્નિસંસ્કાર દેવાની તૈયારીઓ થતી હતી ત્યારે તેની પત્ની બોલી ઝૂંઝાને અન્ય જગ્યાએ લઈ જવાને બદલે અહી ચિતા ખડકાવો. અમે બંને એક સાથે સ્વર્ગે જઈશું. કોઈએ કહ્યું તારે શામાટે મરવું. તૂતો નાતરું કરી શકીશ. બાઈ બોલી ઝૂંઝો શૂરવીરતાથી મર્યો છે, મારે તેને સંગાથ આપવો છે. તાડીકાની ધાર ઉપર અગ્નિદાહ દેવાયો. પ્રશ્નોરા બ્રાહમણ બોર્ડિંગ પાસે ઝૂંઝા ભરવાડ, ભરવાડણનો અને બાજુમાં ગાયનો પાળિયો આવેલો છે. ગાયો માટે બલિદાન આપનારા ૧૮ જાડેજા રાજપૂતો કામ આવેલા તેના પાળીયા અનંતવાડી વિસ્તારમાં આવેલા છે. તાડીકાનીધાર તરીકે ઓળખાતી ધારપર તોપ રાખવામાં આવેલ. બોપોરે ૧૨કલાકે તે તોપ ફોડવામાં આવતી જેનાથી લોકોને સમયનો ખ્યાલ આવતો. આ ધારપર ઈ.સ. ૧૮૯૩માં મંદિર બંધાવવામાં આવ્યું. જેનું નામ તખ્તેશ્વર રાખવામાં આવ્યું. આ મંદિરના બાંધકામની જવાબદારી એન્જીનીયર મી.પ્રોક્ટર સીમ્સને સોપવામાં આવેલ હતી. મી. સીમ્સ ખુબજ ઉત્સાહિ અને કાર્યનિષ્ઠ વ્યક્તિ હતા. તેમણે ખુબજ વફાદારીથી જવાબદારી નિભાવેલ.

ભલું ભલું ભાવેણું શહેર, દરિયો ગાજે છે,
ત્યાં તખ્તેશ્વર મહાદેવ, જટામાં ગંગા છે.

મહારાજા તખ્તસિંહજીને ઇ.સ.૧૮૭૭માં જી.સી.એસ.આઈ. નો ખિતાબ મળ્યા પછી તખ્તસિંહજીને ઇંગ્લેન્ડની મુલાકાત લેવાની તથા ત્યાના રાણી વિક્ટોરિયાને મળવાની ઈચ્છા હતી. તેવામાં જ તેમને ઈંગ્લેન્ડ આવવાનું નિમંત્રણ મળતા તેઓ ઇ.સ. ૧૮૯૩-૯૪માં ઈંગ્લેન્ડના પ્રવાસે ગયા હતા. તેમની સાથે ડોક્ટર બરજોરજી બહેરામજી ગયા હતા, મહારાણી વિક્ટોરિયાએ તખ્તસિંહજીના વિદ્યાપ્રેમ અને સંસ્કારીતાની કદર કરી તેમને એલ.એલ.ડી. (ડોક્ટર ઓફ લોઝ)ની માનદ પડાવી એનાયત કરી હતી. તત્કાલીન સમયમાં આવી ડિગ્રી બહુજૂજ વ્યકિતઓને જ અપાતી. આમ મહારાણી વિક્ટોરીયાની રૂબરૂ મુલાકાતનું તથા એલ.એલ.ડી.ની માનદ પદવી મેળવવાનું બેવડું બહુમાન મેળવનાર તખ્તસિંહજી ભારત પાછા ફર્યા ત્યારે મુંબઇમાં તેમનું સન્માન અને સત્કાર કરવા માટે એક ભવ્ય સમારંભ યોજવામાં આવ્યો હતો. ઉપરાંત તખ્તસિંહજીએ મહારાણીની રૂબરૂ મુલાકાત લઈ તેમના પ્રત્યે પોતાના આદર અને સ્નેહ દર્શાવ્યા તે બદલ મહારાણીએ પ્રસન્ન થઈ તેમણે સ્વહસ્તે લખેલો પત્ર તથા પોતાનો હીરાજડિત ફોટો તેમને ભેટરૂપે મોકલ્યા હતા.

# કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** તમારો ખોવાયેલો આત્મવિશ્વાસ અને ઊર્જા આ અઠવાડિયામાં ફરી પાછા ફરશે. પરિણામે, જો તમને પહેલાં કોઈ નિર્ણય લેવામાં મુશ્કેલી આવી રહી હતી, તો તે પણ હવે દૂર થઈ જશે અને તમે તમારી સમજણ બતાવીને, યોગ્ય નિર્ણય લઈ શકશો. આ અઠવાડિયે શક્ય છે કે તમે ધંધામાં સારો નફો મેળવી શકો, જેથી તમે કોઈ મોટા પૈસા કમાવામાં સફળ થઈ શકો. પરંતુ પૈસાની ઝગઝગાટ સામે, તમારે થોડી કાળજી લેવાની જરૂર રહેશે. આવી ઉતાવળમાં, પૈસાથી સંબંધિત કોઈ નિર્ણય ન લો. ખાસ કરીને જ્યારે મહત્વપૂર્ણ આર્થિક સોદાની વાટાઘાટો કરતી વખતે, તમારે થોડો સમય કાડીને, યોગ્ય રીતે વિચારવાની જરૂર રહેશે. આ અઠવાડિયે તમારું જ્ઞાન તમારી આસપાસના લોકોને અસર કરશે. ખાસ કરીને આ અઠવાડિયે, તમે તમારા સારા સ્વભાવને લીધે તમારા ઘરની નજીકના કોઈપણ વિજાતીય વ્યક્તિને પણ આકર્ષિત કરી શકશો. પ્રેમની દ્રષ્ટિએ, તમારી રાશિના જાતકો માટે આ અઠવાડિયું સામાન્ય કરતા સારું રહેશે. કારણ કે યોગ બનાવવામાં આવી રહ્યા છે કે આ રાશિના તે મૂળના લોકો પ્રેમની અનુભૂતિથી અસ્પૃશ્ય હતા, તેઓને આ સમયે કંઈક ખાસ મળી શકે છે.

**વૃષભ - (બ, વ, ઉ)** અઠવાડિયે, તમને ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓ થવાની સંભાવના છે, તેથી યોગથી શરૂ કરો અને શરૂઆતથી જ તમારા રોજિંદામાં કસરત કરો. કારણ કે તમારી સાવચેતી તમારા માટે વધુ સારો વિકલ્પ સાબિત થઈ શકે છે. જો પૈસા કે જમીન સંબંધિત કોઈ બાબત કોર્ટમાં સસ્પેન્ડ કરવામાં આવી હતી, તો આ અઠવાડિયે, તેનો નિર્ણય તમારા પક્ષમાં આવશે. જેની સાથે તમને માત્ર પૈસા જ નહી મળે, પરંતુ તમારી નબળી આર્થિક સ્થિતિ પણ ઘણી હદ સુધી પાટા પર આવી જશે. સ્વજનો સાથેના તમારા સંબંધોને નવજીવન આપવામાં તમને આ અઠવાડિયે વિશેષ સફળતા મળશે. વળી, ઘરેલુ બાબતો અને લાંબા સમયથી બાકી રહેલા ઘરકામ માટે આ સમય સારો સપ્તાહ સાબિત થશે. જો તમે હજી પણ એકલા હો, અને કોઈ વિશેષની રાહ જોતા હો, તો તમને આ અઠવાડિયે કેટલાક સારા સંકેતો મળી શકે છે. કારણ કે કોઈ અજાણ્યા વ્યક્તિ માટે તમારા જીવનમાં પ્રવેશ કરવો, તમારા હ્રદયમાં પ્રેમની ભાવનાઓ ઉગાડવાનું શક્ય છે. તમારી સામાજિક સન્માન વધવાની સંભાવના છે, કારણ કે આ અઠવાડિયા દરમિયાન તમે ઘણી પરોપકારી પ્રવૃત્તિઓમાં સામેલ થશો, જેના પરિણામે તમને કારકિર્દીની પ્રગતિ મળશે. તમારી રાશિના વિદ્યાર્થીઓને આ અઠવાડિયામાં શિક્ષણમાં સારા માર્ક્સ મેળવવા માટે વધુ મહેનત કરવી નહી પડે.

**મિથુન - (ક, છ, ઘ) :-** જો તમે તમારા તાણથી છૂટકારો મેળવવા માંગતા હો, તો તમારે કર્ણપ્રિયા સંગીતનો આશરો લેવાની જરૂર પડી શકે છે. આ અઠવાડિયે, તમને અચાનક પૈસા પ્રાપ્ત થશે. જેની મદદથી તમે તમારી આર્થિક સ્થિતિને ઘણી હદ સુધી મજબૂત કરી શકશો, અને પરિણામે તમે તમારા ઘરના સભ્યને આર્થિક મદદ કરવાનું પણ નક્કી કરી શકો છો. તમારા કૌટુંબિક જીવનમાં આ અઠવાડિયે, તમે અન્ય લોકો પાસેથી વધુ અપેક્ષા કરશો. જેના કારણે પરિવારના સભ્યો તમારી સાથે થોડી ત્રાસ અનુભવી શકે છે, આ ફક્ત તમને મુશ્કેલીનું કારણ બનશે. તેથી, શરૂઆતમાં તમારી અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને, કોઈ પણ બાબતે બીજા પર દબાણ ન કરો. જો તમે કોઈને એકપક્ષી રૂપે પ્રેમ કરો છો, તો તમારે આ અઠવાડિયે તેમની સાથે તમારા હ્રદયની વાત અથવા તેમની સાથે વધુ બોલવાનું ટાળવું જોઈએ. નહીં તો પ્રેમીની સામે તમે જે કંઈ પણ કરો છો તે ફક્ત તમારા માટે જ કામ કરશે. જે વસ્તુ બનાવતા પહેલા જ બગાડી શકે છે. જે લોકો ભાગીદારીમાં વેપાર કરે છે તેમને સલાહ આપવામાં આવે છે કે આ દરમિયાન જો કંઇક ખોટું થાય તો તમારે બાબતોને સ્પષ્ટ રાખવાની જરૂર છે અથવા બહાર નીકળવાની વ્યૂહરચનાની યોજના કરવાની જરૂર પડી શકે છે, કારણ કે આ અઠવાડિયે ભાગીદારી માટે ફક્ત વધુ ફળદાયી છે. જ્યારે તમે પણ જાતે જ સાબિત થશો. વ્યવસાયમાં વિસ્તરણ કરવાનો પ્રયાસ કરતા જોવામાં આવશે.

**કર્ક - (ડ, હ) :-** આ અઠવાડિયામાં કેટલાક કારણોસર, તમારે અચાનક સફર પર જવું પડી શકે છે. આ યાત્રા તમારા માટે ખૂબ જ કંટાળાજનક સાબિત થશે. આવી સ્થિતિમાં, જો શક્ય હોય, તો તમારા માટે વધુ સારું રહેશે કે તમે આ મુસાફરી પાછળથી મુલતવી રાખો. આ અઠવાડિયે અચાનક ભારે નફા સાથે, તમે તમારા નાણાં મોટા નિવેશમાં રોકાણ કરવા વિશે નિર્ણય લઈ શકો છો. પરંતુ અત્યારે તમને સૂચના આપવામાં આવી છે કે ઉતાવળમાં કોઈ રોકાણ ન કરો. કારણ કે શક્ય છે કે જો તમે બધા સંભવિત જોખમોની તપાસ નહીં કરો, તો પછી તમે ભવિષ્યમાં નુકસાન થવાની સંભાવના વધી શકે છે. આ અઠવાડિયે, તમારા પરિવારમાં ઉત્સવપૂર્ણ વાતાવરણ રહેશે અને બધા સભ્યો ખુશ દેખાશે. પરિવારના લોકોની ખુશી જુઓ, તમારા ચહેરા પર સ્મિત પણ આવશે અને તમે પારિવારિક સુખ પ્રાપ્ત કરવામાં સફળ થશો. આ અઠવાડિયે કોઈ પણ ખાસ વ્યક્તિના હૃદય સાથે વાત કરવી તમારા માટે પ્રતિકૂળ સાબિત થઈ શકે છે.

**સિંહ - (મ, ટ) :-** આ અઠવાડિયે કોઈપણ, કોઈપણ સંજોગોમાં, તમને પજવશે અને પજવી શકે છે, તમારું સ્વાસ્થ્ય બગાડી શકે છે. આવી સ્થિતિમાં, તમારે જૂની બાબતોને યાદ રાખવી, કોઈ નજીકના અથવા મિત્ર સાથે ન ફસાઇ જવું અને પોતાને અને તમારા મનને શક્ય તેટલું આરામ કરવાનો પ્રયાસ કરવો શ્રેષ્ઠ રહેશે. ગ્રહોની સ્થિતિ અનુસાર, તમારી રાશિના લોકો માટે, આર્થિક દ્રષ્ટિકોણથી, આ અઠવાડિયે સરેરાશ કરતા વધુ સારા પરિણામ સાથે આવવાનું સાબિત થશે. આ ઉપરાંત સમાજમાં તમારી સ્થિતિને મજબૂત કરવા અને સંપત્તિમાં વધારો કરવા માટે, આ સમયે ઘણી અદભૂત તકો પ્રદાન કરવાની સંભાવના છે. આ અઠવાડિયે તમારું જ્ઞાન તમારી આસપાસના લોકોને અસર કરશે. ખાસ કરીને આ અઠવાડિયે, તમે તમારા સારા સ્વભાવને લીધે તમારા ઘરની નજીકના કોઈપણ વિજાતીય વ્યક્તિને પણ આકર્ષિત કરી શકશો. આ અઠવાડિયે, તમે તમારા પ્રેમીને તમારા મિત્રો અથવા નજીકના મિત્રો સાથે પરિચય કરવાનું નક્કી કરી શકો છો.

**કન્યા - (પ, ઠ, ણ) :-** આરોગ્યની દ્રષ્ટિએ, સમય ખાસ સારો રહેશે અને તમારા સારા સ્વાસ્થ્યના બળ પર, તમે તમારા પરિવારના સભ્યોની પણ ખૂબ કાળજી લેશો. જેનાથી પરિવારમાં પણ તમારું માન વધે તેવી સંભાવના છે. એકંદરે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ આ સપ્તાહ તમારા માટે સારો રહેશે. આ અઠવાડિયે, તમને અચાનક પૈસા પ્રાપ્ત થશે. જેની મદદથી તમે તમારી આર્થિક સ્થિતિને ઘણી હદ સુધી મજબૂત કરી શકશો, અને પરિણામે તમે તમારા ઘરના સભ્યને આર્થિક મદદ કરવાનું પણ નક્કી કરી શકો છો. આ અઠવાડિયે, તમારું મન દાનના કાર્યમાં વધુ જોડાશે, જેના કારણે તમે તમારા પરિવાર સાથે ધાર્મિક કાર્યક્રમ યોજવાનું પણ નક્કી કરી શકો છો. આની સાથે તમે તેમજ પરિવારના સભ્યો આંતરિક શાંતિનો અનુભવ કરશો અને મનમાં સકારાત્મક વિચારો ઉત્પન્ન થશે. આ અઠવાડિયે, પ્રેમની આગાહી મુજબ, તમારી અને તમારા પ્રેમિકા વચ્ચેની ક્રિયા પ્રતિક્રિયામાં સુધારણા સાબિત થશે. આ સુમેળને લીધે, તમે આ પવિત્ર સંબંધમાં તમને આવતી બધી સમસ્યાઓ દૂર કરી શકશો, અને આ તમને તમારા પ્રેમી સાથે સુંદર સમય પસાર કરવાની તક પણ આપશે.

**તુલા - (ર, ત) :-** આરામ કરવા અને નજીકના મિત્રો અને પરિવાર સાથે ખુશીની થોડી ક્ષણો પસાર કરવા. કારણ કે તે તમારા આરોગ્ય જીવન પર સકારાત્મક અસર થવાની શક્યતાને વધારશે. આ અઠવાડિયે, ધ્યાનમાં રાખો કે, તમને આકર્ષિત કરતી બધી રોકાણ યોજનાઓમાં દોડાદોડ ન કરો, આરામની ઊંડાઈથી જાણવાનો પ્રયાસ કરો. કારણ કે અત્યારે કોઈપણ પગલું ભરવું આર્થિક રીતે નુકસાનકારક હોઈ શકે છે. તેથી, કોઈપણ નિર્ણય પર પહોંચતા પહેલા, નિષ્ણાતની સલાહ લો. આ અઠવાડિયે તમને તમારા જીવનમાં કોઈ સારા સમાચાર મળશે, જેથી તમે આનંદ અને મિત્રો સાથે પાર્ટી કરીને તમારી ખુશીની ઉજવણી કરશો. પરંતુ તે દરમિયાન, દારૂ પીવા અને ઘરે આવવાથી પરિવારના સભ્યો પરેશાન થઈ શકે છે. તેથી આનંદ કરીને તમારી છબીને ઘરે બગાડશો નહીં, અને એવું કાંઈ પણ કરવાનું ટાળો કે જેનાથી પરિવારમાં શરમ આવે. આ અઠવાડિયે આવી ઘણી સંભાવનાઓ હશે, જ્યારે તમને રોમાંસ માટે પૂરતા અને ઘણા શુભ પ્રસંગો મળશે. કારણ કે આ સમય દરમિયાન તમે તમારા પ્રેમી સાથે એકલો સમય વિતાવતા જોશો. પરંતુ આ ફક્ત ટૂંકા સમય માટે જ શક્ય બનશે.

**વૃશ્ચિક - (ન, ય) :-** સ્વાસ્થ્ય માટે ભૂલ ન કરો, તેને કાયમ માટે સાચી માનવાની ભૂલ ન કરો. આવી સ્થિતિમાં, તમારા જીવન અને આરોગ્યનો સન્માન કરો અને સારી રીતભાત અપનાવો. નહિંતર, તમારે ભવિષ્યમાં થોડી મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આ રાશિના લોકો માટે આ અઠવાડિયું નાણાકીય દ્રષ્ટિએ ખૂબ જ સારી રીતે ચાલવાની અપેક્ષા છે. કારણ કે, ગ્રહોની સ્થિતિ અને દિશા આ સમયે તમારા માટે ખૂબ અનુકૂળ સ્થિતિમાં હોય તેવું લાગે છે. આવા કિસ્સામાં, તમે કોર્ટ સંબંધિત મિલકત અથવા જમીનના કિસ્સામાં પણ સફળતા પ્રાપ્ત કરી શકો છો. પરિવારના નાના સભ્યો સાથે આ અઠવાડિયે સમય વિતાવવો તમારા માટે ખાસ કરીને સારો રહેશે. કારણ કે તેમની સાથે સમય પસાર કરવાથી તમે ખૂબ તાજું અનુભવો છો અને તે જ સમયે, તે તમને તેમના જીવન સાથે સંબંધિત ઘણી પરિસ્થિતિઓ વિશે જાણવાની તક પણ આપશે. આ સમયે તમે તેમને કોઈપણ સમસ્યાથી દૂર કરવામાં સફળ થશો, જેનાથી પરિવારમાં તમારું માન વધશે.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** આ અઠવાડિયાની શરૂઆત તમારા સ્વાસ્થ્ય જીવન માટે અનુકૂળ હોવાનું કહી શકાય નહીં. જો કે, તે સપ્તાહના અંતમાં સુધારણા જોશે. તેથી અઠવાડિયાની શરૂઆતમાં, આરોગ્ય વિશે વધુ જાગૃત રહેવું વધુ સારું છે. જે ઉદ્યોગપતિઓએ નફો મેળવવા માટે ભૂતકાળમાં સોદો કર્યો હતો, તેઓને આ અઠવાડિયે મોટો શુભ સંકેત મળી શકે છે. કારણ કે શક્ય છે કે તમારો સોદો સફળ થાય, જેથી તમે જલ્દી પૈસા કે નફો મેળવવાની ઘણી સંભાવનાઓ જોઈ શકો. આ અઠવાડિયામાં તમને સુચના આપવામાં આવે છે કે પરિવારના સભ્યો સાથે ચર્ચાના કિસ્સામાં ધીરજ ન ગુમાવો. શક્ય છે કે કોઈ વાતની ચર્ચા કરતી વખતે, તમારા અને સભ્યો વચ્ચેના મંતવ્યો હોઈ શકે, જેના પછી તમારું કુટુંબ નાની બાબત સાથે રાઈનો પર્વત બનાવી શકે. તેથી, જો તમે તેમને તક ન આપો, તો પછી આ મામલો પોતે જ હલ થઈ શકે છે. લવ કુંડળી મુજબ આ અઠવાડિયે તમારી વચ્ચે પરસ્પર સમજણ ખૂબ સારી રહેશે અને તમે એકબીજાને સારી ભેટો પણ આપશો. તમે ક્યાંક લાંબી ડ્રાઇવ પર ફરવા પણ જઈ શકો છો.

**મકર - (ખ, જ) :-** આ અઠવાડિયામાં તમારે તમામ પ્રકારની મુસાફરી કરવી જોઈએ, નહીં તો તમે કંટાળો અને તાણ અનુભવો છો. જેની નકારાત્મક અસર તમારા સ્વાસ્થ્ય પર પણ જોવા મળશે. આ અઠવાડિયે તમારા માતાપિતાની સહાયથી તમે તમારા ભૂતકાળના કોઈ પણ આર્થિક સંકટમાંથી બહાર નીકળવામાં સમર્થ હશો. જેના કારણે તમે ફક્ત તમારી માનસિક તણાવથી છૂટકારો મેળવશો નહીં, પરંતુ તમારી સ્થિતિ સુધાર્યા પછી તમે યોગ્ય દિશામાં તમારા પ્રયત્નો કરવામાં પણ સફળ થશો. આ અઠવાડિયે શક્ય છે કે પરિવારમાં અન્ય સભ્યો વચ્ચે પારિવારિક ઝઘડો થઈ શકે છે, જેના કારણે કૌટુંબિક શાંતિ પણ ખલેલ પહોંચાડી શકે છે. જો કે, આ સમય દરમિયાન તમને સૂચના આપવામાં આવે છે કે અન્યની બાબતમાં દખલ ન કરો, નહીં તો તમે તેમના વિવાદમાં ફસાઈ શકો છો. તમારી રાશિના પ્રેમીઓ પ્રકૃતિ દ્વારા જુસ્સાદાર અને સંભાળ રાખે છે. આ જ કારણ છે કે તેઓ એક સફળ પ્રેમી બની શકે છે અને આ રીતે આ અઠવાડિયામાં પ્રેમીઓ તેમના પ્રેમી પાસેથી સાંભળશે. કારણ કે આ સમય દરમિયાન તેઓ તમારી સંભાળ લેતા જોવા મળશે.

**કુંભ- (ગ, શ, ષ, સ) :-** આ અઠવાડિયામાં તેના કરતા ઓછા પ્રયત્નો કર્યા પછી જ તમને સ્વસ્થ જીવન મળશે. કારણ કે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ આ સમયમાં, તમને ખૂબ નસીબ મળશે. તે સારી રીતે સમજી શકાય છે કે તમારી રાશિ સાઇનના લગભગ તમામ વતની, કે જ્યારે પણ તેઓ સખત મહેનત કરે છે અને સાચી દિશામાં પ્રયાસ કરે છે, ત્યારે તેઓને કદાચ સારો નાણાકીય લાભ મળે છે. તમારી વિચારસરણીમાં સકારાત્મકતા લાવવા અને તમારા પ્રયત્નોને તે જ દિશામાં મૂકવા માટે તમારે આ અઠવાડિયામાં કંઈક આવું જ કરવાની જરૂર પડશે. કારણ કે માત્ર ત્યારે જ તમે યોગ્ય તકોનો લાભ લઈને પૈસા કમાવવા માટે સક્ષમ હશો. આ અઠવાડિયે, પરિવારના સભ્યો સાથે બહાર જમવા અથવા મૂવી જોવાથી તમને આરામ મળશે અને તમને ખુશ રાખશે. ઉપરાંત, આ અઠવાડિયું તમને જોઈતા લોકો સાથે ભેટો વહેવારવા માટે વિશેષ સારું બનશે. પ્રેમીઓ માટે આ સારો સમય નથી. કારણ કે તમારા સાથીને આ સમયે તમારી સાથે વાતચીત કરવામાં અસ્વસ્થતા અનુભવાય છે.

**મીન-(દ, ચ, ઝ, થ) :-** આ અઠવાડિયે તમે ઘણા ગુપ્ત [illegible]તો અને સંપર્કોથી સારી કમાણી કરશો. પરંતુ આ સમય દરમિયાન તમારા ઘરના ખર્ચમાં વધારો તમારા માટે બચત વધારે મુશ્કેલ બનાવશે. તેથી તમારા માટે વધુ સારું રહેશે કે તમે તમારા વધારાના પૈસા સુરક્ષિત સ્થળે રાખો અને ફક્ત ખરાબ સ્થિતિમાં જ તેનો ઉપયોગ કરો. આ અઠવાડિયે ક્ષેત્રમાં વધારે કામ કરવાથી તમે પારિવારિક સુખથી વંચિત રહી શકો છો. જો કે, જો તમે તમારા માનસિક તાણથી છૂટકારો મેળવવા માંગતા હો, તો તમારે ઘરના સભ્યો સાથે થોડો સમય પસાર કરવો પડશે. તો કાંઈ પણ કામ કરીને તમારો સમય ઘરના લોકોને આપો. આ અઠવાડિયે, પ્રેમમાં પડતા આ રાશિના લોકોના જીવનમાં એક સુંદર વારો આવી શકે છે. તમે સમજી શકો છો કે તમારો લવમેટ તમારા માટે કેટલો મહત્વપૂર્ણ છે અને આ અનુભૂતિ દ્વારા તમે તેમને તમારા જીવનસાથી બનાવવાની સંપૂર્ણ યોજના બનાવી શકો છો. તમે તમારા પ્રિયજન સાથે પાર્ટીમાં ભાગ લઈ શકો છો. આ સમયે, તમારે તમારા કાર્ય અને પ્રાથમિકતાઓ પર વધુ ધ્યાન આપવાની જરૂર રહેશે. કારણ કે આ સમયે તમારી કાર્યક્ષમતા અને રચનાત્મકતા વિસ્તરશે. આવી સ્થિતિમાં, તેનો યોગ્ય લાભ લઇને, દરેક તકમાંથી તમારી કારકિર્દી નક્કી કરો. જો તમે કોઈ સારી અને મોટી કોલેજમાં પ્રવેશ મેળવવા માટે ઘરેથી ભાગવાનું વિચારતા હતા, તો આ સમયે સંભાવના થોડી વધુ અનુકૂળ લાગે છે. તેથી આ માટે, ઘણા વિદ્યાર્થીઓએ તેમના શિક્ષકોનો ટેકો લેવાની જરૂર રહેશે. જો કે, આ સમય દરમ્યાન કોઈપણ કારણોને લીધે શોર્ટ-કટ લેવાનું ટાળો, નહીં તો તમારે જીવનભર પસ્તાવો કરવો પડી શકે છે.

# લોકોમાં સૂર્યગ્રહણ જોવાનો ક્રેઝ કેનેડામાં લાખોની ભીડ ઉમટશે

## ઓન્ટારિયો પ્રાંતનો નાયગ્રા પ્રદેશ સૂર્યગ્રહણ જોવા આવતા લોકોનું સ્વાગત કરવામાં વ્યસ્ત

પ્રાંત

કેનેડાના ઓન્ટારિયો પ્રાંતનો નાયગ્રા પ્રદેશ સૂર્યગ્રહણ જોવા આવતા લોકોનું સ્વાગત કરવામાં વ્યસ્ત છે. આ સમયગાળા દરમિયાન અહીં ૧૦ લાખથી વધુ પ્રવાસીઓ આવવાની આશા છે. ૮ એપ્રિલે પૂર્ણ સૂર્યગ્રહણ થશે. કેનેડાના આ પ્રાંતમાં ૧૯૭૯ પછી આ પહેલું સૂર્યગ્રહણ હશે. નાયગ્રા ધોધને 'નેશનલ જિયોગ્રાફિક' ચેનલ દ્વારા સૂર્યગ્રહણ જોવા માટે શ્રેષ્ઠ સ્થળોમાંનું એક જાહેર કરવામાં આવ્યું છે.

નાયગ્રા ધોધના મેયર જિમ ડાયોડાટીએ માર્ચની શરૂઆતમાં જણાવ્યું હતું કે તેમને અપેક્ષા છે કે સૂર્યગ્રહણ દરમિયાન શહેરમાં એક જ દિવસમાં સૌથી વધુ પ્રવાસીઓ જોવા મળશે. નાયગ્રાની સ્થાનિક સંસ્થાએ પણ આ અંગે તૈયારીઓ શરૂ કરી દીધી છે. ગંભીર ટ્રાફિક જામ, ઈમરજન્સી સેવાઓની ભારે માગ અને મોબાઈલ ફોન નેટવર્કની સમસ્યાઓને કારણે ગુરુવારે એક દિવસ માટે કટોકટીની સ્થિતિ જાહેર કરવામાં આવી છે. સંપૂર્ણ સૂર્યગ્રહણ ઉત્તર અમેરિકા, મેક્સિકો, અમેરિકા અને કેનેડામાંથી પસાર થશે.

# ફોર્બ્સે ભારતીય અબજોપતિઓની યાદીમાં ૨૫ નવી હસ્તીઓનો સમાવેશ કર્યો : રેણુકા જગતિયાની એન્ટ્રી

વોશિંગ્ટન,

ફોર્બ્સે ભારતીય અબજોપતિઓની યાદી જાહેર કરી છે અને તેમાં ૨૫ નવી હસ્તીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. એક નામ એવું છે જે આજ સુધી ક્યારેય સાંભળવામાં નથી આવ્યું . જે છે રેણુકા જગતિયાની જેમણે અબજોપતિઓની યાદીમાં નવી એન્ટ્રી કરી છે. રેણુકા જગતિયાની દેશના અમીરોની યાદીમાં ૪૪મા ક્રમે છે અને તેમની કુલ સંપત્તિ લગભગ ૫ બિલિયન ડોલર એટલે કે ૪૦ હજાર કરોડ હોવાનો અંદાજ છે. આજે રેણુકા અબજોપતિઓની યાદીમાં સામેલ છે. તમને જણાવી દઈએ કે એક સમય હતો જ્યારે તેના પતિ લંડનના રસ્તા પર કેબ ચલાવી પોતાનું ગુજરાન કરતા હતા આજે અબજોપતિઓની યાદીમાં તેમની એન્ટ્રી થઈ છે ત્યારે ચાલો જાણીએ કેવી રીતે તે આટલા આમીર થયા. રેણુકા જગતિયાની ફોર્બની ટોપ ૧૦૦ ભારતીય ધનિકોની યાદીમાં ૪૪મા સ્થાને છે. રેણુકા જગતિયાની લેન્ડમાર્ક ગ્રુપના ઝઈઁ છે અને તેમની સંપત્તિ ઈં૪.૮ બિલિયન અથવા લગભગ ૪૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ હોવાનો અંદાજ છે. લેન્ડમાર્ક ગ્રુપનો બિઝનેસ ઘણા દેશોમાં ફેલાયેલો છે. તેનું મુખ્યાલય દુબઈમાં છે અને આ કંપનીની સ્થાપના રેણુકાએ તેના સ્વર્ગસ્થ પતિ મિકી જગતિયાની સાથે મળીને કરી હતી.



# રાજકોટમાં શનિ-રવિ આઈપીએલ ફેન પાર્ક




## દર્શકોને મોજ - મસ્તી સાથે બિગ સ્ક્રીન પર મેચ નિહાળવાનો લહાવો

રાજકોટ,

: રમતપ્રેમી અને રાજકોટનાં આંગણે તા. ૬ અને ૭ શનિવાર - રવિવારે આઈપીએલ ફેન પાર્કનું ભવ્ય આયોજન થયું છે. આ બે દિવસ દરમિયાન ક્રિકેટ ચાહકોને બિગ સ્ક્રીન પર ઢોલ - નગારાના તાલે અને રાસ-ગરબાની રમઝટ વચ્ચે મેચ જોવા મળશે. આઈપીએલ ફેન પાર્ક રેસકોર્સના ક્રિકેટ મેદાન પર યોજાશે અને દર્શકોને નિ:શુલ્ક પ્રવેશ મળશે.

શનિવારે સાંજે ૭-૩૦થી રાજસ્થાન રોયલ્સ વિ. રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુનો મેચ રમાશે. આ મેચ પહેલા ૫-૦૦ વાગ્યાથી દર્શકોને આઈપીએલ ફેન પાર્કમાં પ્રવેશ મળવાનું શરૂ થઈ જશે. દર્શકોને ખાણી-પીણીના સ્ટોર્સનો પણ લહાવો મળશે. ટેટૂ કલાકારો પણ હાજર હશે. રવિવારે બે મેચ હોવાથી દિવસભર આઈપીએલ ફેન પાર્કમાં રમઝટ ચાલુ રહેશે. રવિવારે પહેલા મેચમાં મુંબઈ સામે દિલ્હી હશે જ્યારે બીજા મેચમાં લખનઉની ટક્કર ગુજરાત સામે થશે.

# સૌથી મોંઘા ખેલાડીથી મયંક યાદવનો પગાર ૧૨૩ ગણો ઓછો : તેમ છતાં વિકેટ લેવામાં આગળ

મુંબઇ

આઈપીએલ ૨૦૨૪ની શરુઆત થયાને હજુ ૧૦ દિવસથી વધુનો સમય થયો છે, પરંતુ આ ૧૦ દિવસમાં જે એક નામ સૌથી વધુ ચર્ચામાં છે. તે છે મયંક યાદવનું, આ ખેલાડીએ પોતાની બોલિંગથી આઈપીએલ ૨૦૨૪માં ધમાલ મચાવી છે, મયંક યાદવની બોલિંગ લોકો આંખો બંધ કરીને પણ જોઈ શકે છે. તેમના બોલથી બેટ્સમેનો માટે




મુશ્કિલ સાબિત થઈ રહ્યા છે. લખનૌ સુપર જાયન્ટસની ટીમમાં એક એવો હિરો છે જેની ચમક આજે દુર દુર સુધી ફેલાયેલી છે. અમે વાત કરી રહ્યા છીએ મંયક યાદવની.મયંક યાદવને લખનૌ સુપર જાયન્ટસની ટીમે ૨૦ લાખ રુપિયામાં ખરીદ્યો હતો. ત્યારબાદ તેમણે આઈપીએલમાં પોતાનું ડેબ્યુ પંજાબ કિંગ્સ વિરુદ્ધ કર્યું હતુ. આ મેચમાં તેમણે બોલિંગથી સૌ કોઈના મોંઢા બંધ કરી દીધા છે. તેમજ તે ટીમ માટે સૌથી મોટા મેચ વિનર તરીકે સામે આવ્યો છે.

# ફિલ્મ 'પુષ્પા ધ રુલ'ના ટીઝરની તારીખ જાહેર કરાઈ

મુંબઈ,

૨૦૨૪નું વર્ષ સિક્વલ ફિલ્મો માટે ધમાકેદાર રહેવાનું છે. આ ફિલ્મ એક સાથે અનેક થિયેટરોમાં ધમાલ મચાવશે. અલ્લુ અર્જુનની ફિલ્મ પુષ્પા ધ રૂલ (પુષ્પા ૨) પણ આ યાદીમાં સામેલ છે. આ ફિલ્મની ચાહકો બે વર્ષથી રાહ જોઈ રહ્યા છે. દરમિયાન, ફિલ્મના ટીઝરની રિલીઝ ડેટનું અનાવરણ કરવામાં આવ્યું છે. ગત વ... અલ્લુ અર્જુન સ્ટારર પુષ્પા ૨ને લઈને એક ટીઝર વીડિયો રિલીઝ કરવામાં આવ્યો હતો. દરમિયાન, થોડા દિવસો પહેલા ફિલ્મની રિલીઝ ડેટનું અનાવરણ કરવામાં આવ્યું હતું. દરમિયાન, મેકર્સ અલ્લુ અર્જુનના ચાહકોને વધુ એક સરપ્રાઈઝ આપવા જઈ રહ્યા છે. સાઉથનો સુપરસ્ટાર અલ્લુ અર્જુન થોડા દિવસો પછી પોતાનો ૪૨મો જન્મદિવસ ઉજવવા જઈ રહ્યો છે. આ અવસરને વધુ ખાસ બનાવવા માટે પુષ્પા ૨ ની ટીમ ફિલ્મનું બીજું ટીઝર રિલીઝ કરવા જઈ રહી છે. પુષ્પા ૨નું ટીઝર રિલીઝ ૨ એપ્રિલ, મંગળવારે સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું છે. ફિલ્મનું નવું પોસ્ટર રિલીઝ કરીને નિર્માતાઓએ ફિલ્મના ટીઝરની રિલીઝ ડેટનું અનાવરણ કર્યું છે. '

# RCB ડ્રેસિંગ રૂમનો વીડિયો વાઈરલ, ટીમના પ્રદર્શનથી નાખુશ અને ગુસ્સો કાઢતો જોવા મળ્યો વિરાટ કોહલી



મુંબઈ,

ગત મંગળવારે IPL 2024માં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમ, તેની ત્રીજી મેચ હારી ગઈ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં લખનૌ સુપર જાયન્ટ્સે, બેંગલુરુને ૨૮ રનથી હરાવ્યું હતું. પ્રથમ બેટિંગ કરી લખનૌ દ્વારા આપવામાં આવેલા ૧૮૨ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી બેંગલુરુની ટીમ માત્ર ૧૫૩ રન જ બનાવી શકી હતી. આઈપીએલની વર્તમાન સિઝનમાં બેંગલુરુની આ સતત બીજી હાર છે. ગત મંગળવારે રમાયેલ લખનૌ વિરુદ્ધ બેંગલુરુની મેચમાં આરસીબીના બેટ્સમેનોએ, નિરાશાજનક પ્રદર્શન કર્યું હતું. મેચ દરમિયાન પૂર્વ કેપ્ટન વિરાટ કોહલી ડ્રેસિંગ રૂમમાં ખૂબ જ ઉદાસ જોવા મળ્યો હતો, જેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વાયરલ વીડિયોમાં વિરાટ કોહલી પોતાની નિરાશા છુપાવી શકતો નથી. IPL 2024માં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે પોતાના અભિયાનની શરૂઆત હાર સાથે કરી હતી. ચેન્નાઈએ બેંગલુરુને પહેલી જ મેચમાં હરાવ્યું હતું. ટુર્નામેન્ટની બીજી મેચમાં આરસીબીએ પંજાબને હરાવ્યું હતું. પરંતુ આ પછી બેંગલુરુને કોલકાતા નાઈટ રાઈડર્સ અને લખનૌ સુપર જાયન્ટ્સે હરાવ્યું. જો આરસીબીની ટીમને પ્લેઓફમાં જગ્યા બનાવવી હોય તો તેણે, હવે પછીની તેની આગામી મેચ જીતવી પડશે, કારણ કે આ વખતે પ્લેઓફ માટે બધી ટિમ માટે કઠિન સ્પર્ધા થવાની છે.



# આલિયા ફિલ્મ 'લવ એન્ડ વોર'માં જાઝ સિંગરના રોલમાં જોવા મળશે

મુંબઈ,

વર્ષ ૨૦૨૪ની શરૂઆતમાં સંજય લીલા ભણસાલીએ 'લવ એન્ડ વોર' નામની ફિલ્મની જાહેરાત કરી હતી. આ ફિલ્મમાં રણબીર કપૂર, વિકી કૌશલ અને આલિયા ભટ્ટ જોવા મળશે. જાહેરાત બાદ આ ફિલ્મ સાથે જોડાયેલી માહિતી સમયાંતરે બહાર આવતી રહે છે. ફેબ્રુઆરીમાં એવી માહિતી મળી હતી કે રણબીર ફિલ્મમાં ગ્રે પાત્ર ભજવવાનો છે. તે જ સમયે, જે લોકો આ ફિલ્મમાં આલિયાનો રોલ કેવો હશે તે જાણવાની રાહ જોઈ રહ્યા છે, હવે તેમના માટે મોટી માહિતી આવી છે. પીપિંગમૂનના રિપોર્ટ અનુસાર આલિયા આ ફિલ્મમાં જાઝ સિંગરના રોલમાં જોવા મળશે. એવું પણ કહેવામાં આવ્યું હતું કે 'હાઈવે', 'હમ્પ્ટી શર્મા કી દુલ્હનિયા' જેવી ફિલ્મો કર્યા બાદ તે આ રોલ કરવા માટે ખૂબ જ ઉત્સાહિત છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ તેની કારકિર્દીનું સૌથી જટિલ પાત્ર હશે. 'લવ એન્ડ વોર' એક એવી ફિલ્મ બનવા જઈ રહી છે જેની વાર્તા કાલાતીત હશે અને પ્રેમ, વફાદારી અને બલિદાનની થીમ પર આધારિત હશે. આ ફિલ્મની સ્ટોરી શું હશે તે અંગે હજુ સુધી કોઈ માહિતી સામે આવી નથી, પરંતુ ફિલ્મની જાહેરાત બાદ એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે લવ ટ્રાયંગલ પર આધારિત સ્ટોરી બતાવવામાં આવશે. અન્ય એક રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે ભણસાલીની આ ફિલ્મ ૧૯૬૪માં રિલીઝ થયેલી રાજ કપૂરની ફિલ્મ 'સંગમ'ની અનઓફિશિયલ રિમેક હશે. ભણસાલીએ આ ફિલ્મ માટે અગાઉથી તૈયારીઓ શરૂ કરી દીધી હતી. ઉત્પાદનનું કામ નવેમ્બર-ડિસેમ્બરમાં શરૂ થવાની ધારણા છે. આ ફિલ્મ ક્રિસમસ ૨૦૨૫માં સિનેમાઘરોમાં રિલીઝ થશે. જો કે, આ દિવસોમાં સંજય લીલા ભણસાલી પણ તેની પ્રથમ વેબ સિરીઝ 'હીરામંડી' માટે ચર્ચામાં છે.

# જો લગ્નના કાયદાઓ બદલાશે નહીં, તો એક દિવસ જાપાનમાં દરેકની સરનેમ એક હશે

ટોક્યો,


જાપાનમાં થયેલા એક સંશોધન બાદ એક વિચિત્ર દાવો કરવામાં આવી રહ્યો છે. રિસર્ચ અનુસાર, જો લગ્નના કાયદામાં કોઈ ફેરફાર નહીં થાય તો એક દિવસ જાપાનમાં દરેકની સરનેમ એક જ હશે. આ કાયદા હેઠળ યુગલોને સરનેમ રાખવાની છૂટ છે. તોહોકુ યુનિવર્સિટીના પ્રોફેસર હિરોશી યોશિદાની આગેવાની હેઠળના સંશોધનનો અંદાજ છે કે જો જાપાન પરિણીત યુગલો પર સમાન અટક પસંદ કરવા દબાણ કરવાનું ચાલુ રાખશે, તો વર્ષ ૨૫૩૧ સુધીમાં દરેક જાપાની પુરુષ "સાતો-સાન" તરીકે ઓળખાશે. વિશ્વની મોટા ભાગની મોટી અર્થવ્યવસ્થાઓથી વિપરીત કે જેણે આ પરંપરાને નાબૂદ કરી છે, જાપાન હજુ પણ કાયદેસર રીતે વિવાહિત યુગલોને સમાન અટક રાખવાની મંજૂરી આપે છે. અહીં સામાન્ય રીતે પત્નીઓ તેમના પતિનું નામ તેમના ઉપનામ તરીકે લે છે અને જાપાનમાં સમલૈંગિક લગ્ન હજુ પણ કાયદેસર નથી. આ નામોમાં સૌથી સામાન્ય નામ 'સાતો-સાન' છે. સાતો પહેલાથી જ દેશમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતી અટક છે, જે માર્ચ ૨૦૨૩ના સર્વે અનુસાર કુલ વસ્તીના ૧.૫ ટકા હિસ્સો ધરાવે છે, જ્યારે અટક 'સુઝુકી' બીજા સ્થાને છે. પ્રોફેસર યોશિદાએ કહ્યું, જો દરેક વ્યક્તિ સાતો બની જાય, તો આપણને આપણા પહેલા નામ અથવા નંબરથી બોલાવવા પડશે.

# ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' ૧૦ એપ્રિલથી સિનેમાઘરોમાં આવશે

મુંબઈ,

બસ હજુ થોડા દિવસો રાહ જુઓ. ઘણા સમયથી ચર્ચામાં રહેલી અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફની ફિલ્મ ૧૦ એપ્રિલથી સિનેમાઘરોમાં આવશે. અક્ષય-ટાઈગર 'બડે મિયાં છોટે મિયાં' બનીને લોકોનું મનોરંજન કરશે. આ એક એક્શન થ્રિલર ફિલ્મ છે, તેને વધુ શક્તિશાળી બનાવવા માટે, દક્ષિણ સિનેમાના લોકપ્રિય અભિનેતા પૃથ્વીરાજ સુકુમારનને વિલન તરીકે કાસ્ટ કરવામાં આવ્યો છે. જે ફિલ્મનું ટ્રેલર આવ્યું તેમાં ઘણી જ એક્શન જોવા મળી હતી. હવે એ જોવાનું રસપ્રદ રહેશે કે ફિલ્મ રિલીઝ થયા પછી લોકો તરફથી કેવો પ્રતિસાદ મળે છે અને ફિલ્મ બોક્સ ઓફિસ પર કેવું પ્રદર્શન કરે છે. હાલમાં આ ફિલ્મના નિર્માતાએ તેની કમાણી અંગે મોટો દાવો કર્યો છે. ખરેખર, 'બડે મિયાં છોટે મિયાં'ને અલી અબ્બાસ ઝફર, જેકી ભગનાની અને વાશુ ભગનાની પ્રોડ્યુસ કરી રહ્યા છે. હાલમાં જ જેકીએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક વીડિયો પોસ્ટ કર્યો છે, જેમાં તેની સાથે વાશુ પણ જોવા મળી રહ્યો છે. બંને ફિલ્મને લઈને ઉત્સાહિત લાગે છે. જ્યારે વાશુ ભગનાની કહે છે, "છોટે મિયાં ચિંતા ન કરો, વિશ્વભરમાં ૧૧૦૦ કરોડ રૂપિયાની પુષ્ટિ થઈ ગઈ છે.

# અભિનેત્રી સોનાક્ષી સિન્હા 'સન ઓફ સરદાર ૨'માં અજય દેવગણ સાથે જોવા મળશે ?



મુંબઈ,

સિક્વલ અથવા ફ્રેન્ચાઈઝી ફિલ્મોમાં, ઘણીવાર એવું જોવા મળે છે કે નિર્માતાઓની પ્રાથમિકતા મૂળ ફિલ્મના કલાકારો સાથે ફ્રેન્ચાઈઝીને આગળ લઈ જવાની હોય છે. ઘણા ફિલ્મ નિર્માતાઓએ નવા કલાકારો સાથે ફ્રેન્ચાઈઝીને આગળ ધપાવી છે, પરંતુ પછી તેઓએ આખી વાર્તા શરૂઆતથી શરૂ કરવી પડી.

હવે આ બંને ફિલ્મોની સિક્વલ ફિલ્મોની તૈયારીઓ ટૂંક સમયમાં શરૂ થવા જઈ રહી છે. મળતી માહિતી પ્રમાણે અભિનેતા આવતા વર્ષથી આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે. અભિનેતા સંપૂર્ણપણે નવી ટીમ સાથે સન ઓફ સરદાર ૨ બનાવશે. આમાં ડિરેક્ટરથી લઈને કાસ્ટ સુધીની આખી ટીમ નવી હશે. અહેવાલો અનુસાર, સન ઓફ સરદાર ૨ મૂળ ફિલ્મમાંથી માત્ર અજય દેવગન જ જોવા મળશે. અભિનેત્રી સોનાક્ષી અને સંજય બંને સિક્વલમાં નહીં હોય.

માહિતીના આધારે અજય દેવગન આ વર્ષે જૂનથી લંડનમાં આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે. તો પંજાબી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જાણીતા ડિરેક્ટર વિજય કુમાર અરોરા સાથે ફિલ્મ સન ઓફ સરદાર ૨ માટે વાતચીત થઈ છે. સન ઓફ સરદાર ૨ તેની પ્રથમ હિન્દી ફિલ્મ હશે. આ ફિલ્મનું શૂટિંગ આવતા વર્ષે ૨૦૨૫ના મધ્યથી શરૂ કરવાની યોજના છે.

સૌરાષ્ટ્ર આજતક

# રાજકોટ માર્કેટ યાર્ડમાં ઘઉં - ચણાની રેકોર્ડ આવકઃ ૯ કીમી લાંબી લાઇન

## ચારેકોર ઘઉં-ચણાના ઢગલાઃ ધાણા-જીરૂ-મેથી-લસણની પણ ચિક્કાર આવક


તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ
રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં કૃષિ સીઝન બરાબર જામી છે અને શિયાળુ પાકના ઢગલા થઇ રહ્યા છે. રાજકોટનું યાર્ડ પણ વિવિધ કૃષિ જણસીઓથી ઉભરાયું હતું. ઘઉં જેવી જણસીમાં તો વિક્રમી પ્રમાણમાં માલ ઠલવાયો હતો.

માર્કેટ યાર્ડમાં આજે માત્ર ઘઉંની જ પોણા બે લાખ મગ (૩૫૦૦૦ ક્વીંટલ)ની આવક થઇ હતી. વિશાળ યાર્ડમાં ચારે તરફ ઘઉંના ઢગલા જોવા મળતા હતા. તમામ માલનું વેચાણ પણ શક્ય બન્યું હતું અને અર્ધાથી વધુ માલ પડતર રહેતા હવે નવી આવક અટકાવી દેવામાં આવી છે. હરરાજીમાં ઘઉં લોકવન ૪૭૪થી ૫૩૮ તથા ઘઉં ટુકડા ૫૦૨ થી ૫૮૦ના ભાવે વેચાયા હતાં.

ઘઉં ઉપરાંત એક લાખ મણ ચણા ઠલવાયા હતા. ચણાની પણ ચિક્કાર આવક હતી. સફેદ ચણામાં ૧૬૦૦ થી ૨૨૫૦ના ભાવે હરરાજી થઇ હતી. જંગી આવક થતી હોવાને કારણે ચણા પીળા તથા ચણા સફેદની વારાફરતી એકાંતરે હરરાજી કરવામાં આવી રહી છે.

માર્કેટ યાર્ડના સુત્રોએ કહ્યું કે વિવિધ જણસીઓની ચિક્કાર આવકો હોવાથી માલ ભરેલા વાહનોના પણ થપ્પા થઇ રહ્યા છે. ગઈરાત્રે ૮ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધીમાં ૨૦૫૦ વાહનો ખડકાયા હતા. ૯ કિ.મી. લાંબી લાઇન લાગી હતી. ચેરમેન જયેશ બોઘરા ઉપરાંત સ્ટાફ દ્વારા વારાફરતી વાહનોને સંકુલમાં લેવડાવવામાં આવ્યા હતાં.

ઘઉં-ચણા ઉપરાંત ૨૪૦૦ ક્વીંટલ મગફળીની આવક હતી. ભાવ જીણીના ૧૦૯૫ થી ૧૨૪૫ તથા જાડીના ૧૧૧૦ થી ૧૩૫૦ હતા.

એરંડામાં ૯૦૦ ક્વીંટલની આવક ભાવ ૧૦૫૦ થી ૧૧૩૮ હતા. લસણમાં ૧૩૫૦ ક્વીંટલની આવકે ભાવ ૧૧૫૦ થી ૨૮૦૦, ધાણામાં ૧૫૫૦ ક્વીંટલની આવક ભાવ ૧૩૪૦ થી ૧૯૧૧, ધાણીમાં ૧૦૦૦ ક્વીંટલની આવકે ભાવ ૧૫૬૦ થી ૨૩૯૦, જીરૂમાં ૧૩૦૦ ક્વીંટલથી આવકે ભાવ ૩૯૨૫ થી ૪૦૬૦, મેથીમાં ૩૫૦૦ ક્વીંટલની આવકે ભાવ ૯૮૦ થી ૧૩૫૦ના પડ્યા હતાં.

# પરસોતમ રૂપાલાએ મહિલાઓ સાથે ભોજન લઈ ટિફિન બેઠક કરી


તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,
પરસોતમ રૂપાલાએ મહિલાઓ સાથે બેસી ભોજન કર્યું હતું. જેનાથી રૂપાલાની નવી જ રાજનીતિ જોવા મળી રહી છે. દિલ્હીથી આવ્યા બાદ રૂપાલામાં ભરપૂર આત્મવિશ્વાસ જોવા મળી રહ્યો છે અને આથી હવે ભાજપ દ્વારા રૂપાલાને હટાવવામાં આવશે તેવી વાતો હવે ઓછી ચર્ચાઈ રહી છે. જોકે રૂપાલા સાથે ક્ષત્રિય સમાજના ભાજપના કોઈ જ નેતા જોવા મળ્યા નહોતા. આ તકે રૂપાલાએ જણાવ્યું હતું કે, આજે દરેક જગ્યાએ મહિલાઓ આગળ છે અને આ સ્વાવલંબી યોજના પહેલા ભાઈઓ માટે પણ હતી. પરંતુ બાદમાં આ યોજનાનો લાભ મોટાભાગની બહેનોએ લેતા હવે આ યોજનામાં માત્ર બહેનો જ રહી છે. આ તકે તેમણે બહેનો સાથે બેસી ટિફિન બેઠક કરી હતી અને તેમની સાથે નીચે બેસી ભોજન કર્યુ હતુ. મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, હું ધારાસભ્ય હતો ત્યારથી ટિફિન બેઠક કરતો હતો અને આજે અહીં સ્વાવલંબી આત્મનિર્ભર મહિલા મિલનમાં આવવાનો મોકો મળ્યો. જેમાં મહિલાઓ સાથે સંવાદ કર્યો અને તેમની સાથે ભોજન કર્યું. અહીં રાજકોટ લોકસભાના પૂર્વ સાંસદ મોહન કુંડારિયા, રાજયસભાના સાંસદ રામ મોકરિયા અને ધારાસભ્ય દર્શિતાબેન શાહ ઉપસ્થિત રહ્યા હતા. ભાવનાબેન જોષીપુરા સહિતની મહિલાઓએ રૂપાલાને જીત માટે આશીર્વાદ આપ્યા હતા.

# રાજકોટમાં માં આશાપુરા મંદિરે શિશ ઝુકાવી પ્રચારકાર્ય શરૂ કરતા પરષોતમભાઈ રૂપાલા

## મંદિરમાં માં આશાપુરાના લીધા આશિર્વાદ લીધા સાંસદ રામભાઈ મોકરીયા સહિતના આગેવાનોની ઉપસ્થિતિ


તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,
લોકસભાના ઉમેદવાર શ્રી પરસોતમભાઇ રૂપાલા ગઇકાલે દિલ્હીથી રાજકોટ આગમન થયું હતું. તેઓ આજે સવારે અહિંના વિખ્યાત પેલેસ રોડ ઉપર આવેલ શ્રી આશાપુરા માતાજીના મંદિરે દર્શન કર્યા હતાં. અને ત્યાસરબાદ બીજા તબકકાનો ચૂંટણી પ્રચાર શરૂ કરી દીધો છે.

રાજકોટ લોકસભા મત વિસ્તા રના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા ગઇકાલે કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં હાજરી આપ્યા બાદ પોતાના મત વિસ્તાર રાજકોટમાં પરત ફર્યા છે અને તેમણે જોરશોરથી પોતાનું પ્રચારકાર્ય શરૂ કરી દીધુ છે. આજે સવારે ક્ષત્રિયોના આરાધ્યાક દેવી માં આશાપુરા મંદિર (પેલેસ રોડ) ખાતે તેઓ પહોંચ્યા હતા અને માતાજીના આશિર્વાદ માંગી પ્રચારકાર્ય શરૂ કર્યુ હતુ. તેઓ જણાવે છે કે, મને અને ભાજપને ક્ષત્રિય સમાજનો સંપૂર્ણ ટેકો પ્રાપ્ત છે. તેઓ એમ પણ જણાવે છે કે, મેં ૨ વખત હાથ જોડીને માફી પણ માંગી લીધી છે અને મને આશા છે કે, ક્ષત્રિય સમાજ મોટુ મન રાખી મને માફ કરી દેશે.અત્રે એ નોંધનીય છે કે, આગામી દિવસોમાં યોજાનાર ક્ષત્રિય સમાજના સંમેલનને હાલ તુર્ત મોકુફ રાખવામાં આવ્યુ છે. એટલું જ નહીં, ગઇકાલે પાટીદાર સમાજની ચિંતન બેઠક પણ રદ્દ કરવામાં આવી હતી.આજે સવારે જ્યારે રૂપાલાએ આશાપુરા મંદિરની મુલાકાત લીધી તે વેળાએ તેમની સાથે ભાજપના રાજકોટના દિગ્ગજ નેતાઓ પણ હાજર રહ્યા હતા.

# રાજકોટમાં ૧૦, એપ્રીલથી સુબોધીની વચનામૃત ભાગવત મહોત્સવ

## આચાર્યપીઠે બિરાજનાર પૂ.પા.ગો.દ્વારકેશલાલજી મહારાજશ્રી વચનામૃતના માધ્યમથી ઉપસ્થિતિ ભાવિક શ્રોતાઓને તેમની તાત્વિક સાર ગર્ભિત વાણીના સરળ પ્રવાહમાં રસપાસ કરાવશે



રાજકોટ,
રાજકોટના પરમ વૈષ્ણવ પરિવારો, ભાગવત વચનામૃતના મુખ્ય મનોરથી પારસભાઈ વલ્લભભાઈ કટારિયા તથા સહ મનોરથી નટવરલાલ હરિયાણીના સેવા ઉપક્રમે રાજકોટમાં પૂ.ગો.શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીના સ્વમુખે આગામી તા.૧૦-૪-૨૪થી ૧૬-૪-૨૪ સુધી દરરોજ બપોરે ૩ થી સાંજે ૭ વાગ્યા સુધી સુબોધીની અષ્ટોત્તર શત શ્રીમદ ભાગવત વચનામૃત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે. રવડી બાયપાસ, મારવેલ હોસ્પિટલ રોડ, સંસ્કાર સાનિધ્યની, સંસ્કાર સીટી રામધણની બાજુમાં વિશાળ પટાંગણમાં યોજાયેલ આ પ્રેરણાદાયી ભાગવત મહોત્સવમાં સમગ્ર રાજકોટ આજ આસપાસના વિસ્તારના ધર્માનુરાગી શ્રોતાઓ વિશાળ સંખ્યામાં હાજરી આપીને લાભા લેશે.

આચાર્યપીઠે બિરાજનાર પૂ.પા.ગો.દ્વારકેશલાલજી મહારાજશ્રી જગદ્?ગુરૂ શ્રીમદ વલ્લભાચાર્ય પ્રાગ્ટય ગૃહાધિપતિ છે અને સોમયાજી દીક્ષિત અનંત શ્રી વિભુષિત છે, તેઓ પુષ્ટિ સૃષ્ટિનું પ્રેકબળ છે. વિવિધ વચનામૃતના માધ્યમથી ઉપ સ્થિતિ ભાવિક શ્રોતાઓને તેમની તાત્વિક સાર ગર્ભિત વાણીના સરળ પ્રવાહમાં રસપાસ કરાવશે આ અલૌકિક મહોત્સવનો લાભલેવા ચંપારણય ધામ હવેલી તરફથી સર્વે ભાવિકજનોને જાહેર આમંત્રણ અપાયું છે.સાત દિવસના આ કાર્યક્રમ દરમ્યાન તા.૧૦ એપ્રિલ બુધવારે રાત્રે ૯ થી ૧૧-૩૦ રાસકિર્તન, તા.૧૨ એપ્રીલ શુક્રવારે રાત્રે ૯ વાગ્યાથી ઢાઢીલીલી, તા.૧૪ એપ્રિલ રવિવારે રાત્રે ૯ વાગ્યે ચંપારણધામ હવેલીના પાઠશાળાના બાળકો નાટ્યકૃત રજુ કરશે તા.૧૫, એપ્રીલ સોમવારે રાત્રે ૯ વાગે લોરી ઉત્સવ અને સમુહ માળાં પહેરામણી તથા તા.૧૬ એપ્રીલ મંગળવારે રાત્રે ૯ વાગ્યે ષષ્ટીપૂર્તિ અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવ્યુ છે. આ ધર્મયોજનની વિશેષ વિગતો અને મો.નં.૯૪૨૭૨૨૦૮૩૯, ૯૮૨૫૨૧૭૧૬૪ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયુ છે.

# રાજકોટમાં રૂપાલાના સમર્થનમાં લાગેલા પોસ્ટરો તંત્રએ હટાવ્યા



રાજકોટ,
રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમભાઈ રૂપાલા સામે ક્ષત્રિય સમાજ દ્વારા ચાલી રહેલા ઉગ્ર આંદોલન વચ્ચે ગઈ કાલે રાજકોટના જીવરાજપાર્ક વિસ્તારમાં રૂપાલાની તરફેણમાં બેનરો લગાવવામાં આવ્યા હતાં. જો કે, મંજુરી વગર લગાવવામાં આવેલા આ બેનર્સ અને પોસ્ટર્સ આજે સવારમાં જ મહાનગરપાલિકા અને ચૂંટણી તંત્ર દ્વારા ઉતારી લેવામાં આવ્યા હતાં જો કે, હાલ રૂપાલા મામલે ક્ષત્રિય સમાજ ભારે આક્રોશભેર આંદોલન ચલાવી રહ્યો છે તેવા સમયે જ જીવરાજપાર્કમાં રૂપાલાની તરફેણમાં પોસ્ટરો લગાવી ક્ષત્રિયોને ઉશ્કેરવાની રાજકીય ચાલ હોવાનું ગણાવાય છે ભાજપની મંજુરી વગર સ્થાનિક નેતાએ આ પોસ્ટરો લગાવ્યા હોવાનું કહેવાય છે અગાઉ ધારાસભાની ચૂંટણીમાં ભાજપ સામે જ મોરચો ખોલનાર નરેન્દ્ર સોલંકીએ લોકસભાના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાને માફ કરી દેવા ક્ષત્રિય સમાજને વિનંતી કરી હતી અને રૂપાલાની તરફેણમાં પોસ્ટરો પણ લગાવ્યા હતાં.

# રાજકોટમાં મોઢવણિક જ્ઞાતિજનો માટે યુવીએમસી પાર્ટીલોન્સનું લોકાર્પણ



રાજકોટ,
સૌરાષ્ટ્રની મોઢવણીક જ્ઞાતિની ૧૫૦ વર્ષ જૂની સંસ્થા શ્રી મોઢવણીક મહાજન દ્વારા રાજકોટ શહેરના અતિ પોશ વિસ્તાર એવા કાલાવડ રોડ પરના ન્યારી ડેમ મેઈન રોડ ખાતે અતિઆધુનિક સુવિધાઓથી સજ્જ આશરે ૪ હજાર વારમાં ભવન અને પાર્ટીલોન્સનું નિર્માણ કરવામાં આવેલ છે. જેમને સંસ્થાનાં સ્થાપક તેમજ મૂળદાતા 'શ્રી ઉજમશીભાઈ વિરચંદભાઈ વોરા મોઢવણીક કેમ્પ એન્ડ પાર્ટીલોન્સ (યૂવીએમસી પાર્ટીલોન્સ)' નામકરણ સાથે તાજેતરમાં મોઢવણીક જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં જગદગુરુ શ્રીમદ વલ્લભાચાર્ય પ્રાગટ્ય પીઠાધીસ્વર સોમયાજી દીક્ષિત, અનંત વિભૂષિત પૂ. પા. ગો. ૧૦૮ દ્વારકેશલાલજી મહોદય, ચંપારણ્યરનાં હસ્તે સમાજાપર્ણ કરવામાં આવેલ હતું. મોઢવણીક મહાજન રાજકોટ દ્વારા પાર્ટી પ્લોટ જ્ઞાતિજનોને રૂા. ૨૧ હજારનાં ટોકન દરે માટે આપવામાં આવશે. .યૂવીએમસી પાર્ટી લોન્સના લોકાપર્ણ પ્રસંગે 'ભક્તિ કે સંગ, શ્રીજી કે સંગ' પુષ્ટિ ભક્તિ ગીતોનાં

આ અવસરને સફળ બનાવવા મોઢવણીક મહાજન રાજકોટના પ્રમુખ ભાગ્યે શ વોરા, મેને. ટ્રસ્ટી કીરેન છાપીયા, ઉપપ્રમુખ સુનિલ વોરા, મંત્રી અશ્વિન વડોદરિયા, સહમંત્રી કેતન પારેખ, ખજાનચી નીતિન વોરા, ટ્રસ્ટીપઓ જગદીશ વડોદરિયા, સંજય મણિયાર, ઈલેશ પારેખ, ધર્મેશ વોરા,ડો. કમલેશ પારેખ, અતુલ પારેખ, જયેન્દ્ર મહેતા, કેતન વોરા, યોગેશ પારેખ, ધીરુભાઈ મહેતા, નીતિન મણિયાર, ભાવિક મહેતા રશ્મિોન શાહ, પ્રતાપ દોશી, રાજૂ મહેતા, નીતા પારેખ, છાયા વજરીયા, ક્રિષ્નામ મણિયાર, મીરા મહેતા, કુ. ખુશી પારેખ વગેરેએ જહેમત ઉઠાવેલ. તેમ મોઢવણિક મહાજન રાજકોટનાં મેનેજર સુરેશ રાજપુરોહિતની યાદી જણાવે છે.

# ભાજપની સ્થાપના પછી ભારતની એકતા, અખંડિતા અને લોકશાહીને મળ્યું : પ્રવકતા રાજુધ્રુવ

## આજે ૬ એપ્રિલના રોજ ભાજપનો ૪૪(૭૪)મો સ્થાપના દિવસ

રાજકોટ,
આગામી ૬ એપ્રિલના રોજ ભાજપનો ૪૪(૭૪)મો સ્થાપના દિવસ છે. ભાજપ સ્થાપના દિવસ નિમિત્તે સૌરાષ્ટ્ર ભાજપના પ્રવક્તા રાજુભાઈ ધ્રુવે પક્ષની અખંડ એકતા યાત્રામાં પ્રદાન આપનારા નાના મોટા તમામ કાર્યકરો અને માર્ગદર્શકોને અભિનંદન સાથે શુભેચ્છા આપી છે. તેમણે કહ્યું છે કે, ૬ એપ્રિલ,૧૯૮૦ (૨૧મી ઓક્ટોબર ૧૯૫૧ ભારતીય જનસંઘ)ના રોજ સ્થપાયેલાં ભારતીય જનતા પક્ષને ૪૪ (જનસંઘ-ભાજપના સંયુક્ત ૭૪) વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે. સક્ષમ નેતૃત્વ અને સમર્પિત કાર્યકર્તાઓના સંકલ્પબળ દ્વારા વિચાર, વિકાસ અને વિશ્વાસ થકી ભાજપે આજે ભારતને વૈશ્વિક સ્તર પર સન્માન સાથે વધુ મજબૂત સ્થાન અપાવ્યું છે.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ સમગ્ર દેશમાં કોંગ્રેસના શાસન દરમિયાન હિન્દુત્વ વિરોધી માનસિકતા ઊભી કરવાના અત્યંત બદઈરાદાભર્યા પ્રયાસો કરવામાં આવ્યા હતા. આવા સમયે જનસંઘ-ભાજપનાં સૂર્યોદયથી દેશની એકતા, અખંડિતા, રાષ્ટ્રવાદ અને લોકશાહીને નવજીવન મળી શક્યું. ઈ.સ. ૧૯૫૨ની સામાન્ય ચૂંટણીમાં લોકસભાની માત્ર ત્રણ બેઠકો મેળવનાર જનસંઘ ૧૯૬૨ સુધીમાં દેશનો પ્રમુખ રાજકીય પક્ષ બની ગયો હતો. ઈ.સ. ૧૯૬૮માં પંડિત દિનદયાળજીનાં નિધન બાદ અટલ બિહારી વાજપાઈજીએ જનસંઘની કમાન સંભાળી અટલ બિહારી વાજપાઈ વિદેશમંત્રી બન્યા હતા. થોડા વર્ષો બાદ જનસંઘના કાર્યકરોએ નભાજપથ એટલે કે ભારતીય જનતા પક્ષની સ્થાપના ૬ એપ્રિલ ૧૯૮૦ના રોજ કરી. ૪૪ (૭૪)વર્ષ બાદ આજે ભાજપ રાષ્ટ્રવાદી વિચારધારા, સુરાજય શાસનપદ્ધતિ અને પરંપરાગત મૂલ્યોની જાળવણી કરનાર વિશ્વનો સૌથી મોટો રાજનૈતિક પક્ષ બની ગયો છે. ઉમાંથી ૩૦૦બેઠકોએ પહોચેલી ભાજપ હવે ૪૦૦ બેઠકો જીતીને કરોડો ભારતીયોના સપનાને સંકલ્પબદ્ધ રીતે પૂર્ણ કરશે.

આ વિરાટ વિભૂતિઓની છત્રછાયામાં અટલ બિહારી વાજપાઈજી અને લાલકૃષ્ણ અડવાણીજી મૂલ્યનિષ્ઠ, નૈતિક, આદર્શ રાજનીતિના પાઠ શીખ્યા. રાષ્ટ્રવાદ, એક ભારત શ્રેષ્ઠ ભારત અને સામાજીક ભાઈચારાની વિચારધારાને આજે કેન્દ્રમાં ભાજપ સરકારના વડાપ્રધાન નરેદ્રભાઈ મોદી અને ગૃહપ્રધાન અમિતભાઈ શાહ તેમજ ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના નેતૃત્વમાં પક્ષના તમામ સનિષ્ઠ કાર્યકર્તાઓ અને અગ્રણીઓ આગળ વધારી રહ્યા છે તેમ અંતમાં રાજુભાઈ ધ્રુવે જણાવી ભાજપ સ્થાપના દિન નિમિત્તે તમામ દેશવાસીઓ – કાર્યકર્તાઓને શુભેચ્છાઓ સાથે અભિનંદન પાઠવ્યા છે.



# વી આઈ એ ક્લાઉડ પ્લે મોબાઈલ ક્લાઉડ ગેમિંગ લોન્ચ કરી

## ક્લાઉડ પ્લે કોઈપણ ડાઉનલોડની જરૂરિયાત વિના એન્ડ્રોઈડ અને આઈઓએસ હેન્ડસેટ પર ઈન્સ્ટન્ટ, શ્રેષ્ઠ ગેમિંગ અનુભવ પૂરો પાડે છે

રાજકોટ
મોબાઈલ-ફર્સ્ટના ચલણના લીધે ભારતમાં ગેમિંગ ઉદ્યોગે જબરદસ્ત પ્રગતિ સાધી છે. ઈન્ડસ્ટ્રી રિપોર્ટ્સ સૂચવે છે કે ગેમિંગ એ દેશમાં એક અબજ ડોલરનું માર્કેટ બની શકે છે અને ગેમિંગ વિશ્વમાં ક્લાઉડ ગેમિંગ નવા શિખરો સર કરશે. કન્ઝ્યુમર્સના સતત વધી રહેલા રસને સંતોષવા અગ્રણી ટેલિકોમ ઓપરેટર ફૈ એ પેરિસમાં હેડક્વાર્ટર ધરાવતી કેરગેમની સાથે મળીને મોબાઈલ ક્લાઉડ ગેમિંગ સર્વિસ – ક્લાઉડ પ્લે લોન્ચ કરી છે. તેના મોબાઈલ ગેમિંગ પ્રપોઝિશનને મજબૂત કરતા ક્લાઉડ પ્લે એક્શન, એડવેન્ચર, આર્કેડ, રેસિંગ, સ્પોર્ટ્સ અને સ્ટ્રેટેજી સહિતના વિવિધ ક્ષેત્રે પ્રિમિયમ એએએ ગેમ્સની વિવિધ પસંદગીઓ પૂરી પાડે છે. આ લોન્ચ કેટલોગમાં આસ્ફાલ્ટ ૯, મોર્ડન કોમ્બેટ ૫, શેડો લાઈટ, સ્ટોર્ બ્લેડ્સ, રિપ્ટાઈડ, બીચ બગી રેસિંગ, ગ્રેવિટી રાઈડર અને ક્લાસિક જેવી કે કટ ધ રોપ, સબવે સર્ફર્સ અને જેટપેક જોયરાઈડ જેવી મોબાઈલ ગેમ સમાવિષ્ટ છે. આગામી સપ્તાહોમાં ગેમ્સની મજબૂત લાઈન અપ રિલીઝ થશે.

ક્લાઉડ પ્લે સબ્સ્ક્રીપ્શન આધારિત સર્વિસ છે જેની કિંમત દર મહિને રૂ. ૧૦૦ (પ્રિપેઈડ યુઝર્સ માટે રૂ. ૧૦૪) છે. યુઝર્સ સબ્સ્ક્રીપ્શન પેક ખરીદતા પહેલા ઈન્ટ્રોડક્ટરી ઓફર તરીકે નિઃશુલ્કપણે આ સર્વિસનું સેમ્પલ લઈ શકે છે. વી આઈ એ ક્લાઉડ પ્લે સાથે ગેમર્સ મલ્ટીપલ ગેમ્સ ડાઉનલોડિંગની ઝંઝટ વિના તરત જ ગેમ રમી શકે છે. તે રિચ ગ્રાફિક્સ સાથેની હાઈ-ફિડેલિટી ગેમ્સ ઓફર કરે છે અને મલ્ટીપ્લેયર ગેમિંગને સપોર્ટ કરે છે જે ન કેવળ ડિવાઈસ મેમરી બચાવે છે પરંતુ વધારાના હેન્ડસેટ અપગ્રેડની જરૂરિયાત પણ દૂર કરે છે જેથી યુઝર્સને મોટાપાયે બચત થાય

# જામનગરમાં ક્ષત્રિયાણીઓ આગ બબુલા : રૂપાલાની ટિકિટ રદ કરવા ઉગ્રમાંગ

## વિશાળ સંખ્યામાં ક્ષત્રિય બહેનો એકત્ર થઈ રહેલી સ્વરૂપે કલેકટરને પાઠવ્યું અવેદન : ટીકીટ રદ નહિ થાય તો વિરુદ્ધમાં મતદાન કરવા શપથ લીધા










તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : ક્ષત્રિય સમાજ વિશે અવ્યહારૂ ટીપણી કરનાર રાજકોટના ભાજપના લોકસભાના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા સામે ક્ષત્રીય સમાજમાં રોષ ભભૂકી રહ્યો છે. ત્યારે ગઈકાલે જામનગરમાં ક્ષત્રિય સમાજના બહેનોએ વિશાળ સંખ્યામાં રેલી કાઢીને જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી તેમની ટિકિટ રદ કરવાની માંગણી કરી હતી. તેમજ રૂપાલાની ટીકીટ રદ કરવામાં નહિ આવે તો મતદાન વિરુદ્ધમાં કરવા તેવા શપથ પણ લીધા હતા. ઉપરાંત બહેનોએ જય ભવાનીના નારા પણ લગાવ્યા હતા.

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલામાં ક્ષત્રિય સમાજ વિશેની અભદ્ર ટીપ્પણી સામે ક્ષત્રિય સમાજમાં ભારે રોષ ફેલાયો છે. અને ગામે ગામ વિરાટ પ્રદર્શન અને આંદોલન થઈ રહ્યા છે. ત્યારે ગઈકાલે જામનગરમાં પણ ક્ષત્રિય સમાજના હજારોની સંખ્યામાં બહેનોની એક વિશાળ રેલી નીકળી હતી, અને જય ભવાનીના નારા લગાવી કલેક્ટર કચેરીએ પહોંચી આવેદનપત્ર પાઠવ્યું હતું. અને પુરુષોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરવાની માગણી સરકાર સમક્ષ પહોંચાડવા રજૂઆત કરી હતી. તેમજ જો રૂપાલાની ટીકીટ રદ નહિ થાય તો મતદાન વિરુદ્ધમાં કરવા શપથ પણ લીધા હતા. વધુમાં રાજપૂત સમાજના મહિલા અગ્રણી નયનાબા જાડેજાએ જણાવ્યું હતું કે સમાજ દ્વારા અનેક વખત રજૂઆતો કરવામાં આવી છતાં પણ સરકાર આ સમાજની લાગણી સમજતી નથી. હવે આ સમાજ આગામી સમયમાં પોતાની ખુમારી બતાવશે જેનો સમય પણ પાકી ગયો છે.

## ખંભાળિયા નજીક ભાતેલ પાસે ટ્રેકટરની ઠોકરે બાઈક ચાલક યુવાનનું કરૂણ મોત

ખંભાળિયા : ખંભાળિયા તાલુકાના વડત્રા ગામે રહેતો એક યુવાન પોતાના બાઈક પર જઈ રહયો હતો ત્યારે ભાતેલ ગામના પાટિયા પાસે એક ટ્રકના ચાલકે બાઈકને હડફેટે લીધું હતું. ચાલકને ગંભીર ઈજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજયું હતું.ખંભાળિયા તાલુકાના વડત્રા ગામે રહેતા દિલીપસિંહ જાડેજા નામના ૪૫ વર્ષના યુવાન બુધવાર તારીખ ૩ ના રોજ રાત્રિના આશરે નવેક વાગ્યાના સમયે તેમના જી.જે. ૩૭ એ. ૦૫૫૧ નંબરના મોટરસાયકલ પર બેસીને જઈ રહ્યા હતા, ત્યારે ભાતેલ ગામના પાટીયા પાસે પહોંચતા આ માર્ગ પર પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક આવી રહેલા એક ટ્રેક્ટરના ચાલક જટુભા અજીતસિંહ જાડેજા (ઉ.વ. ૪૫, રહે. ભાતેલ)એ દિલીપસિંહના મોટરસાયકલ સાથે અકસ્માત સર્જતા તેમને શરીરના જુદા જુદા ભાગોમાં જીવલેણ ઈજાઓ થવા પામી હતી. આથી તેમને ગંભીર હાલતમાં અહીંની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજયું હતું.અકસ્માત સર્જીને આરોપી પોતાનું ટ્રેક્ટર લઈને નાસી છૂટ્યો હોવાનું વધુમાં જાહેર થયું છે. જે અંગે પોલીસે મૃતકના પુત્ર ગીરીરાજસિંહ દિલીપસિંહ જાડેજા (ઉ.વ. ૨૮, રહે. વડત્રા) ની ફરિયાદ પરથી ટ્રેક્ટરના ચાલક જટુભા અજીતસિંહ જાડેજા સામે આઈપીસી કલમ ૨૭૯, ૩૦૪ (અ) તથા એમ.વી. એક્ટની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, તેની અટકાયત કરી લેવામાં આવી હતી. આ અંગે વધુ તપાસ પી.એસ.આઈ. વી.બી. પીઠીયા દ્વારા હાથ ધરવામાં આવી છે.

## જામજોધપુરના ગિંગણી ગામેં બીમારીથી કંટાળી પ્રૌઢ મહિલાનો આપઘાત

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના ગીંગણી ગામેં રહેતી એક પ્રૌઢ મહિલાએ પોતાની તાવની તેમજ લોહી ઉડી જવાની બીમારીથી કંટાળી જઈ પોતાના ઘેર ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી છે.

આ બનાવની વિગત એવી છે કે જામજોધપુરના ગિંગણી ગામમાં રહેતી અને ખેત મજૂરી કામ કરતી જયાબેન રમેશભાઈ વારસાકીયા નામની ૫૫ વર્ષની પ્રૌઢ મહિલા કે જેને જૂની તાવની બીમારી હતી, તેમજ લોહી ઉડી જવાની બીમારી હતી. જે બીમારીથી પોતે તંગ આવી જઈ ગઈકાલે પોતાના ઘેર ગળાફાંસો ખાઈ લીધો હતો. જેથી તેણીનું ઘટના સ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું.

આ બનાવ અંગે મૃતકના પતિ રમેશભાઈ કાંતિભાઈ વારસાકીયાએ પોલીસને જાણ કરતાં જામજોધપુર પોલીસે ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહનો કબજો સાંભળી વધુ તપાસ હાથ ધરી છે.

## લાલપુર બાયપાસ પાસે રસ્તો ઓળંગી રહેલા મહિલાનું રીક્ષાની ઠોકરે મોત

જામનગર : જામનગર નજીક લાલપુર બાયપાસ ચોકડી પાસે ગઈકાલે એક પરપ્રાંતિય મહિલા રસ્તો ઓળંગી રહી હતી ત્યારે તેને એક રિક્ષાના ચાલકે હડફેટે લીધી હતી. જેમાં તેને ગંભીર ઈજાઓ થતાં તેણીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. આ બનાવની જાણ થતાં પોલીસ દોડી ગઈ હતી.આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગર નજીક દરેડ વિસ્તારમાં રહેતા ઉમારાની જમનાપ્રસાદ કુર્મી નામના ૫૦ વર્ષના પ્રૌઢ મહિલા રાત્રેના અરસામાં લાલપુર બાયપાસ ચોકડી નજીકના માર્ગે રસ્તો ઓળંગી રહ્યા હતા, જે દરમિયાન પુર ઝડપે આવી રહેલી જીજે ૧૦ ટી.ઝેડ. ૧૫૦૫ નંબરની ઓટોરિક્ષાના ચાલકે તેઓને હડફેટમાં લઈ લેતાં ગંભીર ઈજા થઈ હતી. આથી તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં ફરજ પરના તબીબે તેઓનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે મૃતકના પુત્ર રાકેશ જમનાપ્રસાદ કુર્મીએ પંચકોષી બી. ડિવિઝન પોલીસ મથકમાં સીએનજી રીક્ષા ચાલક સામે ફરિયાદ નોંધાવતાં પી. એસ. આઈ. સી. એમ. કાંટેલીયાએ મહિલાના મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ કરાવ્યું છે, જ્યારે રીક્ષા ચાલક સામે ગુનો નોંધી તેની અટકાયત કરવા માટેની કાર્યવાહી હાથ ધરી છે.

## સલાયા નગરપાલિકા દ્વારા પખવાડિયે પાણી વિતરણ કરાતા લોકોમાં રોષ ભભૂકયો

સલાયા : દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા તાલુકાના સલાયા ગામમાં હાલ પાણીની વિતરણ વ્યવસ્થા કથળી છે. પહેલા ૧૨ થી ૧૪ દિવસે પાણી વિતરણ કરવામાં આવતું જે હાલ ૧૫ થી ૧૬ દિવસે થતા લોકોને ભારે મુશ્કેલી પડી રહી છે.હાલ પવિત્ર રમઝાન માસ ચાલુ છે તેમજ ગરમીનું પ્રમાણ વધતાં પાણીનો ઉપયોગ પણ વધ્યો હોઈ આ ૧૬ દિવસે પાણી વિતરણ થતાં લોકોને ભારે મુશ્કેલી પડી રહી છે તેમજ સફાઈ બાબતે પણ નગર પાલિકા નબળી પુરવાર થઈ રહી છે.

ઠેર ઠેર ગટરોના પાણી છલકાઈ રહ્યા છે અને કચરાના પણ ઢગલા પડ્યા રહે છે. રમઝાન માસમાં નમાઝ અદા કરવા જતાં મુસ્લિમ ભાઈ બહેનોને રસ્તામાં ગટર છલકાઈ હોઈ મસ્જિદે જવામાં ભારે તકલીફ પાડી રહી છે. આગામી દિવસોમાં મોટા રોઝા તેમજ ઈદ આવી રહી છે. સફાઈ બાબતે પણ નગરપાલિકાએ જાગી અને સખત કામગીરી કરવાની જરૂર છે. પાણી વિતરણ વ્યવસ્થા પણ ૧૦ થી ૧૨ દિવસે થાય તેવી વ્યવસ્થા કરવા લોકોની માંગણી છે. સલાયા વોર્ડ નંબર એકમાં હાઈસ્કુલ ની પાછળના વિસ્તારમાં ૧૬ દિવસ થયા પાણીનું વિતરણ થયું નથી. જેથી આ વિસ્તારમાં ભારે પરેશાની ઊભી થઈ છે.તેમજ સ્ટેશન રોડ વિસ્તારમાં રોડ ઉપર પાણીની લાઈન લીકેજ થઈ હોઈ જે ઘણા દિવસોથી લતા વાસીઓ એ ફરિયાદ કર્યા હોવા છતાં તંત્ર દ્વારા રિપેર કરાઈ નથી.જયાં હજારો લીટર મીઠું પાણી વેડફાઈ રહ્યું છે. તો આ તમામ બાબતે નગરપાલિકા જાગે અને લોકોની માંગણીને સંતોષે એવું લોકો ઈચ્છી રહ્યા છે

## જામ્યુકોના સિટી ઈજનેરને ધમકી આપનાર પૂર્વક કોર્પોરેટરના સમર્થનમાં દલિત સમાજનું આવેદન





તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકાના સિટી ઈજનેરને ધમકી આપવા સંદર્ભે પૂર્વ કોર્પોરેટર દિપુ પારીયા સામે પોલીસ ફરિયાદ નોંધાવ્યા પછી અને જુદા જુદા સમાજ દ્વારા તેનો વિરોધ કરાયા પછી આજે જામનગર શહેરનો દલિત સમાજ તેની વહારે આવ્યો છે, અને જિલ્લા કલેક્ટર કચેરીએ રેલી સ્વરૂપે પહોંચી તેના સમર્થનમાં આવેદનપત્ર આપ્યું છે.

જામનગર જિલ્લા દલિત સમાજના પ્રમુખના લેટરપેડ પર જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી શહેરના દલિત સમાજના અગ્રણીઓએ દીપુ પારિયા સામેની ફરિયાદમાં યોગ્ય તપાસ કરાવવા અને તેની સામે કરવામાં આવેલી ફરિયાદમાં કોઈ તથ્ય નથી અને ખોટી રીતે હેરાન પરેશાન કરવા નો ઈરાદો છે, તેમ જણાવી મહાનગરપાલિકાની ઓફિસમાં રહેલા સીસીટીવી કેમેરા તથા વોઈસ રેકોર્ડિંગ વગેરેની બારીકાઈથી ચકાસણી કરવામાં આવે, તો સત્ય હકીકત સામે આવશે. તેમ જણાવી યોગ્ય તપાસ કરવા માંગણી કરી આવેદન પાઠવવામાં આવ્યું છે.

## જામનગરમાં યુવાનને મહાવ્યથા પહોંચાડવાના કેસમાં બે મહિલા સહિત ચારને ચાર વર્ષની કેદ


જામનગર : જામનગરના બેડી વિસ્તારમાં રિક્ષામાં બેસવા બાબતેની તકરારમાં ૨૦૧૫ ની સાલમાં એક યુવાન પર હુમલો કરી મહાવ્યથા પહોંચાડવા અંગેના કેસમાં બે મહિલા સહિત ચાર આરોપીઓને અદાલતે તકસીરવાન ઠરાવી ચાર - ચાર વર્ષની કેદની સજા ફટકારી છે.

આ કેસની વિગત એવી છે કે જામનગરના બેડેશ્વર વિસ્તારમાં એકડે એક બાપુની દરગાહ પાસે ગત તારીખ ૨.૮.૨૦૧૫ ના દિવસે સોયબ નામના યુવાન સાથે જાવીદ આંબલાની રિક્ષામાં બેસવા બાબતે બોલાચાલી થઈ હતી, અને ફાતમાબેન અજમતભાઈ, આઈસા બેન આંબલા, અજમતભાઈ સફરાજ અને જાવીદ વગેરે એ માર મારી છરી વડે હુમલો કરાયો હતો, અને મહા વ્યથા પહોંચાડવામાં આવી હતી. જે બનાવ અંગે જુબેદાબેન મૂંગીડા એ સિટી બી ડિવિઝન પોલીસ મથકમાં ચારેય આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી હતી.

જે અંગેનો કેસ જામનગરની સેસન્સ અદાલતમાં ચાલી જતાં સરકારી વકીલ પિયુષ પરમાર દ્વારા કરાયેલી રજૂઆત અને મૂકવામાં આવેલા પુરાવા, તેમજ સાક્ષીના નિવેદનો, તથા તબીબની જુબાની વગેરેને ધ્યાને લઈને અદાલતે ચારેય આરોપીઓને મહાવ્યથા પહોંચાડવા અંગેના કેસમાં તકસિરવાન ઠરાવી ચાર-ચાર વર્ષની કેદની સજા અને રૂપિયા પાંચ-પાંચ હજારનો દંડ ફરમાવ્યો હતો. આરોપીઓ દંડની રકમ ભરપાઈ ન કરે, તો વધુ છ મહિનાની સાદી કેદની સજાનો હુકમ કર્યો છે.

## જામનગરમાં એડવોકેટની હત્યા કેસમાં વધુ બે આરોપી પકડાયા : કુલ ૧૦ની ધરપકડ






જામનગર : જામનગરના એડવોકેટની હત્યાના પ્રકરણમાં જિલ્લા પોલીસ વડા દ્વારા સીટની રચના કરાયા બાદ વધુ બે આરોપીઓને ઝડપી લેવાયા છે. આ પ્રકરણમાં કુલ ધરપકડનો આંક ૧૦ નો થયો છે.

જામનગરના બેડી વિસ્તારમાં ગત તા.૧૩ના એડવોકેટ હારૂનભાઈ પલેજાની સરાજાહેર હત્યા કરવામાં આવી હતી. જેમાં મૃતકના ભત્રીજા નુરમામદ પલેજાએ સાયચા ગેંગના ૧૫ શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી. ત્યાર બાદ પોલીસે ગુન્હો નોંધી આરોપીઓને પકડી પાડવા જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ દ્વારા ખાસ સીટની રચના કરવામાં હતી. જે ટિમ દ્વારા સાયચા ગેંગના બશીર, ઈમરાન, સીકંદર, રમઝાન તેમજ દિલાવર કકલ, સુલેમાન કકલ અને કાયદાથી સંઘર્ષિત બે કિશોર સહિત આઠ આરોપીઓએ પકડી પાડ્યા હતા. અને તમામ આરોપીઓને જેલ હવાલે કરાયા છે. દરમ્યાન આ હત્યા પ્રકરણમાં સીટની ટીમ દ્વારા ગઈકાલે વધુ બે આરોપીઓ ગુલામ જુસબ સાયચા અને એજાજ ઉંમર સાયચાની ધરપકડ કરી લેવામાં આવી છે, અને બંનેને રિમાન્ડ પર લેવા કાર્યવાહી હાથ ધરાઈ છે. આ પ્રકરણમાં કુલ ધરપકડનો આંક ૧૦ નો થયો છે હજુ પાંચ આરોપીઓની શોધખોળ ચલાવાઈ રહી છે.

## જામનગર અને લાલપુરમાં દારૂના ૩ દરોડા

### ૨૪ બિયર, ૧૧ ચપટા અને દારૂના ૬ પાઉચ સહિત બેની અટકાયત : બે ફરાર



જામનગર : જામનગર શહેર તેમજ લાલપુરના આરબલુસ ગામે પોલીસે દારૂ અંગેના ત્રણ દરોડા પાડયા હતા. જેમાં બે રહેણાંક મકાનમાંથી દારૂના ચપટા તેમજ બિયરનો જથ્થો કબ્જે કર્યો હતો. તેમજ અન્ય એક દરોડામાં ઈંગ્લીશ દારૂના પાઉચ પકડી પાડયા છે. આ દરોડામાં બે શખ્સોની અટકાયત કરવામાં આવી છે. જ્યારે બેને ફરાર જાહેર કરાયો છે.

જામનગરમાં આશાપુરા મંદિર પાસે આવેલા કુંભારવાડામાં રહેતો મામદ કાસમભાઈ હાલાણી નામનો શખસ દારૂ–બીયર વેચતો હોવાની બાતમી પોલીસને મળી હતી. જેથી તેના રહેણાંક મકાનમાં દરોડો પાડતા સ્થળ પરથી રૂા. ૨૪૦૦ની કિંમતના ૨૪ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. જે પોલીસે કબ્જે કર્યા હતા. જ્યારે આરોપી હાજર મળી આવેલ ન હોય તેમને ફરારી જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

આ ઉપરાંત હાલ જામનગરમાં મયુર ટાઉનશીપ ગેટની બાજુમાં આવેલ શાલીગ્રામ હોટલ પાસે રહેતો અશોક ખીમજીભાઈ ગડારા નામના શખ્સે લાલપુરના આરબલુસ ગામે આવેલા તેમના રહેણાંક મકાનમાં દારૂ છૂપાવ્યો હોય તેવી બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો. જ્યાં મકાનમાંથી ૧૧૦૦ની કિંમતના ઈંગ્લીશ દારૂના ૧૧ ચપટા મળી આવ્યા હતા. જે કબ્જે કરી આરોપી અશોક ગડારાની ધરપકડ કરી હતી. જ્યારે શહેરના હનુમાન ટેકરી વિસ્તારમાં આવેલ ગરબી ચોકની સામે રહેતો મનિષ જેઠાભાઈ વાઘેલા નામના શખ્સની રૂા. ૬૦૦ની કિંમતના ઈંગ્લીશ દારૂના ૬ પાઉચ સાથે પોલીસે ધરપકડ કરી છે.

## મીઠાપુરના ગઢેચી ગામે છોટા હાથીમાંથી ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડયો

### ૧૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ સહિત રૂા. ૧.૭૫ લાખના મુદ્દામાલ સાથે ૩ની અટકાયત



દ્વારકા : દ્વારકા તાલુકાના મીઠાપુર નજીકના ગઢેચી ગામ પાસેથી ગઈકાલે શંકાસ્પદ છોટાહાથીને પોલીસે અટકાવ્યો હતો. જેની તલાશી લેતાં ચોરખાનામાં છૂપાવવામાં આવેલ ઈંગ્લીશ દારૂની બોટલનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે મુદ્દામાલ સાથે ત્રણ શખ્સોની ધરપકડ કરી હતી.

ઓખા મંડળના મીઠાપુર વિસ્તારમાં ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશીના માર્ગદર્શન હેઠળ સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા નાઈટ પેટ્રોલિંગ દરમિયાન ચોક્કસ બાતમીના આધારે ગઢેચી ગામના ચાર રસ્તા પાસેથી પસાર થઈ રહેલું એક છોટા હાથી વાહન અટકાવી અને પોલીસે ચેકિંગ કરતા આ વાહનમાંથી જુદી જુદી બ્રાન્ડની કુલ ૧૦૧ બોટલ વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આથી પોલીસે રૂ. ૪૦,૪૦૦ ની કિંમતના પરપ્રાંતીય શરાબ, રૂપિયા ૧૫,૦૦૦ ની કિંમતના ત્રણ નંગ મોબાઈલ ફોન તથા રૂપિયા ૧,૨૦,૦૦૦ ની કિંમતના છોટા હાથી વાહન મળી કુલ રૂપિયા ૧,૭૫,૪૦૦ ના મુદ્દામાલ સાથે ગાંધીધામ જિલ્લાના રાપર તાલુકાના નવાપરા ફળિયું વિસ્તારમાં રહેતા સંજય ડાયા પરમાર, નાનજી બીજલ વાઘેલા અને દિનેશ અમરશી વાઘેલા નામના ત્રણ શખ્સોને દબોચી લીધા હતા. આ પ્રકરણમાં રાપર તાલુકાના ભીમાસર ગામનો સુરેશ નથુભાઈ સલાણી નામનો શખ્સ પણ સંડોવાયેલો હોવાનું ખુલતાં પોલીસે હાલ તેને ફરાર ગણી, પ્રોહી. એક્ટ હેઠળ ગુનો નોંધી, ધોરણસર તપાસ હાથ ધરી છે.

## ફલ્લા નજીક બાઈક સવાર પિતા પુત્રને કારની ઠોકરે ગંભીર ઈજા

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના નાની લાખાણી ગામમાં રહેતા ધર્મેન્દ્રસિંહ મહિપતસિંહ જાડેજા કે જેઓ પોતાના ૧૫ વર્ષના પુત્ર લક્કીરાજસિંહ જાડેજાને બાઈકમાં પાછળ બેસાડીને જામનગર રાજકોટ રોડ પર ફલ્લા ગામ પાસેથી પસાર થઈ રહ્યા હતા.

જે દરમિયાન જી.જે. -૩ જે.સી. ૧૮૩૯ નંબરની કારના ચાલકે બાઈકને હડફેટમાં લઈ લેતાં અકસ્માત સર્જાયો હતો, અને પિતા પુત્ર બંનેને હેમરેજ સહિતની નાની મોટી ઈજા થવાથી સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માતના બનાવ અંગે પ્રદિપસિંહ જાડેજાએ કારચાલક સામે પંચકોશી એ. ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે કારચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગરમાં ક્રિકેટ મેચ પર સટો રમતા બે શખ્સોની અટકાયત

જામનગર : જામનગર શહેરમાં આઈપીએલની મેચ પર ક્રિકેટનો સટ્ટો રમનારા શખ્સોને પોલીસ દ્વારા પકડવાની કાર્યવાહી અવિરત ચાલુ રાખવામાં આવી છે, જેના ભાગરૂપે ગઈકાલે રાત્રે હવાઈ ચોક વિસ્તારમાંથી બે ક્રિકેટના સટ્ટાખોરોને પોલીસે ઝડપી લીધા છે. અને તેઓ પાસેથી રોકડ રકમ અને મોબાઈલ ફોન વગેરે કબજે કર્યા છે.

જામનગરના હવાઈ ચોક વિસ્તારમાં એક ચાની હોટલ પાસે ટીવીમાં લાઈવ પ્રસારણ નિહાળી ગઈ રાત્રે આઈપીએલની ગુજરાત ટાઈટન્સ અને કિંગ્સ ઈલેવન પંજાબ વચ્ચેની ક્રિકેટ મેચ પર રનફેરનો જુગાર રમી રહેલા બે શખ્સોની સીટી એ. ડિવિઝન પોલીસ દ્વારા અટકાયત કરી લેવામાં આવી છે, અને તેઓ પાસેથી રૂપિયા ૧૫૫૦ ની રોકડ રકમ મોબાઈલ ફોન સહિતનું સાહિત્ય કબજે કરવામાં આવ્યું છે.

# ગોંડલના કમઢીયા ગામ પાસે અકસ્માતમાં બન્ને મિત્રોના મોત

## સાંજે ૬ વાગ્યે ઈન્સ્ટાગ્રામમાં સ્ટેટ્સ મૂક્યું અને રાત્રે ૧૦ વાગ્યા આસપાસ અકસ્માત

ગોંડલ, તા..૦૫

ગોંડલ ના કમઢીયા ગામ પાસે આવેલ મામાદેવ ના મંદિર પાસે ગત રાત્રે ૧૦.૦૦ વાગ્યા આસપાસ બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો જેમાં એક બાઈકમાં સવાર બે મિત્રો ના ઘટના સ્થળે મોત નિપજ્યા હતા અકસ્માત ની ઘટના ને લઈને ૧૦૮ અને શિવમ સાર્વજનિક ટ્રસ્ટ ની એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પોહચી હતી. જેમાં એક યુવાને સાંજે ૬ વાગ્યે ઈન્સ્ટાગ્રામ ની સ્ટોરી માં કેવો દિવસ રે ઊગ્યો, સાંજ પડી પણ મારો ભાઈ ઘેર ના વળ્યો એ ગીત મુકવામાં આવ્યું હતું.




ગોંડલ તાલુકાના કમઢીયા ગામ પાસે આવેલ મામાદેવ ના મંદિર પાસે જેતપુર ના નવાગઢ ગામ ના બે મિત્રો હિતેશ હરિભાઈ મકવાણા ઉ.વ.૧૭ રહે નવાગઢ અને પ્રકાશ ભોવાનભાઈ મેણીયા ઉ.વ.૨૦ રહે સરધારપુર બન્ને મામાદેવ મંદિરે દર્શન કરવા જતાં સમયે મંદિર પાસે બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં નવાગઢ અને સરધારપુર ના બન્ને મિત્રો ના ઘટના સ્થળે મોત નિપજયા હતા જયારે અન્ય બાઈક ચાલક બાઈક મૂકી ફરાર થયા હતા.

ગોંડલ ની ૧૦૮ એમ્બ્યુલન્સ ને પોણા અગિયાર આસપાસ જાણ થતાંજ ૧૦૮ એમ્બ્યુલન્સ ના પાયલોટ કિશનભાઈ અને ઊર્મિ કાનજીભાઈ અને શિવમ સાર્વજનિક ટ્રસ્ટ ની એમ્બ્યુલન્સ ઘટના સ્થળ પર પોહચી બન્ને મૃતક ના મૃતદેહ ને પી.એમ.અર્થે ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અકસ્માતની સમગ્ર ઘટના ને લઈને સુલતાનપુર પોલીસ વધુ તપાસ હાથ ધરી હતી. અકસ્માતમાં મોત થનાર પ્રકાશે ગઈ કાલે સાંજે ૬ વાગ્યે ઈન્સ્ટાગ્રામ માં સ્ટેટ્સ મૂક્યું હતું જેમાં એક બાઈક રોડ પર પડ્યું છે ત્યાર બાદ સ્પીડોમીટર નો વિડિઓ આવે છે અને તેમાં એક ગીત મુકવામાં આવ્યું છે. "રામ એ દહાડે કેવો દિવસ રે ઉગ્યોપ દિવસ રે ઉગ્યો.. સાંજ પડી પણ ભાઈ મારો ઘેર ના વડયોપ ઘેર ના વડ્યો.." આ ગીત નું સ્ટેટ્સ જોવા મળ્યું હતું.

# રાજકોટના ભીલવાસ ચોકના બિલ્ડીંગના ત્રીજા માળે મેડિકલ એજન્સીમાં આગ ભભૂકી : નુકસાન




તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,

રાજકોટના ભીલવાસ ચોકમાં અંબિકા આર્કેડ નામના બિલ્ડીંગના ત્રીજા માળે શીવ મેડીકલ એજન્સીભમાં બપોરે આગ ભભૂકતાં ફાયર બ્રિગેડના ત્રણ બંબા પહોંચ્યાબ હતાં અને આગ બુઝાવવાની કામગીરી કરી હતી. આગ ભભૂકતા ધૂમાડાના ગોટેગોટા નીકળવા માંડતા લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં. આગને કારણે હોસ્પિટલના કામમાં ઉપયોગમાં લેવાતી ચીજવસ્તુ ઓનો મોટો જથ્થો જથ્થો, ફર્નિચર સહિત બળી જતાં મોટી નુકસાની થઇ હતી. આગ શોર્ટ સરકીટથી લાગી હોવાની શક્યતા છે.ત્રીજા માળે દૂકાનમાં આગ લાગતાં આ સ્થનળે લોકોના ટોળા ઉમટ્યા હતા ફાયરની ટીમ આગ ઓળલવા દોડીઆવી હતી. મોટું નુકસાની થયાનું માનવામાં આવે છે. આગને પગલે પીજીવીસીએલ દ્વારા આજુબાજુના વિસ્તારોમાં વીજ લાઇન બંધ કરી દેવામાં આવી હતી. આગથી મોટી નુકસાની થઇ હોવાનું જાણવા મળ્યું હતું. જો કે, કોઇ જાનહાની થઇ નહોતી.

# રાજકોટ સોની બજારના વેપારી રૂ.૨૬.૭૮ લાખનું સોનુ ઓળવી જઇ ધમકી આપી

રાજકોટ,

રાજકોટ શહેરમાં વાણીયાવાડી શેરી નં.૩માં સુરભી એપાર્ટમેન્ટની બી-વીંગમાં રહેતાં અને સોનાના દાગીના બનાવડાવી વેચવાનું કામ કરતાં ચેતનભાઈ અરવિંદભાઈ ઝીંઝુવાડીયા (ઉ.વ.૫૬)નું રૂા.૨૬,૭૮,૪૦૦નું સોનુ પ્રવિણ રવજી અકબરી (રહે. પુષ્કારધામ સોસાયટી, ઓમ એપાર્ટમેન્ટ) ઓળવી ગયાની અને માથે જતાં ધાકધમકી આપ્યાાની એ-ડિવીઝન પોલીસ મથકમાં ફરિયાદ દાખલ થઇ છે.

ચેતનભાઈ ઝીંઝુવાડીયાએ જણાવ્યું છે કે અગાઉ પોતે સોની વેપારીઓની ઓફિસ સંભાળવાનું અને મજૂરીથી સોની કામ કરતા હતા. ૯ મહિનાથી ઘરે જ બજારમાંથી થોડુ થોડુ ફાઈન સોનું ખરીદી ઘરેણાં બનાવી વેપારીઓને વેચવાનું શરૂ કર્યું હતું. નવેક માસ પહેલાં તેના પુત્ર ચિરાગના મિત્ર નિલેશ જોટાંગીયાએ જણાવ્યુંચ કે તે જયાં નોકરી કરે છે તે શેઠ પ્રવિણભાઈ પણ સોનાના દાગીના ખરીદી કરવાનું કામ કરે છે. જો તમારે તેને દાગીના વેચવા હોય તો સંપર્ક કરાવી આપું. જેથી હા પાડતા પ્રવિણભાઈનો સંપર્ક કરાવી આપ્યોજ હતો. જેને કારણે તેને સોની બજારના માંડવી ચોકમાં પલ્લવ પ્લાઝા ચેમ્બરરમાં આવેલી માનસી ગોલ્ડદ નામની ઓફિસે મળ્યાી હતા.તે વખતે પ્રવિણભાઇ મળતા તેને છેલ્લા નવેક માસથી સોનાના દાગીના બનાવવાનો ઓર્ડર લેતા હતા. જે ઓર્ડર પુરો કરી તેની દુકાને દાગીના પરત આપતા હતા. નકકી થયા મુજબ પ્રવિણભાઈ ફાઈન ગોલ્ડા આપતા હતા.

આ રીતે બંને પક્ષો વચ્ચેપ અવાર-નવાર સોનાના દાગીના અને ફાઈન ગોલ્ડગની આપ-લે થતી હતી. હવે તેને પ્રવિણભાઈ પાસેથી રૂા.૨૬.૭૮ લાખનું ફાઈન ગોલ્ડર લેવાનું નીકળતું હતું. જે અવાર-નવાર ઉઘરાણી કરવા છતાં આપ્યું ન હતું. એકાદ મહિના પહેલા પુત્ર સાથે તેની દુકાને ઉઘરાણી કરવા ગયા ત્યારરે કહ્યું કે મારે તમને કોઈ સોનું આપવાનું થતું થી, તમારાથી થાય તે કરી લેજો, ફરીથી સોનું લેવા આવશો તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. અંતે એ-ડિવીઝનમાં જાણ કરતાં પીઆઇ આર. જી. બારોટની રાહબરીમાં પીએસઆઇ બી. એચ. પરમારે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# રાજકોટમાં સગીરાનું અપહરણ કરી દૂષ્કર્મ ગુજારનાર ગેરેજ સંચાલક ઝડપાયો

રાજકોટ,

રાજકોટ શહેરમાં સગીર વાણી છાત્રાને ગેરેજ સંચાલક શખ્સે રસ્તાગમાંથી ગાડીમાં બેસાડી બસ સ્ટેશન પાછળની હોટેલમાં લઇ જઇ અવાર-નવાર શરીર સંબંધ બાંધી લઇ તેમજ કોઇને જાણ કરીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતાં અંતે બાળાએ પરિવારજનોને વાત કરતાં પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે ભોગ બનેલી છાત્રાના વાલીની ફરિયાદ પરથી મુળ ખેરડીના અને હાલ રાજકોટ રહેતાં દિવ?યેશ જીતુભાઇ આસોદરીયા વિરૂધ્ધી આઇપીસી ૩૬૩, ૩૭૬ (૨) (એન), ૫૦૬ (૨) તથા પોક્સો હેઠળ ગુનો નોંધી તેને સકંજામાં લીધો છે. આ બનાવમાં છેલ્લા દોઢ માસ દરમિયાન ભોગ બનેલી બાળા શાળાએ જતી ત્યારે આરોપી દિવ્યેશ પાછળ પાછળ જતો હતો. એ પછી તેણે એક દિવસ બાળાને રસ્તાતમાંથી પોતાની ગાડીમાં બેસાડી લીધી હતી અને બસ સ્ટેશન પાછળની હોટેલમાં લઇ ગયો હતો. જ્યાં તેની સાથે મરજી વિરૂધ્ધત શરીર સંબંધ બાંધી લીધો હતો.

આવુ અવાર-નવાર થયું હોઇ અને જોઇ તેણી કોઇને વાત કરશે તો તેને મારી નાખશે તેવી ધમકી દિવ્યેશે આપી હોઇ બાળાએ કોઇને જાણ કરી નહોતી. પણ હવે હિમ્મ ત કરી ઘરમાં જાણ કરતાં બી-ડિવીઝન પોલીસ સ્ટેશને પહોંચી વાલીઓએ વિગતો વર્ણવતા પીઆઇ સંજયસિંહ એમ. જાડેજા, રાઇટર હીરાભાઇ રબારી, હિતેષભાઇ સારડીયા સહિતે બાળાના વાલીની ફરિયાદ પરથી અપહરણ, બળાત્કાોર, પોક્સો, ધમકી હેઠળ ગુનો નોંધી આરોપી દિવ્યે શ જીતુભાઇ આસોદરીયા (ઉ.વ.૨૩-રહે. હાલ રાજકોટ મોરબી રોડ, મુળ ખેરડી તા. રાજકોટ)ની અટકાયતની કરી હતી.

# રાજકોટમાં મંડળીના સંચાલકે વૃધ્ધ દંપતીને ઉચા વળતરની લાલચ આપી લાખો રૂપિયા ચાંઉ કર્યા

## ફિકસ ડિપોઝિટ કરાવ્યા બાદ પાકતી મુદતે નાણાં નહીં આપી ધમકી આપ્યાની ફરિયાદ

રાજકોટ,

રાજકોટ શહેરના રૈયા રોડ પર વૈશાલીનગરમાં આવેલી મેસન કલબ ક્રેડીટ મંડળીના સંચાલક દંપતિએ ઉચા વળતરની લાલચ આપી વૃધ્ધ દંપતિના લાખો રૂપિયા ચાઉ કરી જઈ છેતરપીંડી આચર્યાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. વૈશાલીનગરમાં જ રહેતા વૃધ્ધ દંપતિએ અલગ અલગ છ ફીકસ ડિપોઝીટ કરાવ્યા બાદ પાકતી મુદતે રૂપિયા ઉપાડવા જતાં સંચાલકોએ ધક્કા ખવડાવી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનું જણાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ, રૈયા રોડ પર વૈશાલીનગરમાં સાગર એપાર્ટમેન્ટમાં રહેતા અરૂણાબેન મનસુખભાઈ પોરીયા (ઉ.૭૫)એ ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે મેસન કલબ ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીનાં ચેરમેન પરાગ અનિલભાઈ સૌલંકી અને ડાયરેકટરં ઉર્મી પરાગભાઈ સોલંકીના નામ આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, તેમના પત્ની હયાત હતા ત્યારે તેમની જ્ઞાતિના પરાગ સોલંકીએ વિશ્ર્વસમાં લઈ તેમની મંડળીમાં રોકાણ કરવાથી તમને સારું વળતર મળશે તેવી લાલચ આપતાં તેઓએ અલગ અલગ છ ફીકસ ડિપોઝીટ કરાવી હતી જેની કુલ રકમ ૩૩.૫૦ લાખ થાય છે. ત્યારબાદ તેમના પતિનું ગત તા.૪-૧૦-૨૦૨૩ના અવસાન થતાં નોમીની તરીકે ફરિયાદીનું નામ લખેલું હોય અને આ ફીકસ ડિપોઝીટની રકમ પાકતી મુદતે લેવા જતાં તેના દીકરા જયેશ સાથે આરોપીએ રકમ પરત આપવા બાબતે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો અને નોમિનીની વિગતો માંગતા તેણે કોઈ વિગતો આપી ન હોય જેથી ફરિયાદીના પુત્રએ જિલ્લા રજિસ્ટ્રાર કચેરીમાં અરજી કરી હતી. ફરિયાદીના જણાવ્યા મુજબ, આરોપીએ તેમની જાણ બહાર અમુક ફીકસ ડીપોઝીટ રિન્યુ કરી નાખી હોય નોમીનીને પણ ફેરવી નાખ્યા હોવાની શંકા તેઓએ દર્શાવી હતી.

બાદમાં ફરિયાદી અને તેના પુત્ર આરોપીની ઓફિસે પાકતા રૂપિયા લેવા માટે જતાં આરોપી પરાગે ઉશ્કેરાઈ જઈ તમારે કોર્ટમાં જવું હોય તો જાવ. તેમ કહી તોછળાઈ ભર્યુ વર્તન કરી પુત્રને ધક્કો મારી પછાડી દીધો હતો. 'હવે જો મંડળીએ ફરી વાર આવશો તો જીવતા નહીં રહો' તમારા જેવા કેટલાય આવે અને જાય એમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાદમાં ચારેક દિવસ પહેલા રાત્રિના સમયે પરાગ સોલંકી અને તેની પત્ની ઉર્મિએ તેના ઘરે આવી ફરિયાદી અને તેના પુત્ર જયેશને કહેલું કે 'હવે પાંચ વર્ષ સુધી આ રૂપિયા ભુલી જજો, તમને મા-દિકરાને રજિસ્ટારમાં અને પોલીસમાં અરજી કરવાની ટીવ છે હવે બીજે કયાંય અરજી કરી તો બાકીના પૈસા અને જીવ પણ ગુમાવી દેશો.' તેવી ધમકી આપી હતી. જેથી તેઓએ ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પીએસઆઈ એન.વી.હરિયાણીએ મેશન ક્રેડીટ મંડળીના સંચાલક દંપતિ સામે છેતરપીંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના લોધેશ્વર સોસાયટી-૨માં પતિના વિયોગમાં પત્નિનો ઝેરી દવા પી આપઘાત

રાજકોટ,

રાજકોટના લોધેશ્વર સોસાયટી-૨માં મહાદેવના મંદિર પાસે રહેતી વર્ષાબેન ભાવેશભાઇ ઝરીયા (ઉ.વ.૨૮) નામની મહિલાએ પતિના વિયોગમાં ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. કરૂણતા એ છે કે એક મહિના પહેલા પિતાની છત્રછાંયા ગુમાવનારી દિકરીએ હવે માતા પણ ગુમાવી દેતાં અરેરાટી વ્યાતપી ગઇ છે.



જાણવા મળ્યા મુજબ વર્ષાબેને ગઇકાલે ઝેરી દવા પી લેતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પરંતુ તેનો જીવ બચી શક્યો નહોતો. બનાવની જાણ થતાં માલવીયાનગર પોલીસ મથકના એએસઆઇ કે. યુ. વાળાએ જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનાર વર્ષાબેનના પતિએ એક મહિના પહેલા જ ઝેર પી આપઘાત કર્યો હોઇ ત્યા રથી તેણી ગુમસુમ રહેતી હતી. પતિના વિયોગમાં તેણીએ પણ ઝેર પી લેતાં મોત થયું હતું. તેણીને સંતાનમાં એક પુત્રી છે.

# રાજકોટ શહેરમાં વધુ ૧૦૧ વેપારી પાસેથી ૮.૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત

## મનપાની ટીમે પ્લાસ્ટિક વેંચતા અને ગંદકી કરનારને ૩૦ હજારનો દંડ કર્યો



રાજકોટ,

રાજકોટ મહાપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્મમેન્ટ) રૂલ્સ?-?૨૦૨૧ અન્વયે ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ( વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં આજે તા.૫ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૧૦૧ વેપારીઓ પાસેથી ૮.૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૯૮૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યોઆ હતો. ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરશ્રી આનંદ પટેલની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી સ્વપ્નિલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરશ્રીના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસર?હાજરીમાં સેનેટરી ઈન્પેકટર/ સેનેટરી સબ ઈન્પે. દ્વારા કરવામાં આવેલ.

# રાજકોટના સામાકાંઠા વિસ્તારમાં સ્કૂલે જતી વિદ્યાર્થીની પર નિર્લજ્જ હુમલો

## એક્ટિવામાં આવેલી ત્રિપુટીનું કૃત્ય : છાત્રાના મામા સાથે ઝપાઝપી : એક આરોપીને પકડી પોલીસને હવાલે કરાયો

રાજકોટ,

રાજકોટના સામાકાંઠા વિસ્તારમાં સ્કૂલે જતી વિદ્યાર્થીનીને બાઇકમાં ધસી આવેલા શખ્સે ગાળો આપી છેડતી કરી હતી અને પોલીસે તેની ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું હતું.ત્યારે ફરી એકવાર સામાકાંઠા વિસ્તારમાં સાંજના સમયે સ્કૂલેથી ત્રણ વિદ્યાર્થીનીઓ સાથે સાયકલ લઈ ઘરે આવી રહી હતી ત્યારે પાછળથી એક્ટિવામાં ધસી આવેલા ત્રણ લુખ્ખાઓએ એક વિદ્યાર્થીનીને આંખથી ઈશારા કરી ગાળો આપી હાથ પકડી છેડતી કરી હતી.બહેનપણીને છોડાવવા વચ્ચે પડેલ સગીરાને પણ માથાના વાળ પકડી શરીરે અડપલાં કરી ધક્કો મારી પાડી દેતાં તેની પાછળ આવતાં સગીરાના કાકા સાથે પણ ઝપાઝપી કરી હતી. બનાવ વખતે એક આરોપી સોહિલ સોલંકીને પકડી પોલીસના હવાલે કર્યો હતો જ્યારે અન્ય બે શખ્સોને પણ બી ડિવિઝન પોલીસે પકડી પોસ્કો,મારામારી અને છેડતી સહિતની કલમ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

વધુ વિગતો મુજબ,સામાકાંઠા વિસ્તારમાં રહેતાં મહિલાએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે સાહિલ પ્રકાશ સોલંકી (રહે.વેલનાથપરા શેરી નં.૨), મહેન્દ્ર મનોજ સોલંકી અને મયુર મનોજ સોલંકી (રહે.બંને ગણેશનગર,મોરબી રોડ) નું નામ આપતાં બી ડિવિઝન પોલીસે આરોપી વિરુદ્ધ પોસ્કો, છેડતી,મારામારી સાહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

મહિલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,તેમની ભાણેજ તેમના ઘરે રહી ધો.૯ માં અભ્યાસ કરતી હતી.દરરોજ તે બપોરના ૧૨ વાગ્યે સાયકલ લઈ સ્કૂલે જતી અને સાંજના છ વાગ્યે તેણી તેના ભાઈ અને અન્ય વિદ્યાર્થીની સાથે પરત ફરતી હતી. ગઈકાલે પણ તે બપોરના સ્કૂલે ગયાં બાદ તેના ભાઈ અને બહેનપણી સાથે સાંજે છ વાગ્યે સ્કૂલથી સાયર્કલ લઈ પરત આવતી હતી ત્યારે સ્કૂલથી આગળ પહોંચતા પાછળથી ટ્રિપલ સવારી એક્ટિવામાં ધસી આવેલા શખ્સોમાંથી આરોપી મહેન્દ્રએ સગીરાને આંખથી ખરાબ ઈશારા કરી ગાળો આપી હતી.તેમજ સાહિલે હાથ પકડી છેડતી કરી હતી.ત્યારે સાથે રહેલ સગીરાની બહેનપણીએ તેને છોડાવવા વચ્ચે પડતાં તેને પણ માથાના વાળ પકડી અડપલાં કરી ધક્કો મારી પાડી દેતા બાળાઓ ગભરાઈ ગઈ હતી.દરમિયાન તેની પાછળ આવતાં સગીરાના કાકાએ દોડી જઈ છોડાવવા જતાં આરોપીએ તેમની સાથે ઝપાઝપી કરી હતી.બાદમાં આરોપીઓ ભાગવા લાગતા સાહિલ નામના શખ્સને પકડી પોલીસને હવાલે કર્યો હતો.આ બનાવ અંગેની ફરિયાદ પરથી બી ડિવિઝન પોલીસના પીઆઇ એસ.એમ.જાડેજાની રાહબરીમાં ગુનો નોંધી પીએસઆઇ કે.ડી.મારૂ અને ટીમે આરોપીને સકાંજામાં લીધાં હતાં.